ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# શ્રી સારસ્વત

મુખપત્ર

Published on 28th Every Two Month



ડૉ. નિરવભાઈ ઠક્કર

## NEP 2020

### National Curriculum Framework 2023



વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/- છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૨૦ અંક : ૩/૪ સળંગ અંક : ૨૦૯/૨૧૦ જૂન / જૂલાઈ - ૨૦૨૫

: અધ્યક્ષ :
**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર

: પ્રમુખ :
**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ

## ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ મંગળવાર

સારસ્વત મિત્રો,

નમસ્કાર,

ભારતના યશસ્વી વડાપ્રધાન માનનીયશ્રી, નરેન્દ્રભાઈ મોદી સાહેબનો આગામી ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ જન્મદિન હોવાથી તેને યાદગાર બનાવી રાષ્ટ્રને મદદરૂપ થવા માટે સમગ્ર રાજ્યમાં તારીખ : ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫, મંગળવારના રોજ રાજ્યના જુદા જુદા તાલુકા - જિલ્લા લેવલે અંદાજે ૩૫૦ થી વધુ સેન્ટરો પર 'બ્લડ ડોનેશન' કેમ્પનું આયોજન કરલે છે. આ આયોજનને સફળ બનાવવા માટે મદદગાર પરિવાર, આપણો સંઘ તથા રાજ્યના તમામ અન્ય સંઘો સાથે રહી વર્લ્ડરેકોર્ડ કરવાનું નક્કી કરેલ છે. જેમાં આપણે એકલાખ જેટલી બ્લડબોટલની સંખ્યા નિર્ધારીત કરેલ છે. તો ચાલો, આપણે સૌ સાથે મળી દરેક ગામ, શહેર, મહોલ્લા, સામાજિક સંસ્થાઓ, કોલેજો, શહેરની સોસાયટીઓ, એપાર્ટમેન્ટ વગેરે જગ્યાએ પહોંચી સંપર્ક કરી આ સેવાયજ્ઞમાં આપણું યોગદાન આપીએ.


આપણે સૌ જાણીએ છીએ કે આપણાં રાજ્યમાં અને રાજ્યોમાં પણ બ્લડનો સ્ટોક પૂરતાં પ્રમાણમાં ઉપલબ્ધ હોતો નથી જેના કારણે દર્દી અને પરિવારને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. આપણે સૌ જો આપણી ઉંમર કે કોઈ મેડિકલ કારણસર બ્લડડોનેટ કરી શકતા નથી તો આપણી શાળાનાં દરેક કર્મચારી પાંચ એવા વ્યક્તિગત સંપર્ક કરીને નજીકના બ્લડ ડોનેશન સેન્ટર ઉપર લઈ જઈ બ્લડ ડોનેશન કરાવીએ...

આ એક મોટો સમાજનો સાવયજ્ઞ છે તો અમે આશા રાખીએ આપણે સૌ આપણી એકતાના દર્શન કરાવી લક્ષને પાર પાડીએ...





# "રક્તદાન મહાનદાન" નું સ્વપ્ન સાકાર કરીએ...




આપના,

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર
મો. ૯૪૨૬૫૦૯૨૨૬

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
મો. ૭૮૭૪૮૦૪૪૦૪

**: મહામંત્રી :**

**ઉત્તર ઝોન**
**શ્રી ભરતભાઈ એમ. ચૌધરી**
શ્રીમતી તા.ર.કૂ શાહ સાર્વ. હાઈસ્કૂલ,
માણેકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર
મો. ૯૯૨૪૩૩૫૨૧૦

**મધ્ય ઝોન**
**શ્રી કેતનભાઈ ચંદુલાલ પટેલ**
આર. કે. વિદ્યાલય,
પટેલાદ, જિ. આણંદ
મો. ૭૬૯૮૪૩૫૨૩૫

**દક્ષિણ ઝોન**
**શ્રી નિતેષકુમાર એસ. પટેલ**
શ્રી ડી.કે. પટેલ સાર્વ હાઈસ્કૂલ,
થુવાવી, તા. ડભોઈ, જિ. વડોદરા
મો. ૯૪૨૮૧૧૬૬૮૯

**સૌરાષ્ટ્ર ઝોન**
**શ્રી સુનિલકુમાર સી. બરોચિયા**
આર.એલ. અમૃતિયા હાઈસ્કૂલ,
ગોંડલ ત્રાકુડ, સ્મિત ગણેશ નગર, ગોંડલ
મો. ૯૮૭૯૫૩૩૦૬૯

# શ્રી સારસ્વત

"न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते "

**કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,**

**હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર**

**www.shreesaraswat.com**

**વર્ષ : ૨૦ અંક-૩/૪ સળંગ અંક : ૨૦૯/૨૧૦ જૂન/જુલાઈ : ૨૦૨૫ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦**



-: અધ્યક્ષ :-

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**

મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,
જિ. મહીસાગર-૩૮૯૨૬૦
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર
જિ. મહીસાગર
(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬
E-mail : jppatelbjp@gmail.com

-: પ્રમુખ :-

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી
હોમ્સની બાજુમાં, ગાયત્રી
મંદિર રોડ, મહાવીરનગર,
હિંમતનગર, જિ. સાબરકાંઠા
(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪

-: મુખ્ય સંપાદક :-

**શ્રી અમિત પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર
સેકન્ડરી સ્કૂલ
સુખરામનગર,
ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧.
(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨

-: ઉપાધ્યક્ષ :-

**શ્રી હરદેવસિંહ પી. જાડેજા**

ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,
મુ. ધ્રોલ, તા. ધ્રોલ,
જિ. જામનગર
(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩

-: કલ્યાણનિધિ કન્વીનર :-

**શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા**

શ્રી સાવડી હાઈસ્કૂલ,
સાવડી, તા. ટંકારા,
જિ. મોરબી.
(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬

-: અન્વેષક :-

**શ્રી પંકજકુમાર સી. પરમાર**

એન.એમ. વાડિયા (તાતા વાડિયા)
હાઈસ્કૂલ, નાગરોલ. તા. ઉમરગામ,
જિ. વલસાડ-396135.
(મો.) 9825697398

**મહામંત્રી**

| -: ઉત્તર ઝોન :- | -: મધ્ય ઝોન :- | -: દક્ષિણ ઝોન :- | -: સૌરાષ્ટ્ર ઝોન :- |
|---|---|---|---|
| **શ્રી ભરતભાઈ એમ. ચૌધરી** | **શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ** | **શ્રી મિતેષકુમાર એસ. પટેલ** | **શ્રી સુનીલકુમાર સી. બરોચિયા** |
| શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ. હાઈસ્કૂલ માણકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર | આર. કે. વિદ્યાલય, પેટલાદ. જિ. આણંદ | શ્રી ડી. કે. પટેલ સાર્વ. હાઈસ્કૂલ, થુવાવી, તા. ડભોઈ, જિ. વડોદરા. | આર.એલ. અમૃતિયા હાઈ., ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-નગર, ગુંદાળા રોડ, ગોંડલ. |
| (મો.) ૯૯૨૪૩૩૫૨૧૦ | (મો.) ૭૬૯૮૪૩૫૨૩૫ | (મો.) ૯૪૨૮૧૧૬૬૮૯ | (મો.) ૯૮૭૯૫૩૩૦૬૯ |

-: પ્રમુખના મંત્રી :-

**શ્રી પંકજકુમાર આર. પટેલ**

સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, મુ. પો. તા. લુણાવાડા,
જિ. મહીસાગર. (મો.) 9428446720

-: સારસ્વત સહ સંપાદક :-


**શ્રી દિપકકુમાર પી. પટેલ**

લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હા.સે. સ્કૂલ, નવા વાડજ,
અમદાવાદ-380013. (મો.) 9427311939

# અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર



**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ



**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

**સુજ્ઞ સારસ્વત મિત્રો,**

**નમસ્કાર.**

નવા શૈક્ષણિક સત્રના શુભારંભમાં શાળા પ્રવેશોત્સવનું પર્વ બાળકોના કલરવ સાથે શરૂ થયું. પ્રવેશોત્સવ બાદ શૈક્ષણિક સત્રના આયોજન મુજબ શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફની શાળા કક્ષાએ ઘટ હોવા છતાં સંસ્થાના મોભી તરીકે આપણે સૌ આપણી જવાબદારી નિભાવી રહ્યા છીએ. ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ સામેના પડકારો સામે આપણે સૌ એક નીડર લીડર તરીકે વિદ્યાર્થીઓના હિતમાં ઉત્થરદાયિત્વ નિભાવી રહ્યા છીએ તે બદલ સૌ સારસ્વત મિત્રોને અભિનંદન..વંદન.

મિત્રો, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના સૌ હોદ્દેદારોની સંગઠન પ્રત્યેની વફાદારી અને જાગૃતતાને કારણે 6500 જેટલા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની કાયમી ભરતી નજીકના સમયમાં થનાર છે. ખાલી રહેનાર શિક્ષકોની જગ્યાઓ પર પણ જ્ઞાનસહાયક મળી રહે તે માટે આપણે દ્વિસ્તરીય ટેટ સિવાય પણ સ્નાતક/અનુસ્નાતક ઉમેદવાર મળે તે બાબતે સફળ થયા છીએ. ક્લાર્કની કાયમી ભરતી બાબતે આપણને ડિસેમ્બર-2025 સુધીમાં મળી રહે તે બાબતે વહીવટી પ્ક્રિયા ચાલુ છે અને તેમાં આપણને 100% સફળતા મળવાની છે. આઉટસોર્સિંગથી પટાવાળાની ભરતી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા થઈ શકે તે બાબતે પણ વહીવટી પ્રક્રિયા ચાલુ છે અને એમાં પણ આપણે સફળ થવાના છીએ. 90 કરતાં ઓછી સંખ્યા ધરાવનાર શાળાઓને પણ સ્માર્ટબોર્ડ અને કોમ્પ્યુટર મળે તે માટે સરકારશ્રી દ્વારા મંજૂરી મળી છે. 1-4-2005 જૂની પેન્શન યોજનાના ઠરાવ બાદની પ્રક્રિયાના સંદર્ભમાં કેમ્પની તારીખો અને પ્રક્રિયા પણ શરૂ થનાર છે. 1-4-2005 સુધીમાં જાહેરાત આવી ગઈ હોય તેવા કર્મચારીઓ માટે પણ આપણી લડાઈ ચાલુ છે, તેમાં પણ આપણને સફળતા મળવાની જ છે. સંગઠન થકી આપણે છેલ્લા વર્ષોમાં આપણી એકતા થકી ઘણું બધું મેળવી શક્યા છીએ.

મિત્રો, શાળાને લગતા તમામ પ્રશ્નો એ આપણા પ્રશનો સમજીને આપણે સંગઠન થકી રજૂઆતો, રૂબરૂ મુલાકાત, પત્રવ્યવહાર દ્વારા ઉકેલી શક્યા છીએ. આવનાર સમયમાં આપણે આપણા આચાર્ય સંવર્ગના પ્રશ્નોની રજૂઆત કરનાર છીએ. જૂના શિક્ષકની જેમ જૂના આચાર્ય મિત્રો શાળા બદલી શકે, વર્ષોથી મળતું આચાર્ય હાયર એલાઉન્સમાં વધારો કરી તમામ આચાર્યને આચાર્ય એલાઉન્સ મળે, આપણી સીધી ભરતીને બદલે બઢતી ગણી લાભ આપવામાં આવે... મિત્રો, ઉપરોક્ત પ્રશ્નો બાબતે સરકારશ્રીમાં દરખાસ્ત કરી સારસ્વત મિત્રોને આ બાબતોમાં લાભ મળે તે બાબતે હોદ્દેદારો સૌ કટિબદ્ધ છીએ.

- મિત્રો, આપણા પ્રશ્નો, સંગઠન, શાળાઓ સાથે સામાજિક સેવા એ પણ આપણી ફરજ છે. સમાજસેવાના ભાગરૂપે તા. 16-8-2025ના રોજ રાજ્યના તમામ તાલુકામથકે કુલ 350 સેન્ટર પર એક સાથે 'બ્લડ ડોનેશન કેમ્પ' કરી 'ગીનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ' આપણા સૌ સંગઠનો આચાર્ય સંઘ, ગુ.મા.શિ. સંઘ, ઉ.મા.શિ. સંઘ, વહીવટી સંઘ, કર્મચારી મહામંડળ, પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા થનાર છે. તો આપણે સંગઠનની એકતા દ્વારા આ સમાજસેવામાં તન, મન, ધનથી જોડાઈને સંગઠનની તાકાતનો પરિચય આપીએ.
- મિત્રો, આચાર્ય સંઘ દ્વારા ચાલતી આપણા પરિવારના કલ્યાણનિધિ યોજનામાં 3.0 લાખ સહાય આપીએ છીએ. આપણા તમામ મિત્રો આ યોજનામા ંજોડાય તે બાબતે સક્રિય બનીએ.
- આપણા 'શ્રી સારસ્વત' મેગેઝિનમાં આપણી શાળાના વિશિષ્ટ પ્રવૃત્તિઓ તેમજ ઉત્તમ લેખો મોકલીએ.

**''સંઘે શક્તિ કલૌ યુગ''**

**ભારત માતા કી જય...** **જય જય ગરવી ગુજરાત...**

આપના,

**જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

## મહામંત્રીશ્રીનો પત્ર



**ભરતભાઈ ચૌધરી**
મહામંત્રીશ્રી

**આત્મીય સારસ્વત મિત્રો,**

કુશળ હશો જ. કુશળતા ચાહતા કુશળ છીએ. ભગવાન ભોળાનાથની આરાધનાનો માસ એટલે પવિત્ર શ્રાવણ માસ અને તેમાં આવતા રક્ષાબંધન, જન્માષ્ટમી તમામ પર્વની સૌને અંતઃકરણથી શુભકામનાઓ.

મિત્રો, તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકની ભરતી કરવામાં આવેલ છે, તેમ છતાં ઘણી બધી જગ્યાઓ ખાલી છે, જે ભરવા માટે જ્ઞાન સહાયકની પણ જાહેરાત આવી ગઈ છે. આગામી સમયમાં આપણી શાળાઓમાં તમામ ખાલી જગ્યાઓ ભરાય તેવી રાજ્ય આચાર્ય સંઘ દ્વારા સતત મથામણ કરીએ છીએ. મિત્રો, ક્લાર્ક અને પટાવાળાની ભરતી બાબતે પણ સતત ઉઘરાણી કરી રહ્યા છીએ. આશા રાખીએ એ જગ્યાઓ પણ આવનાર સમયમાં ભરાશે. શિક્ષક આચાર્ય સળંગ નોકરી, એનપીએસ ધારક કર્મચારીઓની 300 રજાનું રોકડમાં રૂપાંતર, તા. 01/04/2005 પહેલા નિમાયેલા કર્મચારીઓના વહેલામાં વહેલી તકે જીપીએફ એકાઉન્ટ ખોલવા, 90 કરતા ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓને પણ સ્માર્ટ ક્લાસ તથા કમ્પ્યુટર લેબ, રમતગમતના સાધનોની કીટ વગેરે બાબતો પ્રક્રિયામાં છે; જ્યારે આચાર્યને બીજું ઉપધો, વાહન ભથ્થું તથા હાયર સેકન્ડરી એલાઉન્સમાં વધારો, આચાર્ય તરીકે નિમાતા દરેકને એક ઈજાફો, વર્ગ દીઠ વિદ્યાર્થી સરાસરી સંખ્યામાં ઘટાડો, તા. 01/04/2005 પછીના પણ તમામ કર્મચારીઓને જૂની પેન્શન યોજના, ફિક્સ પે નાબૂદી વગેરે જેવી અનેક બાબતોની માગણી આપણે સતત રાજ્ય સરકાર સમક્ષ કરી રહ્યા છીએ. મિત્રો, મને સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે કે આવનાર દિવસોમાં આપણે સૌ સાથે મળી સંગઠિત રહી સંગઠનની તાકાત થકી ઉપરોક્ત તમામ લાભો મેળવીશું. મિત્રો કેટલાક બની બેઠેલા સલાહકાર અને WhatsApp યુનિવર્સિટીના કુલપતિઓ દરરોજ માત્ર સોશિયલ મીડિયામાં સળગાવવાનું કામ કરે છે. પણ તેમ છતાં એની પરવા કર્યા વગર "કર્મણ્યે વાધિકારસ્તે માફલેશુ કદાચન"માં માની કર્મ કરતા રહીએ છીએ. બીજી બાજુ, કેટલાક તકસાધુ લોકો આપણા મિત્રોને યેન કેન પ્રકારે ગુમરાહ કરી પોતાની સભ્ય સંખ્યા વધારવા માટે હવાતિયાં મારી રહ્યાં છે. પણ આપણે સૌ આચાર્ય છીએ, જ્યોતિર્ધરો છીએ, સમાજને સાચી રાહ બતાવનાર દિશાદર્શકો છીએ, ત્યારે આપણે તો ભૂલા ન જ પડીએ.

મિત્રો, રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓ માટે ઓક્સિજન પૂરો પાડનાર યોજના એટલે માળખાગત સુવિધાઓ માટે સરકારની 80/20 યોજના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તા. 08/08/2025ના પત્રથી જાહેર કરવામાં આવેલ છે. જેમાં કેટલીક અટપટી બાબતો છે પરંતુ આવનાર સમયમાં નડતરરૂપ બાબતો દૂર કરી ખરેખર જરૂરિયાતવાળી તમામ શાળાઓને તેનો તબક્કાવાર મહત્તમ લાભ મળે તે માટે પણ રજૂઆત કરી દીધેલ છે, જે આપ સૌની જાણ સારું.

મિત્રો, આપણે ચાણક્યના વંશજો હોવાનું ગૌરવ લઈએ છીએ ત્યારે ચાણક્યજીએ કહ્યું છે કે "મેં એક શિક્ષક હું મુજે સમાજ ઔર રાષ્ટ્ર કે બારેમેં સોચના હે" આ ઉક્તિને ચરિતાર્થ કરવા સમાજ પ્રત્યે અને રાષ્ટ્ર પ્રત્યેની આપણી ફરજ અદા કરવાનો એક અવસર એટલે 17મી સપ્ટેમ્બરે દેશના યશસ્વી વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવ આપણે અનોખી રીતે ઉજવવા માંગીએ છીએ. ઓપરેશન સિંદૂરને બિરદાવવા દેશના અનેક નાગરિકો અને આપણા લશ્કરના જવાનો માટે રાજ્યના તમામ સરકારી અને ગ્રાન્ટેડ કર્મચારીઓ દ્વારા આગામી 16 સપ્ટેમ્બર 2025ના રોજ સમગ્ર રાજ્યમાં દરેક તાલુકા/એસવીએસ કક્ષાએ એમ 300 કરતાં વધુ કલેક્શન સેન્ટરો પર સામૂહિક "રક્તદાન" યોજી ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવવા જઈ રહ્યા છીએ, ત્યારે આ મહાયજ્ઞમાં આપ સૌ પણ અચૂક આહુતિ આપી યશના ભાગીદાર બનશો જ તેવી અભ્યર્થના સાથે સૌને જય શ્રી કૃષ્ણ.

આપનો, **શ્રી ભરતભાઈ ચૌધરી**
મહામંત્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

**ડૉ. નીરવ એન. ઠક્કર**
આચાર્ય,
એઈએસ-એજી હાયર સેકન્ડરી સ્કૂલ,
અમદાવાદ.

**સ્નેહી સારસ્વત ભાઈઓ-બહેનો,**
**સાદર વંદન.**

આજે આપણે ભારતીય શિક્ષણ ક્ષેત્રે એક નવા યુગની શરૂઆતની સાક્ષીએ ઊભા છીએ. રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 (NEP-2020) અને તેની સાથે સંકળાયેલ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (National Curriculum Framework for School Education - NCF-SE) એ આપણા દેશની શૈક્ષણિક વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન લાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. આ વિશેષાંકના માધ્યમથી, અમે આપ સર્વને આ નવા શૈક્ષણિક દૃષ્ટિકોણની વિસ્તૃત માહિતી પ્રદાન કરવાનો પ્રયાસ કર્યો છે.

ભારત સરકારે  જુલાઈ, 2020ના દિવસે રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020ની જાહેરાત કરી હતી. આ નીતિ એ છેલ્લા 34 વર્ષ પછીનો મહત્ત્વપૂર્ણ શૈક્ષણિક સુધારો છે.  1986 અને 1992ની શિક્ષણનીતિના લાંબા સમયગાળા પછી થયેલ વૈશ્વિક પરિવર્તનોના પડકારો સાથે વિદ્યાર્થીઓને સક્ષમ બનાવવાનો પ્રયાસ આ શિક્ષણનીતિ દ્વારા કરવામાં આવેલ છે.  આ નીતિનો મૂળ ઉદ્દેશ 21મી સદીની જરૂરિયાતોને અનુરૂપ ભારતીય શિક્ષણ વ્યવસ્થાને આકાર આપવાનો છે. આ નીતિમાં પ્રાથમિકથી ઉચ્ચશિક્ષણ સુધીના તમામ સ્તરોને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

NEP-2020 એ શિક્ષણમાં સર્વગ્રાહી, બહુશાખાકીય, અને સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે. તે 5 + 3 + 3 + 4ના નવા શૈક્ષણિક માળખાનો પરિચય આપે છે, જે બાળકોના જ્ઞાનાત્મક, ભાવનાત્મક અને શારીરિક વિકાસના વિવિધ તબક્કાઓને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવેલ છે. આ નીતિ માતૃભાષામાં શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણના એકીકરણ, અને જીવનપર્યંત અધ્યયનની સંકલ્પના પર વિશેષ ભાર મૂકે છે.

**રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખો (NCF-SE) : એક વિસ્તૃત દૃષ્ટિકોણ**

રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ (NCERT) દ્વારા તૈયાર કરવામાં આવેલ National Curriculum Framework for School Education (NCF-SE) એ NEP-2020ના અમલીકરણની દિશામાં એક મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે. આ અંદાજે 600 પાનાંનો વિસ્તૃત દસ્તાવેજ શાળાશિક્ષણના તમામ પાસાંઓને વૈજ્ઞાનિક અને આધુનિક શિક્ષણ પદ્ધતિનો દૃષ્ટિકોણથી સમાવિષ્ટ કરે છે.

NCF-SE એ માત્ર અભ્યાસક્રમનું માળખું નથી, પરંતુ એક સર્વગ્રાહી શૈક્ષણિક ફિલસૂફી છે, જે બાળકોના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને અધ્યયન, અધ્યાપન અને મૂલ્યાંકનની પદ્ધતિમાં આમૂલ પરિવર્તન લાવે છે. આ માળખામાં સામાજિક, ભાવનાત્મક, નૈતિક, સાંસ્કૃતિક, શારીરિક અને જ્ઞાનાત્મક ક્ષમતાઓના વિકાસ પર સમાન ભાર મૂકવામાં આવ્યો છે.

**આ વિશેષાંકનો ઉદ્દેશ્ય**

આ શ્રી સારસ્વત મેગેઝીનના વિશેષાંકનો મુખ્ય ઉદ્દેશ્ય NCF-SEના 600 પાનાંના વિસ્તૃત દસ્તાવેજને ગુજરાતી ભાષામાં સંક્ષિપ્ત અને સુલભ સ્વરૂપે તમારી સમક્ષ રજૂ કરવાનો છે. અમે સમજીએ છીએ કે વ્યસ્ત શૈક્ષણિક વાતાવરણમાં તમામ સારસ્વત મિત્રોને આવા વિસ્તૃત દસ્તાવેજનો અભ્યાસ કરવાનો સમય મળવો મુશ્કેલ છે. આથી અમે આ સમગ્ર માહિતીને વ્યવસ્થિત અને સમજવા યોગ્ય સ્વરૂપે પ્રસ્તુત કર્યો છે.

ગુજરાત સરકાર પોતાનું રાજ્ય અભ્યાસક્રમ માળખું (State Curriculum Framework) તૈયાર કરશે. આ દસ્તાવેજ તમામ આચાર્યો, શિક્ષકો, અને શૈક્ષણિક વહીવટકર્તાઓ માટે એક જરૂરી સંદર્ભ સામગ્રી તરીકે કામ કરશે. ગુજરાત દ્વારા તૈયાર થનાર આ દસ્તાવેજ જે ગુજરાતની આવનારા વર્ષોમાં દશા અને દિશા નક્કી કરશે. જેનો આધાર આ સાથે સામેલ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું જ રહેશે. તમે આ માહિતીનો ઉપયોગ કરીને તમારી શાળાઓમાં નવી શિક્ષણ પદ્ધતિઓનો અમલ કરી શકશો અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં યોગદાન આપી શકશો.

**શિક્ષકો અને આચાર્યોને વ્યાવહારિક લાભ**

આ સંકલિત સામગ્રી તમને ઝડપથી NCF-SEના મુખ્ય મુદ્દાઓને સમજવામાં મદદ કરશે. તમે આ સાથે સામેલ અંકને  સંદર્ભ તરીકે રાખીને તમારા રોજિંદા અધ્યાપન કાર્યમાં નવા શૈક્ષણિક અભિગમોનો સમાવેશ કરી શકશો. આ વિશેષાંકમાં વ્યાવહારિક સૂચનો, અમલીકરણની રીતો, અને વાસ્તવિક ઉદાહરણો પણ સમાવિષ્ટ છે જે તમારા માટે ઉપયોગી રહેશે.

અમે આશા રાખીએ છીએ કે આ સામગ્રી તમારા માટે માત્ર માહિતીપ્રદ નહીં, પરંતુ પ્રેરણાદાયક પણ બનશે. NCF-SEના સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકવાથી આપણે આપણા બાળકોને 21મી સદીના પડકારોનો સામનો કરવા માટે બેહતર રીતે તૈયાર કરી શકીશું.

આ શૈક્ષણિક પહેલ માટે હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખશ્રી ભાનુભાઈ પટેલનો, તેમજ સારસ્વત સંપાદક શ્રી અમિત પંડ્યા અને સહ સારસ્વત સંપાદક શ્રી દિપક પટેલનો પણ જેમેણે આ અંક તૈયાર કરી  આપના સુધી પહોંચાડવામાં મદદરૂપ થયા.  તેમની  આવી નિરંતર અને ગુણવત્તાયુક્ત શૈક્ષણિક પહેલ બદલ અભિનંદન પણ પાઠવું છું.

આ સતત પ્રયાસો અને અનૌપચારિક શૈક્ષણિક ચર્ચાઓ દ્વારા આપણે ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં નવી ઉર્જા અને દિશા લાવી શકીશું. આવા પ્રયાસો આપણા સમાજના ભવિષ્યને ઉજ્જવળ બનાવવામાં અમૂલ્ય યોગદાન આપે છે.

શૈક્ષણિક સુધારાના આ પવિત્ર યજ્ઞમાં,

આપના સહયોગની અપેક્ષા સહ,

**– નીરવ ઠક્કર**

# રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું - 2023

**- ડૉ. નીરવ એન. ઠક્કર**
આચાર્ય, એઈએસ-એજી હાયર સેકન્ડરી સ્કૂલ
(મો.) ૯૮૯૮૬૭૯૪૯૪

## પરિચય

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 (NEP 2020) નો મુખ્ય હેતુ ભારતીય શાળાના શિક્ષણ પ્રણાલીનો સંપૂર્ણ વિકાસ અને રૂપાંતરણ કરવાનો છે.** ભારત દેશનો દરેક વિદ્યાર્થી ભલે તે કોઈપણ ભૌગોલિક, સામાજિક કે આર્થિક પરિસ્થિતિમાં હોય; તેને ઉત્તમ ગુણવત્તાવાળું શિક્ષણ મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે આ નીતિ તૈયાર કરવામાં આવી છે. NEP 2020એ ભારત અને તેની પ્રજાની હાલની અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને શિક્ષણ પ્રણાલીમાં સુધારો કરવાની યોજના બનાવેલ છે.

**આ ઉદ્દેશને સફળ બનાવવા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (National Curriculum Framework for School Education - NCF-SE) કે જેને ટૂંકમાં NCF પણ કહેવામાં આવે છે, તે તૈયાર કરવામાં આવેલ છે.** આ રૂપરેખા શાળાના અભ્યાસક્રમને સુધારવા માટે એક માર્ગદર્શિકા તરીકે કાર્ય કરે છે, જેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર અને અસરકારક શિક્ષણ મળી શકે.

આ પરિવર્તનો લાવવાથી ભારતીય શિક્ષણ વ્યવસ્થા વધુ અસરકારક અને સુદૃઢ બનશે. વિદ્યાર્થીઓને માત્ર અભ્યાસમાં જ નહીં, પરંતુ વ્યક્તિત્વ વિકાસ માટે પણ ઉપયોગી થશે. આ શિક્ષણ પદ્ધતિ દેશના ભવિષ્ય માટે એક મજબૂત પાયો ઊભો કરવામાં મદદ કરશે.

આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા(NCF)માં **'અભ્યાસક્રમ'** શબ્દનો અર્થ માત્ર **અભ્યાસક્રમ**માં લખાયેલ વિષયવસ્તુ કે શાળાના વર્ગખંડમાં અપાતા પાઠ સુધી સીમિત નથી. તેનું લક્ષ્ય શાળામાં વિદ્યાર્થીને મળતા સમગ્ર શૈક્ષણિક અનુભવને એક ચોક્કસ દિશા આપવાનું છે.

**અભ્યાસક્રમ**માં કેટલાક મહત્ત્વનાં પાસાંઓ સામેલ છે જેમ કે :

- **શિક્ષણનાં લક્ષ્યો :** વિદ્યાર્થીઓએ શું શીખવું જોઈએ અને તે શા માટે મહત્ત્વપૂર્ણ છે.
- **શિક્ષણ માટેની યોજના અને વ્યવસ્થા :** અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયાઓ કેવી રીતે ગોઠવવામાં આવશે?
- **શૈક્ષણિક પદ્ધતિઓ :** શિક્ષકો અને વિદ્યાર્થી કેવી રીતે પરસ્પર અધ્યયન-અધ્યાપન કરશે?
- **શાળાનું ભાવાવરણ :** શાળાનું ભાવાવરણ કેવું હોવું જોઈએ?

- **શાળાની સંસ્કૃતિ અને મૂલ્યો :** શાળા કેવી રીતે શિસ્ત, નૈતિકતા અને પરસ્પર સહકારને પ્રોત્સાહિત કરે છે?

શિક્ષણને વાસ્તવિક અને સાર્થક રીતે સુધારવા માટે **આ તમામ પાસાંઓમાં એકસાથે હકારાત્મક ફેરફાર લાવવો જરૂરી છે.** માત્ર પાઠ્યપુસ્તકો અને શિક્ષણ પદ્ધતિઓમાં સુધારા લાવવા પૂરતું નથી; જ્યારે શિક્ષણની **સમગ્ર પ્રકૃતિ અને વિદ્યાર્થીનો શિક્ષણ અનુભવ સુધરશે** ત્યારે જ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ અને વિકાસની તક મળશે.

**શિક્ષક જ આ પરિવર્તનો માટે દીવાદાંડી બની શકે;** અને એ જ કારણથી આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) શિક્ષણને શિક્ષકના દૃષ્ટિકોણથી સમજીને રજૂ કરવામાં આવેલ છે.

આ જ કારણસર આ NCFમાં **વિગતો, સૂચનો અને ઉદાહરણો** સમાવાયાં છે, જેથી **શાળાના દૈનિક અભ્યાસક્રમના સ્તરે** શિક્ષકોનો દૃષ્ટિકોણ અને અભ્યાસક્રમના તત્ત્વો સ્પષ્ટ થાય.

આ ઉદાહરણો શિક્ષકો અને શાળાઓ માટે **બંધનકર્તા નથી,** પરંતુ અહીં આપેલ વિગતોથી, આ NCF વધુ **વ્યવહારુ અને ઉપયોગી** બની શકે છે, જેથી શિક્ષકો તેને સરળતાથી સમજી અને તેનો અમલ કરી શકે.

આ અભ્યાસક્રમ માળખું અને વિગતવાર સમજણ એ માત્ર **શિક્ષકો માટે જ નહીં,** પરંતુ શિક્ષણ સાથે જોડાયેલા તમામ વ્યાવસાયિકો માટે પણ આ **NCFને વધુ ઉપયોગી અને સરળતાથી સમજાય તેવો બનાવવાનો પ્રયાસ છે;** જેથી **શાળાના સંચાલકો, આચાર્યો તેમજ શૈક્ષણિક અને વહીવટી અધિકારીઓ, CRC, BRC, BEOS, (બ્લોક એજ્યુકેશન અધિકારીઓ), શિક્ષકો, શિક્ષણવિદો પરીક્ષા-બોર્ડના સભ્યો તેમજ પાઠ્યક્રમ અભ્યાસ આયોજન અને પાઠ્યપુસ્તક તૈયાર કરતા તજ્જ્ઞો** સુચારુપણે વ્યવહારમૂલક બનાવી શકે. એટલું જ નહિ શિક્ષણમાં સૌથી વધુ રસ અને હિત ધરાવતા **માતા-પિતા, સમાજના સભ્યો અને નિશ્ચિત રૂપે, સ્વયં વિદ્યાર્થીઓ** માટે પણ આ NCFને ઉપયોગી સર્વસ્વીકૃત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ અભ્યાસક્રમ માળખાનો હેતુ શિક્ષણમાં રસ ધરાવતા કે તેને સંલગ્ન દરેક વ્યક્તિને શિક્ષણ કેવું હોવું જોઈએ, શા માટે અપાવું જોઈએ,અને તેઓ તેમાં કઈ ભૂમિકા ભજવી શકે તે અંગેની યોગ્ય સમજણ પૂરી પાડવાનો છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ (NEP 2020)માં દેશના શાળા શિક્ષણમાં ધરખમ ફેરફારો લાવવા માટે એક નવું રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) તૈયાર કરવાની ભલામણ કરવામાં આવેલ છે; તદુપરાંત, આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાના આધારે દરેક રાજ્ય માટે નવું 'રાજ્ય અભ્યાસક્રમ માળખું' (SCF) તૈયાર કરવાની ભલામણ કરી છે. તેનો મુખ્ય મુખ્ય હેતુ આપણી સંઘીય વ્યવસ્થામાં રાજ્યોને વધુ સત્તા આપવાના સિદ્ધાંતને અનુસરવાનો છે. કારણ કે, શિક્ષણ એ કેન્દ્ર અને રાજ્ય - બંને સરકારોની જવાબદારી હેઠળનો વિષય છે. આ નવું રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) એ દેશભરના અભ્યાસક્રમોમાં વિવિધતા તેમજ

કેટલીક બાબતોમાં એકસૂત્રતા લાવવાનો અને પરસ્પર સુમેળ સાધવાનો પ્રયાસ છે, જેથી સમગ્ર દેશમાં શિક્ષણની ગુણવત્તામાં એકરૂપતા જળવાય.

આ જ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને **આજના અને આવનારા ભવિષ્યના તમામ બાળકો માટે તેમજ ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે** એક મજબૂત, સકારાત્મક અને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ પ્રદાન કરતું **રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) અને રાજ્ય અભ્યાસક્રમ માળખાંઓ (SCFs) વિકસાવવાં અત્યંત જરૂરી છે.** આ અભ્યાસક્રમ માળખાંઓ **શૈક્ષણિક રીતે ઉચ્ચ મહત્ત્વાકાંક્ષાઓ ધરાવતાં** હોવાં જોઈએ, પરંતુ તે **વાસ્તવિક જીવનમાં સરળતાથી અમલમાં મૂકી શકાય તેવાં (વ્યવહારુ) પણ હોવાં જોઈએ. દરેક વિદ્યાર્થીને – કોઈપણ પ્રકારના નાત-જાત, ધર્મ કે જાતિ, ભૌગોલિક, સામાજિક કે આર્થિક પરિસ્થિતિના ભેદભાવ વગર – શ્રેષ્ઠ શિક્ષણ મળે અને શૈક્ષણિક પ્રણાલી તરફથી સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થાય** એ તેનું મુખ્ય લક્ષ્ય રહેશે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિના અભ્યાસક્રમનો ધ્યેય એવી શાળા-શિક્ષણપ્રણાલીને વિકસાવવાનો હોવો જોઈએ જે વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય-નિર્માણ કરે અને દરેક વિદ્યાર્થીને સુવિકસિત, સ્વસ્થ, નૈતિક, સર્જનાત્મક, તાર્કિક, સંવેદનશીલ અને કાળજી રાખનાર વ્યક્તિ બનાવે. સાથોસાથ તેમને ઉચ્ચ શિક્ષણને લાયક અને સંતોષજનક રોજગાર માટે પણ સારી રીતે તૈયાર કરે. તેનો ઉદ્દેશ ફક્ત એટલો જ નથી કે બધા વિદ્યાર્થીઓ અધ્યયન કરી માત્ર જ્ઞાનપ્રાપ્તિ કરે, પરંતુ વધુ મહત્ત્વપૂર્ણ એ છે કે તેઓ કેવી રીતે શીખવું તે શીખે (Learning to Learn), જેથી તેઓ આજીવન વિદ્યાર્થી બની શકે અને સતત બદલાતા સમયને અનુકૂળ થવાની ક્ષમતા પણ કેળવે. સૂચિત નવા અભ્યાસક્રમે વિદ્યાર્થીઓને સમાજમાં સાંસ્કૃતિક, આર્થિક અને લોકશાહી રીતે કાર્યશીલ બનવા અને યોગદાન આપવા માટે સક્ષમ અને પ્રેરિત કરવા જોઈએ.

સામાજિક સ્તરે, નવા અભ્યાસક્રમનો મુખ્ય ઉદ્દેશ આપણા સમાજને એક એવા સમાજમાં પરિવર્તિત કરવાનો છે, જે વધુ ન્યાયી, સમાનતાવાળો, માનવતાવાદી, સમૃદ્ધ, ટકાઉ અને ભારતીય મૂલ્યો અને સંસ્કૃતિ સાથે જોડાયેલો હોય. આ અભ્યાસક્રમ ભારતના આર્થિક વિકાસ, સામાજિક ન્યાય અને સમાનતા, સંશોધન અને જ્ઞાનનું નિર્માણ, વૈજ્ઞાનિક અને તકનીકી પ્રગતિ, પર્યાવરણીય સંરક્ષણ અને સાંસ્કૃતિક વારસાની જાળવણી અને સમૃદ્ધિના ક્ષેત્રોમાં વૈશ્વિક સ્તરે સતત પ્રગતિ અને નેતૃત્વને પ્રોત્સાહન આપે. શિક્ષણપ્રણાલીએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે શાળાઓમાં અભ્યાસક્રમની વાસ્તવિક અમલવારી, જેમાં પાઠ્યક્રમની સામગ્રી, શિક્ષણપદ્ધતિ, શાળાનું વાતાવરણ અને સંસ્કૃતિનો સમાવેશ થાય છે. તે સ્પષ્ટપણે આ વ્યક્તિગત અને સામાજિક લક્ષ્યોને સાકાર કરવામાં મદદરૂપ થાય.

### અભ્યાસક્રમની વિષયવસ્તુ

વિશ્વમાં જ્ઞાન ક્ષેત્રે ઝડપભર્યા ફેરફારો થઈ રહ્યા છે. **બિગ ડેટા, મશીન લર્નિંગ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)** તેમજ વૈજ્ઞાનિક અને ટેક્નોલોજીકલ પ્રગતિના કારણે વિશ્વભરનાં નોકરી અને રોજગાર ક્ષેત્રો મૂળભૂત

રીતે પ્રભાવિત થઈ શકે છે. સાથે સાથે વિશ્વભરમાં **વિવિધ ક્ષેત્રોને જોડતા બહુમુખી કૌશલ્યો ધરાવતા માનવ સંસાધનોની માંગ** સતત વધશે - તેમાં **ભાષાઓ, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, વ્યાવસાયિક શિક્ષણ અને કલા સાથે જોડાયેલ કૌશલ્યો ઉપરાંત સહાનુભૂતિ, સંભાળ, અસરકારક પ્રત્યાયન અને નૈતિક વિચારો પર આધારિત તર્કશક્તિ** જેવી માનવીય ક્ષમતાઓનો પણ સમાવેશ થાય છે.

આબોહવામાં થઈ રહેલા અણધાર્યાં પરિવર્તનો, પર્યાવરણની કથળતી જતી હાલત અને ઘટતા જતા કુદરતી સ્રોતને કારણે પર્યાવરણની સ્થિરતા ટકાવી રાખવાની ક્ષમતા ધરાવતા લોકોની માંગમાં પણ વધારો થશે. આગામી સમયમાં, માત્ર પર્યાવરણને ટકાવી રાખવું હવે પર્યાપ્ત નહીં રહે, પરંતુ આપણા ગ્રહને બચાવવા માટે પર્યાવરણનું પુનઃસ્થાપન અને પુનઃનિર્માણ કરવું પણ અનિવાર્ય બનશે.

વ્યક્તિઓનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય તથા તેમની સુખાકારી જીવન-સાફલ્ય માટે અત્યંત આવશ્યક છે. દરેક વિષયના શિક્ષણની સાથે સાથે શારીરિક શિક્ષણ તેમજ આરોગ્ય અને સુખાકારીનું શિક્ષણ પણ વ્યક્તિના સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ માટે નિર્ણાયક છે.

વિદ્યાર્થીઓને બહુ-શાખાકીય શિક્ષણ પ્રાપ્ત કરવું મહત્ત્વપૂર્ણ છે, જેમાં કલા અને હસ્તકલા, શારીરિક શિક્ષણ અને સુખાકારી, વ્યાવસાયિક શિક્ષણ, ભાષાઓ અને સાહિત્ય તેમજ ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયોનો સમાવેશ થાય છે. આ વિષયોનું જ્ઞાન વિદ્યાર્થીઓના તમામ પાસાંઓ અને ક્ષમતાઓના વિકાસને સુનિશ્ચિત કરવામાં મદદ કરશે, અને શિક્ષણને વધુ સર્વગ્રાહી, ઉપયોગી, રસપ્રદ બનશે અને અધ્યેતાને સંતુષ્ટ બનાવવામાં મદદ કરશે.

આજના ઝડપથી બદલાતા વિશ્વમાં સારા સંતુષ્ટ અને ઉત્પાદકીય માનવી બનવા માટે, કેટલીક મુખ્ય ક્ષમતાઓ, મૂલ્યો અને વલણો (21મી સદીની કુશળતાઓ) પણ તમામ વિદ્યાર્થીઓએ વિવિધ અધ્યયન ક્ષેત્રોને સમાંતર મેળવવી જોઈએ. આ ક્ષમતાઓ, મૂલ્યો અને વલણોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

- **વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને પુરાવા આધારિત તેમજ વિશ્લેષણાત્મક વિચારશક્તિ**
- **સર્જનાત્મકતા અને નવાચાર**
- **સૌંદર્યલક્ષી વલણ અને કલા પ્રત્યેનો અભિગમ**
- **અસરકારક મૌખિક અને લેખિત પ્રત્યાયન કુશળતા**
- **બહુભાષિકતા (અનેક ભાષાઓનું જ્ઞાન)**
- **આરોગ્ય અને પૌષ્ટિક આહારનું જ્ઞાન**
- **માનસિક અને શારીરિક તંદુરસ્તી તથા સુખાકારી**
- **સહકાર અને જૂથ-કાર્ય**
- **સમસ્યા નિરાકરણ ક્ષમતા અને તર્કશક્તિ**
- **નૈતિક અને નીતિ-શાસ્ત્રીય વિચારશક્તિ**

- ડિજિટલ સાક્ષરતા, પ્રોગ્રામિંગ અને ગાણિતિક વિચારશક્તિ
- માનવ મૂલ્યો અને બંધારણીય મૂલ્યોનું જ્ઞાન અને આચરણ
- સહાનુભૂતિ, સમાવેશી અને બહુવિધતા (Pluralism)
- મૂળભૂત ફરજો (Fundamental Duties)નું જ્ઞાન
- નાગરિક કૌશલ્યો અને મૂલ્યો
- પર્યાવરણ પ્રત્યે જાગરૂકતા અને સંવેદનશીલતા
- સ્વચ્છતા, આરોગ્ય અને સ્વચ્છતાની આદતો
- સાંસ્કૃતિક સાક્ષરતા અને ઓળખ
- ભારતીય ચેતના અને ગૌરવ સાથે વૈશ્વિક નાગરિક તરીકે પ્રગતિ
- વૈશ્વિક પ્રવાહો, સ્થાનિક સમુદાય, રાજકીય, રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક સ્તરે મહત્ત્વની સમસ્યાઓથી માહિતગારિતા

ઉપરોક્ત **જ્ઞાન, ક્ષમતાઓ, મૂલ્યો અને મનોવલણોના વિકાસને સુનિશ્ચિત કરવા માટે શિક્ષણ પદ્ધતિ વધુ અસરકારક બને, જેમાં બહુવિષયક (multi-disciplinary) અને આંતરવિષયક (inter-disciplinary) અભ્યાસ, અનુભવાત્મક (experiential) શિક્ષણ, ચર્ચા આધારિત અને પ્રવૃત્તિ આધારિત (activity-based) શિક્ષણ પદ્ધતિઓ** દ્વારા વર્ગખંડ શિક્ષણ આપવા વધારાનો સમય અને સ્થાન જરૂરી બને તે માટે વિશેષ વ્યવસ્થા ઊભી કરવી પડે. આ સંદર્ભે, **દરેક વિષયમાં પાઠ્યક્રમનું ભારણ ઘટાડી, માત્ર મૂળભૂત અને જરૂરી બાબતો** પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી બનશે. આનો મુખ્ય હેતુ એ છે કે, આ તમામ પ્રયાસો સાથે મળીને, **વિદ્યાર્થીઓને વિષયોની ઊંડાણપૂર્વકની સમજણ પ્રાપ્ત થશે** અને સાથે સાથે **મહત્ત્વપૂર્ણ ક્ષમતાઓ, મૂલ્યો અને મનોવલણો વિકસાવવાનો અવકાશ મળશે,** જે તેમની સર્વાંગી શૈક્ષણિક વિકાસમાં મદદરૂપ થશે.

### શૈક્ષણિક પદ્ધતિ

વિવિધ વિષયોમાં વિભાવનાઓની અને તેમની આંતરસંબંધોની ઊંડી સમજણ માટે તેમજ ઉપરોક્ત વિવિધ મૂલ્યો વલણો અને ક્ષમતાઓમાં વિદ્યાર્થીઓને સક્ષમ બનાવવા વર્ગખંડમાં શિક્ષણકાર્ય અસરકારક બનાવવું આવશ્યક છે. વિદ્યાર્થીના વયજૂથ મુજબ **અભ્યાસના સ્તર, પરિસ્થિતિ અને શીખવાની કક્ષાને આધારે,** શિક્ષણ પદ્ધતિઓ વિશાળ શ્રેણીની હોવી જરૂરી છે. તેમાં ખાસ કરીને **અનુભવ આધારિત (experiential), એકીકૃત (integrated), પૃચ્છા આધારિત (inquiry-driven), સંશોધન આધારિત (discovery-oriented), ચર્ચા આધારિત (discussion-based), પ્રોજેક્ટ આધારિત (project-based), કલા આધારિત (arts-based), રમતગમત આધારિત (sports-based) અને પ્રવૃત્તિ આધારિત (activity-based) અભિગમો**નો સમાવેશ થાય. આવી શિક્ષણ પદ્ધતિઓ માત્ર વિષયોની સમજણ વધુ ઊંડાણપૂર્વક વિકસાવશે જ નહીં, પરંતુ તે શિક્ષણને વધુ રસપ્રદ પણ બનાવશે.

સામાન્ય રીતે, દરેક વિષયના વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીથી પ્રશ્નોત્તરી, ચર્ચા, તર્ક-વિતર્ક અને લેખન (સર્જનાત્મક લેખન સહિત) ભાષાઓ, પ્રત્યાયન કૌશલ્ય અને તાર્કિક વિચારણા જેવી ક્ષમતાઓનો વિકાસ થશે. આ ક્ષમતાઓ જીવનભર વિવિધ વિદ્યાશાખાઓમાં વિચારોના અસરકારક આદાનપ્રદાન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

શિક્ષણ પદ્ધતિમાં થતા ફેરફારોની સાથે, મૂલ્યાંકન પ્રક્રિયામાં પણ પરિવર્તન આવશે. પરંપરાગત રીતે માત્ર માહિતી અને તથ્યોનાં પરીક્ષણ કરવાને બદલે, હવે મૂલ્યાંકન, વિદ્યાર્થીઓની મૂળભૂત ક્ષમતાઓ અને યોગ્યતાઓને ચકાસવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. ‘મૂલ્યાંકન પ્રણાલી’માં પણ પરિવર્તન લાવવું જરૂરી છે, જેથી મૂલ્યાંકનને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાના ભાગરૂપે કરવામાં આવે. અધ્યયનના આગામી તબક્કા માટે વિદ્યાર્થીઓના પૂર્વ-જ્ઞાનનું મૂલ્યાંકન કરવામાં આવે અને જો તેઓ તૈયાર ન હોય તો તેમને ઉપચારાત્મક શિક્ષણ દ્વારા યોગ્ય મદદ પૂરી પાડવા માટે પણ તેમનું નિયમિત સમયાંતરે મૂલ્યાંકન થવું જોઈએ.

ધોરણ 10 અને 12 ની બોર્ડ પરીક્ષાઓમાં પણ મૂળભૂત સુધારા કરવામાં આવશે. તેમને 'સરળ' બનાવવામાં આવશે. - મહિનાઓના કોચિંગ અને ગોખણપટ્ટીને પ્રોત્સાહન આપવાને બદલે બોર્ડ પરીક્ષાઓનો હવે પછીનો મુખ્ય ઉદ્દેશ સમજણ અને સક્ષમતાઓની પ્રાપ્તિનું મૂલ્યાંકન કરવાનો હશે. બોર્ડ પરીક્ષાઓના 'વધુ પડતા તણાવ'ના પાસાને દૂર કરવા માટે, કોઈપણ શાળાકીય વર્ષ દરમિયાન તમામ વિદ્યાર્થીઓની ઓછામાં ઓછી બે વખત બોર્ડ પરીક્ષાઓ લેવામાં આવશે, અને આ બે પરીક્ષા પૈકી જે પરીક્ષામાં ઉચ્ચતર ગુણ પ્રાપ્ત કરેલ હશે તે માન્ય રાખવામાં આવશે. લાંબે ગાળે, 'શાળા ટર્મ' પછી તરત જ તે સત્રમાં શીખાયેલા વિષયની બોર્ડ પરીક્ષા આપવાની સુવિધા (એટલે કે, 'સેમેસ્ટર-વાઇઝ' અથવા 'ઓન-ડિમાન્ડ' બોર્ડ પરીક્ષાઓ) ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## શાળાનું ભાવાવરણ પ્રણાલીઓ અને સંસ્કૃતિ

વિદ્યાર્થીઓના સમગ્ર અધ્યયનનો અનુભવ ફક્ત અભ્યાસક્રમ, પાઠ્યક્રમની વિષય-વસ્તુ સામગ્રી અને શૈક્ષણિક પદ્ધતિ પર જ નહીં, પરંતુ શાળાની ભાવાવરણ પ્રણાલીઓ અને સંસ્કૃતિ દ્વારા પણ નક્કી થાય છે. શાળાઓની સંસ્કૃતિમાં એ પ્રકારનું પરિવર્તન લાવવામાં આવશે કે જેથી શિક્ષકોને તેમની ભૂમિકાઓ અસરકારક રીતે નિભાવવામાં સુગમતા રહે, અને ખાતરી કરી શકાય કે શાળાના તમામ હિસ્સેદારીનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ સુરક્ષિતતા તથા સલામતી અનુભવે તેવો છે. તેઓ જ્ઞાનાત્મક, ભાવનાત્મક અને શારીરિક રીતે સ્વસ્થ હોય અને શિક્ષણ પ્રક્રિયાને તન્મયતાપૂર્વક માણતા હોય તે જરૂરી છે.

શિક્ષકો, આચાર્ય અને અન્ય શાળા કર્મચારીઓના સકારાત્મક વ્યવહારથી શાળાને પોષક એવાં ભાવાવરણ અને સંસ્કૃતિ વિકસાવી શકાય છે, જે વિદ્યાર્થીઓ માટે આદર્શ બની શકે છે શિક્ષકો અને અન્ય કર્મચારીઓ દ્વારા શાળામાં સમાવેશી સંભાળ અને પોષક પ્રથાઓને અપનાવવાથી વિદ્યાર્થીઓમાં અનુરૂપ મૂલ્યો અને મનોવલણો વિકસાવવામાં મદદ મળી શકે છે. ઉદાહરણ તરીકે,

1. **વિદ્યાર્થીઓની સામાજિક, આર્થિક પાસાંઓની માહિતી જાહેરમાં પ્રદર્શિત ન કરવી.**
2. **જાતિ, લિંગ, ધર્મ, શારીરિક ખોડ-ખાંપણ વિગેરેને લઈને વિદ્યાર્થીઓ સાથે કોઈ ભેદભાવ ન રાખવો.**
3. **સમુદાયની ભાવના વિકસાવવી.**
4. **જ્યાં વિદ્યાર્થીઓની ઘરેલુ ભાષા શાળાની મુખ્ય ભાષાથી અલગ હોય ત્યાં તેમની ઘરેલુ ભાષાનો આદર કરવો.**
5. **પ્રાકૃતિક પર્યાવરણને પોષવું અને વિશેષ મહત્ત્વ આપવું.**
6. **બગાડ કે કચરો ઓછો કરવો અને રિયુઝ તથા રીસાયક્લિંગ કરવું.**
7. **શાળાની ઇમારત અને આસપાસના વિસ્તારોને સ્વચ્છ અને સુવ્યવસ્થિત રાખવા.**

આવી પ્રથાઓ દ્વારા વિદ્યાર્થીઓમાં ઇચ્છનીય મૂલ્યો અને વલણો વિકસાવવામાં મદદ મળશે, જે ફક્ત અભ્યાસક્રમ સામગ્રી દ્વારા એટલી અસરકારક રીતે વિકસાવી શકાતાં નથી.

## શિક્ષકો અને શાળાના તમામ કર્મચારીઓ માટેની માર્ગદર્શિકા

- **આદર્શ બનો :** વિદ્યાર્થીઓ માટે આદર્શ બનીને તેમને સકારાત્મક મૂલ્યો અને વલણો શીખવો.
- **સમાવેશી વલણ :** દરેક વિદ્યાર્થીને સમાનપણે અને સમાવેશી રીતે સંભાળો.
- **પર્યાવરણીય જવાબદારી :** પર્યાવરણને સાચવવા અને કચરો ઘટાડવા માટે પ્રેરણા આપો.
- **સ્વચ્છતા અને સુવ્યવસ્થા :** શાળાના વાતાવરણને સ્વચ્છ અને સુવ્યવસ્થિત જાળવી રાખવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવું.

આ પ્રથાઓ દ્વારા શાળાનું વાતાવરણ વધુ પોષક અને સકારાત્મક બનશે, જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપશે.

## અભ્યાસક્રમમાં પરિવર્તનને અસરકર્તા પરિબળો

આ અભ્યાસક્રમ પરિવર્તનને વ્યવહારક્ષમ બનાવવા માટે આ **રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (NCF)**માં નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખેલ છે :

1. **શિક્ષકો અને શાળાઓની વાસ્તવિકતા** :

- શાળાઓમાં ચાલતી એક શિક્ષક દ્વારા એક કરતાં વધુ ધોરણોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એક સાથે શિક્ષણ કાર્ય કરાવતા હોય તેવી બહુ સ્તરીય શિક્ષણની વ્યાપક હાજરી.
- શિક્ષકોને ઉપલબ્ધ સાધન સંસાધનો, તેમની ક્ષમતાઓ, શૈક્ષણિક પદ્ધતિ અને વાસ્તવિક પરિસ્થિતિઓ.
- શાળા અને વર્ગખંડનું કદ, વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા. શાળા અને જે તે વિસ્તારની સામાજિક પરિસ્થિતિ અને તેમની સંસ્કૃતિ તથા વિદ્યાર્થીઓની સામાજિક આર્થિક પરિસ્થિતિ.

**2. વાસ્તવિકતાથી આદર્શ તરફનો માર્ગ :**

- વર્તમાન પરિસ્થિતિઓમાંથી આદર્શ સ્થિતિ તરફ કેવી રીતે આગળ વધી શકાય તે સંદર્ભે દરેક પગલે આગળ વધવાની યોજના.
- શિક્ષકો અને શૈક્ષણિક પદ્ધતિની ક્ષમતાઓને ધ્યાનમાં લેતાં શૈક્ષણિક સંસાધનોનો ઉપયોગ.

**3. શિક્ષણ પદ્ધતિના વિવિધ હિસ્સેદારોની ભૂમિકા :**

- શિક્ષકો શાળા સંચાલકો, શિક્ષણ સાથે જોડાયેલ વહીવટકર્તાઓ, સંસ્થા વિદ્યાર્થીઓના વાલીઓ અને સમાજનું પ્રતિનિધિત્વ કરતા લોકો, આ તમામ હિસ્સેદારોની ભૂમિકા શું હોઈ શકે તે અંગેનું સ્પષ્ટ માર્ગદર્શન.

**4. શિક્ષણ પ્રણાલીના મુખ્ય પડકારોનો સામનો :**

- શિક્ષણ પ્રણાલીની વાસ્તવિકતાઓને નિ:સંકોચપણે સ્વીકારી અને પડકારોનો નીડર રીતે સામનો કરવો એ શિક્ષકો અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક જીવનમાં વાસ્તવિક ફેરફાર લાવવા માટે આવશ્યક છે.

આ **રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF)** પાંચ ભાગોમાં વહેંચાયેલું છે :

**1. ભાગ A - અભિગમ :**

- શાળા શિક્ષણના વ્યાપક ઉદ્દેશો અને આ ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે વિદ્યાર્થીઓમાં જરૂરી એવાં મૂલ્યો અને વલણો, ક્ષમતાઓ અને કૌશલ્યો તથા જ્ઞાનમાં ઈચ્છિત પરિવર્તનને સિદ્ધ કરવા વિભાગ Aમાં રૂપરેખા રજૂ કરેલ છે. જે વિષયવસ્તુ સામગ્રીની પસંદગી, શિક્ષણ પદ્ધતિઓ (પેડાગોજી) અને મૂલ્યાંકન માટેના સિદ્ધાંતો અને અભિગમો શાળા વિભાગમાં શિક્ષણના ચાર તબક્કાઓ (સ્ટેજીઝ) માટેની તર્કસંગતતા અને યોજનાના સિદ્ધાંતો આપે છે.

**2. ભાગ B - અભ્યાસક્રમ-માળખાની મહત્ત્વની બાબતો :**

- ભાગ B રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (NCF) ના કેટલાક મહત્ત્વપૂર્ણ સર્વસામાન્ય વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરે છે; જેમ કે, ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યો સાથે જોડાણ, મૂલ્ય આધારિત શિક્ષણ, પર્યાવરણ વિશે જાગૃતિ અને સંભાળ, સર્વસમાવેશક શિક્ષણ, વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પરામર્શન અને શાળાઓમાં શૈક્ષણિક ટેકનોલોજીનો ઉપયોગ

**3. ભાગ C - શાળેય શિક્ષણના વિષયો :**

- આ વિભાગમાં શાળામાં શીખવવામાં આવતા તમામ વિષયો માટે અલગ પેટા વિભાગો આપેલ છે. આ દરેક પેટાવિભાગમાં શાળા માનકો, શિક્ષણના તમામ સંબંધિત તબક્કાઓ માટે અધ્યયનના માનકો (Standards) નિર્ધારિત કરવામાં આવ્યા છે, જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

1. **વિષય-વસ્તુની પસંદગી :** દરેક વિષય માટે યોગ્ય અને સંબંધિત વિષયવસ્તુની સામગ્રીની પસંદગી કરવાની માર્ગદર્શિકાઓ
2. **શિક્ષણપદ્ધતિ (Pedagogy) :** વિષયને અનુરૂપ શિક્ષણ પદ્ધતિઓ અને અભિગમો
3. **મૂલ્યાંકન :** વિદ્યાર્થીઓના અધ્યયનનું મૂલ્યાંકન કરવા માટે યોગ્ય પદ્ધતિઓ અને સાધનો

આ વિભાગમાં ફાઉન્ડેશનલ સ્ટેજ (પાયાનો તબક્કો) માટે એક અલગ પેટા-વિભાગ પણ છે, જેમાં બાળકોના પ્રારંભિક વર્ષોમાં શિક્ષણની રૂપરેખા અને માર્ગદર્શિકાઓ આપવામાં આવી છે. પ્રેપરેટરી પ્રારંભિક, મિડલ સ્કૂલ અને માધ્યમિક વિભાગ (ધોરણ 9થી 12), ધોરણ 11 અને 12 માટે વિષયોની રચના અને વિવિધતા પર પણ એક અલગથી પેટાવિભાગ આપેલ છે, જેમાં ઉચ્ચ-માધ્યમિક શિક્ષણમાં વિદ્યાર્થીઓને વિકલ્પરૂપે આપવામાં આવતા વિષયોની શ્રેણી અને યોજના વિશે વિગતવાર માહિતી આપવામાં આવી છે.

આ રીતે, આ પેટાવિભાગો શિક્ષણના દરેક વયજૂથના તબક્કા પ્રમાણે અને વિષય માટે સ્પષ્ટ માર્ગદર્શિકાઓ અને કક્ષાઓ પ્રદાન કરે છે, જે શિક્ષકો અને શૈક્ષણિક વહીવટકર્તાઓને અભ્યાસક્રમના અમલીકરણમાં મદદરૂપ થાય છે.

**૪. ભાગ D - શાળાની સંસ્કૃતિ અને કાર્યપદ્ધતિ** :

આ વિભાગ શાળા સંસ્કૃતિ અને શાળા-કાર્યપદ્ધતિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે સકારાત્મક અધ્યયન ભાવાવરણને સક્રિય કરે છે અને ઇચ્છનીય મૂલ્યો અને વલણોને વિકસાવવામાં મદદ કરે છે. આ ભાગમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે :

1. **સકારાત્મક શાળા સંસ્કૃતિ :** વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય કર્મચારીઓ વચ્ચે પરસ્પર સહકાર, આદર અને સમાવેશની ભાવના વિકસાવવી.
2. **ઇચ્છનીય મૂલ્યો અને વલણો :** વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો, સામાજિક જવાબદારી, અને પર્યાવરણ અંગેની સંવેદનશીલતા જેવા ગુણોને પ્રોત્સાહન આપવું.
3. **શાળા પ્રક્રિયાઓ :** શાળાની દૈનિક પ્રવૃત્તિઓ, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેનું આયોજન કરવું.

**૫. ભાગ E - શાળા પર્યાવરણ** :

જે NCFનો છેલ્લો ભાગ છે, તે શાળા શિક્ષણના એકંદર પર્યાવરણ (ecosystem) માટેની જરૂરિયાતોની રૂપરેખા આપે છે, જે NCF ના ઉદ્દેશોને પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે. જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

1. **શિક્ષકોની ક્ષમતાઓ અને નોકરીની શરતો :** શિક્ષકોના વ્યાવસાયિક વિકાસ, તાલીમ, અને નોકરીની શરતોમાં સુધારો કરવો.

2. **ભૌતિક માળખાગત સુવિધાઓ :** શાળાઓમાં પર્યાપ્ત ભૌતિક સુવિધાઓ (સાધન-સંસાધનો) અને સુરક્ષિત વાતાવરણની ખાતરી કરવી.
3. **સમાજ અને પરિવારની ભૂમિકા :** વિદ્યાર્થીઓના શિક્ષણમાં સમાજ અને પરિવારની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવું.

આ રીતે, ભાગ E શાળા શિક્ષણના સમગ્ર પર્યાવરણને મજબૂત બનાવવા માટેની જરૂરિયાતો અને દિશાઓ સૂચિત કરે છે, જે NCF ના ઉદ્દેશોને સફળતાપૂર્વક પ્રાપ્ત કરવામાં મદદરૂપ થઈ શકે.

## સારાંશ :

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 (NEP 2020) એ દેશના દરેક બાળક માટે શિક્ષણના પરિણામોમાં સુધારો લાવવાનો મહત્ત્વાકાંક્ષી ધ્યેય ધરાવતો નીતિ વિષયક દસ્તાવેજ છે. 1986 માં અગાઉની રાષ્ટ્રીય શિક્ષણનીતિ પ્રકાશિત થયા પછી ત્રણ દાયકાથી વધુ સમય વીતી ગયો છે. આ સમયગાળામાં ઘણાં મોટાં પરિવર્તનો થયાં છે - વસ્તી વિષયક ફેરફારો, શિક્ષણની પ્રવેશ અને સિદ્ધિઓમાં નોંધપાત્ર વૃદ્ધિ, માહિતીની ક્રાંતિ, જ્ઞાનાત્મક ક્ષેત્રો, ન્યુરોસાયન્સ, કોમ્પ્યુટર સાયન્સ, ડીપ લર્નિંગ અને કૃત્રિમ બુદ્ધિમત્તા (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) જેવી બાબતોમાં નોંધપાત્ર વિકાસ થયો છે. આ ઉપરાંત વૈશ્વિક વિવિધ સમસ્યાઓ અને પડકારો, જેવા કે, આર્થિક મંદી (2008), આરોગ્યને લગતા પડકારો/સંકટો (2020) તથા આબોહવા પરિવર્તન અને પર્યાવરણની કથળતી જતી હાલતના પડકારોનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 (NEP 2020)નો ઉદ્દેશ આ તમામ પરિવર્તનોને સકારાત્મક રીતે પ્રતિસાદ આપવાનો છે. જેમાં ૩ વર્ષની વયના બાળકોથી શરૂ કરીને ઉચ્ચ શિક્ષણ સુધીના દરેક સ્તરે શિક્ષણ માટે સ્પષ્ટ ભલામણો રજૂ કરવાનો પ્રયાસ કરેલ છે.

શાળા શિક્ષણના સંદર્ભમાં આ નીતિના કેટલાક મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે :

a. **5+3+3+4 માળખાની રચના :** વિદ્યાર્થીઓના વય જૂથોને ધ્યાનમાં રાખીને શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિ અનુસાર શાળા શિક્ષણને ચાર તબક્કામાં વિભાજિત કરવામાં આવ્યું છે -
   - પાયાનો તબક્કો (Foundational Stage) 3-8 વર્ષના વય-જૂથ માટે, (જુનિ. કે.જી. થી ધો. 2)
   - પ્રારંભિક તબક્કો (Preparatory Stage) 8-11 વર્ષના વય-જૂથ માટે, (ધો. 3 થી ધો. 5)
   - મધ્યમ તબક્કો (Middle Stage) 11-14 વર્ષના વય-જૂથ માટે, (ધો. 6 થી ધો. 8)
   - માધ્યમિક તબક્કો(Secondary Stage) 14-18 વર્ષના વય-જૂથ માટે. (ધો. 9 થી ધો. 12)

b. **પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ECCE) :** આ નીતિમાં પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ECCE) પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. બાળકના સર્વાંગી વિકાસ માટે તેનું પોષણ અને પાયાનું શિક્ષણ અત્યંત મહત્ત્વનાં છે; આ બાબતને સાર્વત્રિક સ્વીકૃતિ મળેલ છે. બાળપણના વિકાસના તમામ પાસાંઓને ધ્યાનમાં રાખીને સર્વગ્રાહી અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે.

c. **પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN) :** રાષ્ટ્રીય શિક્ષણનીતિ પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન હાંસલ કરવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. વાંચન અને લેખન ક્ષમતા અને મૂળભૂત સંખ્યા-ગણન એ કોઈ પણ ઉચ્ચ શિક્ષણ અને આજીવન શિક્ષણ માટે જરૂરી અને અનિવાર્ય પૂર્વશરત તરીકે જોવામાં આવે છે.

d. **અભ્યાસક્રમના ઉદ્દેશો :** ગોખણપટ્ટીને બદલે વિષયોની સૈદ્ધાંતિક સમજ અને વિશ્લેષણાત્મક વિચારસરણી, નિર્ણય લેવાની ક્ષમતા, સર્જનાત્મકતા અને નીતિમત્તા, માનવીય અને બંધારણીય મૂલ્યો જેવા ગુણોના વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે.

e. **બહુવિષયક, સર્વગ્રાહી અને સંકલિત શિક્ષણ :** જ્ઞાનના આંતરસંબંધ સંદર્ભે તેમનું સંકલન અને સુગ્રથિતતા સુનિશ્ચિત કરવા બહુશાખાકીય વિષય અભિગમ માટે વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, કલા, માનવશાસ્ત્ર સાથે જોડાયેલ અન્ય શાખાઓ તેમજ રમતગમતનો સમાવેશ થાય તે મુજબનો અભ્યાસક્રમ અને શૈક્ષણિક પદ્ધતિ તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

f. **પાઠ્યક્રમમાં ઘટાડો :** રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં શિક્ષણ અનુભવજન્ય, સર્વગ્રાહી અને દરેક વિદ્યાર્થીઓ વિચારશીલ બને તે મુજબની શિક્ષણ પદ્ધતિના અસરકારક અમલીકરણ માટે વિષયોને તેમના પાયાની વિષયવસ્તુની જરૂરિયાત મુજબ તેમના મૂળભૂત ઘટકો સુધી મર્યાદિત કરવાની ભલામણ કરવામાં આવેલ છે.

g. **માધ્યમિક કક્ષાએ વિષય પસંદગીમાં લવચીકતા :** રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં ખાસ કરીને માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓને તેમની રુચિ અનુસાર વિષયો પસંદ કરવા વધુ સુગમતા અને પસંદગી આપવાની ભલામણ કરેલ છે, જેમાં શારીરિક શિક્ષણ, કલા અને હસ્તકલા તથા વ્યાવસાયિક કૌશલ્યોના વિષયોનો સમાવેશ થાય તે જરૂરી છે, જેથી વિદ્યાર્થીઓ તેમનું અભ્યાસ આયોજન અને જીવન આયોજન જાતે નક્કી કરી શકે.

h. **વ્યાવસાયિક શિક્ષણ સંકલિત કરવું :** આજે વ્યાવસાયિક શિક્ષણ કોઈક ચોક્કસ સામજિક દરજ્જા સાથે જોડાઈ ગયેલ છે. આ ભેદભાવ દૂર કરી રાષ્ટ્રીય શિક્ષણનીતિ વ્યાવસાયિક શિક્ષણનો કાર્યક્રમોને મુખ્ય પ્રવાહના શિક્ષણમાં સમાવવા પર ભાર મૂકે છે.

i. **બહુભાષાવાદ :** ભારતની બહુભાષી સંસ્કૃતિ અને અનેક ભાષાઓ શીખવાના જ્ઞાનાત્મક લાભોને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય શિક્ષણનીતિ ભારતીય ભાષાઓ સહિત અનેક ભાષાઓ શીખવા પર ભાર મૂકે છે.

j. **ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યો સાથે જોડાણ :** રાષ્ટ્રીય શિક્ષણનીતિનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં ભારતીય હોવાનું ઊંડું ગૌરવ જગાવવાનો છે, જે માત્ર વિચારોમાં જ નહીં, પરંતુ લાગણીઓ,

બુદ્ધિ અને કાર્યોમાં પણ પ્રતિબિંબિત થાય. આ સાથે, એવાં જ્ઞાન, કૌશલ્યો, મૂલ્યો અને વલણોનો વિકાસ કરવાનો છે જે માનવ અધિકારો, દીર્ઘકાલીન (ટકાઉ) વિકાસ અને માનવજીવન તથા માનવની વૈશ્વિક સુખાકારી પ્રત્યે જવાબદાર અને તે માટે પ્રતિબદ્ધ બને. આમ સાર્થક રીતે તે વૈશ્વિક નાગરિકતાને પ્રતિબિંબિત કરે છે. આ રાષ્ટ્રીય શિક્ષણનીતિએ શાળા શિક્ષણ માટે ઉપર જણાવેલ દૃષ્ટિકોણને સાકાર કરવા માટે નવા અને વ્યાપક રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (NCF-SE)ની રચના કરવાની ભલામણ કરેલ છે. આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (NCF-SE)નો હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા શરૂ કરવામાં આવેલ શિક્ષણ પરિવર્તનને આગળ ધપાવવાનો છે. આ સાથે અહીં રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (NCF-SE) નો સારાંશ રજૂ કરાયો છે. તે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (NCF-SE) ના નિર્માણ માટે અપનાવવામાં આવેલા મુખ્ય સિદ્ધાંતોની રૂપરેખા આપે છે.

## 1.1 પ્રારંભિક મુદ્દાઓ :

આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF-SE), જેને સંક્ષિપ્તમાં NCF છે. તેને સમજવા માટે, તેમાં વપરાયેલા મૂળભૂત શબ્દોની સામાન્ય સમજ હોવી જરૂરી છે.

### 1.1.1 અભ્યાસક્રમ (Curriculum) :

અભ્યાસક્રમ એ શૈક્ષણિક હેતુઓ અને ઉદ્દેશોને ધ્યાનમાં લઈને શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતો સંપૂર્ણ સુઆયોજિત અનુભવ છે. અભ્યાસક્રમની રચના કરનાર અને તેને જીવંત બનાવનાર ઘટકો અનેક છે, જેમાં હેતુઓ અને લક્ષ્યો પાઠ્યક્રમ (syllabi), અધ્યયન અને વિષયવસ્તુ સામગ્રી, શૈક્ષણિક પદ્ધતિઓ અને મૂલ્યાંકન, અધ્યયન અને અધ્યાપન સામગ્રી (TLM), શાળાના તેમજ વર્ગખંડના વ્યવહારો, શાળાકીય ભાવાવરણ અને સંસ્થાકીય સંસ્કૃતિ વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

શાળેય શિક્ષણનો અભ્યાસક્રમ અને તેના અમલીકરણમાં આડકતરી બાબતો, જેવી કે, શિક્ષકો અને તેમની ક્ષમતાઓ, માતાપિતા અને સમુદાયની અપેક્ષાઓ અને સહભાગીદારીતા, સંસ્થામાં પ્રવેશની સુલભતાને લગતી બાબતો, સંસ્થાની માળખાગત સુવિધાઓ, ઉપલબ્ધ સંસાધનો, પ્રશાસનિક અભિગમ અને સહાયક માળખાઓનો સમાવેશ થાય છે.

### 1.1.2 અભ્યાસક્રમ રૂપરેખા :

ભારત વિશાળ વિવિધતા અને ગૌરવપૂર્ણ એકતા ધરાવતો દેશ છે. તમામ શૈક્ષણિક અભ્યાસક્રમો (કરિક્યુલમ), દેશની 'વિવિધતામાં એકતા'ની ઊર્જાથી સંચાલિત છે આ ભાવ સમગ્રતાથી પ્રતિબિંબત થવો જોઈએ. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની દૃષ્ટિએ જેમાં શૈક્ષણિક સંસ્થાઓ અને શિક્ષકોને વ્યાપક સ્વાયત્તતા (અભ્યાસક્રમ રચના સહિત) આપવામાં આવેલ છે. તે આ એકતા અને વિવિધતાના સંતુલન દ્વારા પ્રેરિત છે :

રાજ્યોની સાંવિધાનિક જવાબદારી છે કે, તેઓ દરેક બાળકને શ્રેષ્ઠ ગુણવત્તાસભર શિક્ષણ આપે અને તેમની સ્થાનિક આવશ્યકતાઓ અને સંસ્કૃતિના આધારે અભ્યાસક્રમોની રચના કરે.

રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાનો મુખ્ય હેતુ એ છે કે તે દેશના તમામ રાજ્યોને તેમના વિવિધ અભ્યાસક્રમો વિકસાવવામાં મદદરૂપ થાય, સાથે સાથે તેના અમલીકરણથી રાષ્ટ્રવ્યાપી સુસંગતતા અને એકરૂપતા જળવાઈ રહે તથા શિક્ષણની ગુણવત્તા અને સમાનતા સુનિશ્ચિત થાય.

આમ આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાનો ઉદ્દેશ અભ્યાસક્રમોના ઘડતર માટેના માર્ગદર્શક સિદ્ધાંતો, ધ્યેયો, અભ્યાસક્રમ માળખું અને આવશ્યક બાબતો આપવાનો છે આ માળખાને આધારે અભ્યાસક્રમો, શૈક્ષણિક રમકડાં, રમત-ગમત આધારિત અધ્યયન-અધ્યાપન થઈ શકે તેવી શિક્ષણ સામગ્રી, વર્કબુક્સ, પાઠ્યપુસ્તકો અને મૂલ્યાંકન પદ્ધતિઓ, વિગેરે જેવી બાબતો રાજ્યના શિક્ષણ વિભાગો, શિક્ષણ બોર્ડ અને શાળાઓના શિક્ષકો સહિતના સંબંધિત અધિકારીઓ દ્વારા તૈયાર કરવામાં આવશે.

**1.1.3 આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) શું સિદ્ધ કરવા માંગે છે ? :**

આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાનો મુખ્ય ઉદ્દેશ શૈક્ષણિક પદ્ધતિ સહિત અભ્યાસક્રમમાં હકારાત્મક ફેરફારો દ્વારા ભારતની શાળા શિક્ષણ પદ્ધતિમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો છે. વિશેષ રૂપે આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું શિક્ષણમાં માત્ર સિદ્ધાંતો કે વિચારોમાં જ નહીં પરંતુ વ્યાવહારિક પદ્ધતિઓમાં પણ પરિવર્તન લાવવાનું લક્ષ્ય ધરાવે છે. વાસ્તવમાં 'અભ્યાસક્રમ' શબ્દ એક વિદ્યાર્થીને શાળામાં પ્રાપ્ત થતા સમગ્ર અનુભવનો સમાવેશ કરે છે. વ્યાવહારિક પદ્ધતિઓ, માત્ર અભ્યાસક્રમની સામગ્રી અને શિક્ષણ પદ્ધતિઓ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેમાં શાળાનું ભાવાવરણ અને સંસ્કૃતિ પણ સમાવિષ્ટ છે. અભ્યાસક્રમનું આ સર્વાંગી પરિવર્તન છે, જે વિદ્યાર્થીઓના સમગ્ર શિક્ષણ અનુભવોમાં હકારાત્મક બદલાવ લાવવા આપણને સમર્થ બનાવશે.

## 1.2 રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાની રચનાના આધારભૂત સિદ્ધાંતો

રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાએ રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની પરિકલ્પનાને સાકાર કરવા માટે અભ્યાસક્રમ માળખાની રચનામાં કેટલાક આધારભૂત સિદ્ધાંતોને અપનાવ્યા છે.

**(a) શિક્ષણક્ષેત્રના વ્યાવસાયિકો માટે માર્ગદર્શક :**

આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાનો હેતુ શિક્ષણના ક્ષેત્રના **વ્યાવસાયિકો** માટે મૂલ્યવાન માર્ગદર્શિકા બનવાનો છે, પછી ભલે તે પાઠ્યક્રમ કે શૈક્ષણિક વિષય-વસ્તુની સામગ્રી તૈયાર કરનારા હોય અથવા શાળાના શિક્ષકો હોય. તેમાં ઉપયોગમાં લેવાયેલી ભાષા અને રજૂઆતની શૈલી એવી રાખવામાં આવી છે કે તે **વ્યાવસાયિકો** સરળતાથી સમજી શકે અને જે તેમના અનુભવો સાથે સુસંગત હોય.

શિક્ષણના ક્ષેત્રના વ્યાવસાયિકોને ઉપયોગી થાય તે માટે, આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાએ સ્પષ્ટ પરંતુ બંધનકર્તા ન હોય તેવા સૂચનો અને દૃષ્ટાંતોમાં ઊંડાણપૂર્વક ધ્યાન આપ્યું છે, જે ઉપયોગી થઈ શકે,

અને તેમનાં વ્યાવહારિક અનુભવોમાંથી ઉદાહરણોનો ઉપયોગ કરીને સંકલ્પનાઓ અને સિદ્ધાંતોને વધારે સારી રીતે સમજાવી શકાય. શિક્ષણના ક્ષેત્રમાં ઘણીવાર એવી ચિંતા હોય છે કે **'વધારે સ્પષ્ટ હોવાનો'** અર્થ **'નિયત કરનારું'** કે **'બંધકર્તા'** છે જે વ્યાવસાયિકોની સ્વાયત્તતાને છીનવી લે છે. જોકે, આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું એવા દૃઢ વિશ્વાસથી માને છે કે સ્પષ્ટતા એ એક ગુણ છે, જે વ્યાવસાયિકોને એક સારું પ્રારંભિક બિંદુ પૂરું પાડવામાં મદદ કરે છે. તેઓ હંમેશા નવીનતા લાવી શકે છે, તેમને આપવામાં આવેલ સ્પષ્ટતા કે ઉદાહરણોનો ઉપયોગ માત્ર પ્રારંભિક બિંદુ તરીકે કરી શકે, અને જરૂર જણાય ત્યારે કોઈ ચોક્કસ બાબતોમાં તેમના સંદર્ભો અને પરિસ્થિતિઓને અનુરૂપ રીતે તેમાં ફેરફાર કરી શકે છે. આપણા દેશની વાસ્તવિક પરિસ્થિતિઓ દર્શાવે છે કે શિક્ષણના ક્ષેત્રના વ્યાવસાયિકો ઘણીવાર માત્ર શિક્ષણ અંગેના સામાન્ય સિદ્ધાંતો અને વ્યાપક દૃષ્ટિકોણનાં નિવેદનોથી ઘણીવાર ગૂંચવાઈ જાય છે અને દિશાશૂન્ય બની જાય છે.

**(b) વ્યવહારૂ વિચારણાઓ (Pragmatic Considerations)**

આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (NCF) દ્વારા ભારતીય શાળાઓની વાસ્તવિક પરિસ્થિતિઓ જેવી કે;

- શાળાના દિવસ દરમિયાન ઉપલબ્ધ સમય
- મોટાભાગની શાળાઓમાં ઉપલબ્ધ સાધનસામગ્રી
- શિક્ષકોની ઉપલબ્ધતા અને તૈયારી

જેવા પાયાના મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

**આદર્શવાદ અને વ્યવહારવાદ વચ્ચે સંતુલન :**

સામાન્ય રીતે નીતિના ઘડવૈયાઓનો અભિગમ આદર્શવાદી હોય છે. પરંતુ આ NCF એ **જાણી સમજીને આદર્શ અને વ્યવહાર વચ્ચે સુસંગત સંતુલન** જાળવ્યું છે. ઘણા કિસ્સાઓમાં તે **ટૂંકા ગાળે લાગુ કરી શકાય તેવા અને લાંબા ગાળે ટકાઉ રહે તેવા** બંને પ્રકારના ઉકેલો સૂચવે છે.

**વર્તમાન શિક્ષણ પ્રણાલીની "ઝોન ઑફ પ્રોક્સિમલ ડેવલપમેન્ટ (ZPD)"ને અનુરૂપ :**

આમ, સૂચવવામાં આવેલા સુધારાઓ સમગ્ર શિક્ષણ પ્રણાલીના નિકટવર્તી વિકાસના ક્ષેત્ર (ઝોન ઓફ પ્રોક્સિમલ ડેવલપમેન્ટ - ZPD)ની અંદર હોવાની અપેક્ષા રાખવામાં આવેલ છે.

**(c) અધ્યયન માનકો**

આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાએ સ્પષ્ટ અને ચોક્કસ અધ્યયન માનકો (જુઓ 1.4) સ્થાપિત કર્યા છે, જેથી તમામ હિતધારકો – નીતિ-નિર્માતાઓ, શૈક્ષણિક વહીવટકર્તાઓ અને અધિકારીઓ, પાઠ્યક્રમ અને શૈક્ષણિક સામગ્રી-વિષયવસ્તુ તૈયાર કરનારા નિષ્ણાતો, વાલીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમના અપેક્ષિત શૈક્ષણિક પરિણામો અંગે સ્પષ્ટતા લાવી શકાય. શાળા શિક્ષણ એ જાહેર સેવા હોવાથી, આ માપદંડો અંગેની સ્પષ્ટતાથી સમગ્ર શિક્ષણ પ્રણાલીમાં વધુ જવાબદારી અને કાર્યક્ષમતા આવશે તેવી અપેક્ષા છે.

## 1.3 અધ્યયન માનકો (Learning Standards)

શિક્ષણ એટલે માત્ર માહિતી આપવી નહિ, પણ તે એવી પ્રક્રિયા છે જેમાં વિદ્યાર્થીઓ **જ્ઞાન (Knowledge), કુશળતાઓ (Skills), ક્ષમતાઓ (Capacities), માનવીય મૂલ્યો (Values), અને યોગ્ય મનોવલણ (Dispositions)** વિકસાવે છે.

જ્યારે આપણે પાઠ્યક્રમ બનાવીએ ત્યારે સૌથી મોટો પ્રશ્ન ઊભો થાય :

**"વિદ્યાર્થીઓને શું શીખવવામાં આવવું જોઈએ ?"** અથવા **"શું શીખવવું યોગ્ય અને ઉપયોગી છે ?"**

NCF - આ પ્રશ્નોનો જવાબ **અધ્યયન માનકો (Learning Standards)** દ્વારા અપાય છે - વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટે શું અપેક્ષિત છે, તેનાં સ્પષ્ટ માનકો તૈયાર કરેલ છે. આ માનકો (Learning Standards)ની રચના શિક્ષણની સુમેળભરી પ્રવાહિતા જળવાઈ રહે તે પ્રમાણે કરવામાં આવી છે.

શિક્ષણના ધ્યેયોથી અધ્યયન નિષ્પત્તિ સુધી નીચે તરફનો પ્રવાહ

- **શિક્ષણના ધ્યેયો (Aims of Education)**

  ⇓
- **શૈક્ષણિક હેતુઓ (Educational Objectives)**

  ⇓
- **અધ્યયન નિષ્પત્તિઓ (Learning Outcomes)**

  ⇓
- **શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકન પદ્ધતિઓ (Educational Activities and Evaluation methods)**

**આ, અધ્યયન માનકો, અને તેમની સાથે સંકળાયેલી પ્રક્રિયાઓ** :

અભ્યાસક્રમની રચના અને અમલીકરણના વિવિધ ઘટકોનું સંકલન અને એકીકરણ સુનિશ્ચિત કરવા માટે **અધ્યયન માનકો (Learning Standards)** રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાનો કેન્દ્રવર્તી ભાગ છે, જેથી શાળા-શિક્ષણ આપણા બાળકો માટે જે અપેક્ષા રાખે છે તે સિદ્ધ કરી શકાય.

### 1.3.1 **શાળા-શિક્ષણના વ્યાપક ધ્યેયો** :

અધ્યયન માનકો શાળા-શિક્ષણના કેટલાક વ્યાપકપણે સ્વીકૃત થયેલા વિશાળ ધ્યેયોને ધ્યાને રાખી તૈયાર કરેલ છે, જે આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખામાં સ્પષ્ટ કરવામાં આવ્યા છે. આ ધ્યેયો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 દ્વારા પરિકલ્પિત શિક્ષણના દર્શન અને ઉદ્દેશમાંથી તારવવામાં આવ્યા છે.

**તર્કસંગત વિચાર કરવાની શક્તિ અને વ્યક્તિગત સ્વાયત્તતા :**

શાળા શિક્ષણનો પ્રથમ અને અત્યંત મહત્ત્વનો ધ્યેય એ છે કે તે વિદ્યાર્થીઓને એવી ક્ષમતા પ્રદાન કરે કે તેઓ -

**સ્વતંત્ર અને સજગપણે વિચારી શકે**. આ ઉપરાંત વિદ્યાર્થી -

- **તથ્યોનું મૂલ્યાંકન કરવા,**
- **આસપાસના પરિપ્રેક્ષ્યને સમજવા,**
- અને ઉપલબ્ધ **માહિતી આધારિત સમજદારીપૂર્વકના નિર્ણય લેવાની** ક્ષમતા પ્રાપ્ત કરે.

આ પ્રકારના શિક્ષણથી વિદ્યાર્થીઓ માત્ર 'ગોખણપટ્ટી કરીને પરીક્ષામાં લખવા' સુધી મર્યાદિત રહેતા નથી પરંતુ તેઓ જીવનના દરેક ક્ષેત્રમાં **વૈયક્તિક વિચારશક્તિ મુજબ પ્રશ્ન પુછવાની નિષ્ઠા અને વૈવિધ્યમાંથી સાર શોધવાની કુશળતા** સાથે આગળ વધે છે.

**(બ) શારીરિક તેમજ માનસિક આરોગ્ય અને સર્વાંગી સુખાકારી :**

શાળા એ માત્ર વિષયો શીખવાનું સ્થળ નહીં પરંતુ શાળાશિક્ષણ વિદ્યાર્થીઓ માટે એક સર્વાંગી અનુભવ હોવો જોઈએ, જ્યાં બાળક શીખવા ઉપરાંત **સ્વસ્થ જીવનશૈલી, ભાવનાત્મક સંતુલન અને સામાજિક અનુકૂલન અને વૈયક્તિક સુખાકારી** મેળવવા પ્રોત્સાહિત થાય.

શાળા શિક્ષણનું લક્ષ્ય એ હોવું જોઈએ કે વિદ્યાર્થી -

- સ્વસ્થ શીરરિક આદતો વિકસાવે (જેમ કે સ્વચ્છતા, કસરત),
- મનને શાંત અને સક્રિય રાખવાની રીતો શીખે (જેમ કે ધ્યાન, સંગીત, રમતગમત),
- તેમજ આત્મ-સન્માન, સહાનુભૂતિ અને ભાવનાત્મક બુદ્ધિ જેવી ક્ષમતાઓ વિકસાવે.

આ માટે શાળાઓએ શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપરાંત **સકારાત્મક વાતાવરણ, મૂલ્ય આધારિત સામાજિક સંબંધો** અને **સંતુલિત રોજગાર** પણ પૂરાં પાડવાં જોઈએ.

**(ક) લોકશાહી અને સામુદાયિક સહભાગિતા :**

લોકશાહી માત્ર શાસન-વ્યવસ્થાનું એક સ્વરૂપ નથી; તે જીવન જીવવાની એક પદ્ધતિ તેમજ સામુદાયિક સહયોગની ભાવના છે. શાળા શિક્ષણનું ધ્યેય જ્ઞાન, ક્ષમતાઓ, મૂલ્યો અને મનોવલણોનો વિકાસ કરવાનો હોવું જોઈએ, સાથે સાથે તે વિદ્યાર્થીઓને ભારતની લોકશાહી વ્યવસ્થામાં સક્રિય રીતે ભાગ લઈ શકે અને તેમાં યોગદાન આપવા સમર્થ બનાવે. આ એવા નાગરિકોનું નિર્માણ કરવા માટે મહત્ત્વપૂર્ણ છે, જેઓ જાગૃત હોય, સમાલોચનાત્મક વિચારસરણી ધરાવતા હોય અને સામુદાયિક કલ્યાણ માટે સમર્પિત હોય.

**(ડ) આર્થિક ભાગીદારી :**

શાળા શિક્ષણનું ધ્યેય એવાં જ્ઞાન, ક્ષમતાઓ, મૂલ્યો અને મનોવલણોનો વિકાસ કરવાનું હોવું જોઈએ જે વિદ્યાર્થીઓને અર્થતંત્રમાં સક્રિય રીતે ભાગ લેવા અને યોગદાન આપવા સક્ષમ બનાવે. **અર્થતંત્રમાં અસરકારક**

**ભાગીદારી એ વ્યક્તિગત સમૃદ્ધિ અને સામાજિક વિકાસ બંને માટે સકારાત્મક અસર ધરાવે છે. શાળાશિક્ષણે વિદ્યાર્થીઓને એવાં કૌશલ્યોથી સજ્જ કરવા જોઈએ, જે તેમને ભવિષ્યમાં જરૂરી હોય તેવા કાર્યબળમાં સફળ થવા, નવીનતા લાવવા અને રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક અર્થતંત્રમાં ફાળો આપવા સમર્થ બનાવે.**

**(ઈ) સાંસ્કૃતિક ભાગીદારી (Cultural Participation)**

પરિવાર અને સમુદાયમાં સમાહિત સંસ્કૃતિ અને વારસાને સમજવું એ સાંસ્કૃતિક ભાગીદારીનો મૂળભૂત આધાર છે. શાળા શિક્ષણે સાંસ્કૃતિક સાક્ષરતાને પ્રોત્સાહન આપવું જોઈએ અને વિદ્યાર્થીઓને એવાં જ્ઞાન, ક્ષમતાઓ, મૂલ્યો અને મનોવલણો પ્રાપ્ત કરવા સમર્થ બનાવવા જોઈએ જે તેમને સંસ્કૃતિમાં અર્થપૂર્ણ રીતે ભાગ લેવા અને સકારાત્મક યોગદાન આપવા સક્ષમ બનાવે - જેમાં સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સંસ્કૃતિઓને સમજવી, તેમનું ગૌરવ અનુભવવું, તેમનું જતન કરવું, સાંસ્કૃતિક વિવિધતાનું સન્માન કરવું અને સાંસ્કૃતિક સંવેદનાને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

| Sr. | Aim of Education | શિક્ષણના ધ્યેયો | વર્ગખંડ પ્રવૃત્તિઓ માટે |
|---|---|---|---|
| (a) | Rational Thought & Autonomy | તર્કસંગત વિચારો અને નિર્ણયો લેવાની ક્ષમતા વિકસાવવી. | પ્રશ્નોત્તરી, ચર્ચાસભા, વાદવિવાદ સ્પર્ધા, કારણ આધારિત ઉદાહરણો |
| (b) | Health & Well-being | શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારી વિકસાવવી. | યોગ, આરોગ્ય, રમતો, ધાર્મિક વાર્તાઓ |
| (c) | Democratic & Community Participation | સામુદાયિક અને લોકશાહી ભાવના વિકસાવવી. | વર્ગ મતદાન, જૂથ નિર્ણય, વિદ્યાર્થી સંઘ રચનાની પ્રવૃત્તિઓ |
| (d) | Economic Participation | આર્થિક સમજ, જવાબદારી અને ઉપક્રમશક્તિ વિકસાવવી. | નાની દુકાન પ્રોજેક્ટ, બજેટ આયોજન, વર્ગ સ્તરે વ્યવસાય-મોડેલ |
| (e) | Cultural Participation | સંસ્કૃતિ અને વારસાની સમજ, સંવેદના અને યોગદાનની ભાવના ઊભી કરવી. | લોકકળા વર્કશોપ, વારસા પોષક અભ્યાસ, વિવિધ રાજ્યોના પોશાક દિન, વારસો, પરંપરા અને તેની વંશાનુગત વાર્તાઓ |

1.3.2 **જ્ઞાન, ક્ષમતાઓ, મૂલ્યો અને મનોવલણો** :

શિક્ષણનાં વિશાળ લક્ષ્યો, નીચેના માધ્યમો દ્વારા સફળતાપૂર્વક પ્રાપ્ત કરી શકાય છે :

(અ) **મૂલ્ય-આધારિત શિક્ષણનો વિકાસ** – જેમાં ભારતીય સંસ્કૃતિના પારંપરિક મૂલ્યો - નૈતિકતા અને સદાચારી મૂલ્યો, લોકશાહી મૂલ્યોની સમજ તેમજ જ્ઞાન સંબંધિત મહત્ત્વના સિદ્ધાંતો સમાવિષ્ટ છે.

(બ) **હકારાત્મક માનસિક વલણો કેળવવાં** જેવાં કે, કર્મનિષ્ઠા, જિજ્ઞાસાવૃત્તિ અને વિસ્મય તેમજ ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ અને ભારતીય પરંપરાગત મૂળિયાં સાથેનું જોડાણ.

(ક) **આવશ્યક કૌશલ્યો વિકસાવવાં** જેવાં કે, સંશોધનાત્મક અભિગમ, પ્રભાવશાળી પ્રત્યાયન ક્ષમતા, સમસ્યા નિવારણ અને તાર્કિક વિચારશક્તિ, સર્જનાત્મકતા અને કલાત્મક અભિવ્યક્તિ, સ્વાસ્થ્ય જાળવણી, ઉત્પાદક કાર્યશૈલી અને સમાજ સાથે સક્રિય જોડાણ.

(ડ) **વ્યાપક અને ઊંડાણપૂર્વકની જ્ઞાનપ્રાપ્તિ :** વિદ્યાર્થીને માત્ર એક વિષયમાં નહીં, પણ અનેક વિષયોના સંકલનથી બનેલું **વિશાળ અને ઊંડું જ્ઞાન** મળવું જોઈએ. NCF મુજબ, નીચેનાં સાત મુખ્ય ક્ષેત્રો આંતરઅનુશાસન (interdisciplinarity) દ્વારા સિદ્ધ થઈ શકે :

- ભાષાઓ
- ગણિત
- વિજ્ઞાન
- સામાજિક વિજ્ઞાન
- કલા શિક્ષણ
- શારીરિક શિક્ષણ, સ્વાસ્થ્ય અને
- વ્યાવસાયિક શિક્ષણ

તેમજ વિદ્યાર્થીઓમાં આંતરવિદ્યાકીય અધ્યયન ક્ષેત્રો, બહુશાખાકીય વિષયો અને આંતરશાખાકીય જ્ઞાનનો સમન્વય કરે છે. આવું સંકલિત જ્ઞાન વિદ્યાર્થીઓને વિશ્વની સર્વાંગી સમજ વિકસાવવામાં મદદરૂપ થાય છે.

આ મૂલ્યો અને વ્યાવહારિક વલણો, ક્ષમતાઓ અને જ્ઞાન સામાન્ય રીતે એકસાથે વિકસિત થાય છે, અને તેઓ અભ્યાસક્રમની વિષયવસ્તુ, શિક્ષણ પદ્ધતિઓ અને મૂલ્યાંકન પ્રક્રિયાઓને સહજતાથી અને સુસંગત રીતે એકબીજા સાથે સંકલિત કરાવવાનો પ્રયાસ કરે છે.

| Sr. | Area | વિવરણ | ઉદાહરણ/પ્રવૃત્તિઓ |
|---|---|---|---|
| (a) | Values (મૂલ્યો) | નૈતિક, લોકશાહી અને પરંપરાગત ભારતીય મૂલ્યોનો વિકાસ | મૌલિક અધિકાર પ્રવૃત્તિ, મૂલ્યલક્ષી વાર્તાઓ, ભાવનાત્મક ચર્ચાઓ |

| | | | |
|---|---|---|---|
| (b) | Dispositions મનોવલણો | જિજ્ઞાસા, કાર્યશક્તિ, ભારત (રાષ્ટ્ર) પ્રત્યે ગૌરવ અને ભૂમિ સાથેનું જોડાણ | CLIL, ઉજાણી પ્રોજેક્ટ, લોકવારસાની ઓળખ વર્કશોપ |
| (c) | Capacities ક્ષમતાઓ | શોધ, સંવાદ, તર્ક, સર્જનાત્મકતા, આરોગ્ય જાળવણી, ઉત્પાદકીય કાર્ય, સામાજિક સંલગ્નતા માટેની ક્ષમતા | ડિબેટ, રોલ-પ્લે, STEM પ્રોજેક્ટ, સાહિત્ય ચિંતન, યોગ અભ્યાસ |
| (d) | Knowledge જ્ઞાન | ભાષા, વિજ્ઞાન, કલા, ગણિત, સમાજવિજ્ઞાન વગેરેમાં ઊંડું અને વ્યાપક જ્ઞાન | મલ્ટિ-ડિસિપ્લિનરી વિષયોનું, અધ્યયન અધ્યાપન, પ્રોજેક્ટ આધારિત અભ્યાસ |

1.3.3 **અભ્યાસક્રમના ધ્યેયો, લક્ષ્યાંકો, કૌશલ્યો અને અધ્યયન નિષ્પત્તિઓ** :

ઉપરોક્ત મૂલ્યો અને વ્યાવહારિક વલણો, ક્ષમતાઓ અને જ્ઞાન પ્રાપ્ત કરવા માટેના અધ્યયનના માનકો ચાર સ્તરે વિગતવાર રજૂ કરવામાં આવ્યા છે.

**(અ) અભ્યાસક્રમના ધ્યેયો (Curricular Aims) :** અભ્યાસક્રમના ધ્યેયો દરેક અભ્યાસ ક્ષેત્રમાં સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે આ ધ્યેયો શાળા શિક્ષણના ચારેય તબક્કાઓના અંત સુધીમાં સિદ્ધ કરવાના હોય છે. તમામ આઠ અભ્યાસક્રમ ક્ષેત્રોના સંયુક્ત ધ્યેયો શાળા શિક્ષણના વ્યાપક લક્ષ્યાંકોની પ્રાપ્તિમાં પરિણમવા જોઈએ, જેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે :

- **વ્યાખ્યા :** દરેક અભ્યાસક્રમ વિસ્તાર જેને આપણે વિષયો તરીકે ઓળખતા આવ્યા છીએ. (જેમ કે, ગણિત ભાષા, વગેરે) માટે વ્યાપક ધ્યેયો નક્કી કરવામાં આવ્યા છે.
- **સમયગાળો :** શાળાકીય શિક્ષણના ચારેય તબક્કાઓ (સ્ટેજીઝ)ના અંતે આ ધ્યેયો પ્રાપ્ત થવા જોઈએ.
- **પ્રભાવ :** તમામ અભ્યાસક્રમ ક્ષેત્રોના ધ્યેયો સંકલિત થઈને શાળાકીય શિક્ષણના વ્યાપક ધ્યેયો સિદ્ધ કરે.

**(બ) અભ્યાસક્રમના લક્ષ્યાંકો (Curricular Goals) :** અભ્યાસક્રમના લક્ષ્યાંકો વધુ વિશિષ્ટ વિધાનો છે, જે અભ્યાસક્રમના ધ્યેયો પ્રાપ્ત કરવા માટે અભ્યાસક્રમના વિકાસ અને અમલીકરણને માર્ગદર્શન આપે છે. તેઓ પણ શાળાના ચોક્કસ તબક્કાઓ (દા.ત., ફાઉન્ડેશનલ સ્ટેજ - પાયાનો તબક્કો) અને અભ્યાસક્રમના ચોક્કસ ક્ષેત્ર (દા.ત., ગણિત, વિજ્ઞાન) સાથે સંબંધિત હોય છે.

- **વિશિષ્ટતા :** અભ્યાસક્રમ ધ્યેયોને સિદ્ધ કરવા માટે વિશિષ્ટ દિશા આપતા નિવેદનો.
- **વયજૂથના તબક્કા :** દરેક શાળા તબક્કાઓ (જેમ કે ફાઉન્ડેશનલ સ્ટેજ) અને અભ્યાસક્રમના ક્ષેત્ર (જેમ કે ગણિત, વિજ્ઞાન) માટે અલગ અભ્યાસક્રમ.

(ક) **કૌશલ્ય (Skills) :** કૌશલ્યો એવી વિશિષ્ટ શૈક્ષણિક પ્રાપ્તિઓ છે, જેમનું દેખીતી રીતે નિરીક્ષણ કરી શકાય છે અને પદ્ધતિસર રીતે મૂલ્યાંકિત પણ કરી શકાય છે. આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખામાં, કૌશલ્યો (જે માત્ર સૂચનાત્મક છે. તેઓ વિવિધ સંદર્ભોમાં ભિન્ન હોઈ શકે છે) સીધી રીતે અભ્યાસક્રમના લક્ષ્યાંકમાંથી ફલિત થાય છે અને જે તે વય-જૂથના તબક્કાના અંત સુધીમાં પ્રાપ્ત કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. શાળા શિક્ષણના દરેક તબક્કાના અંતે થતાં સારાંશલક્ષી મૂલ્યાંકનો આ કૌશલ્યો પર આધારિત હોવાં જોઈએ.

- **માપન :** અધ્યયન સિદ્ધિઓનું માપન - અવલોકન અને મૂલ્યાંકન દ્વારા.
- **સ્રોત :** અભ્યાસક્રમના લક્ષ્યાંકો પરથી ફલિત થતા, છતાં લવચીક જેથી સંદર્ભ પ્રમાણે બદલાવને અવકાશ.
- **મૂલ્યાંકન :** દરેક વયજૂથના તબક્કાના અંતે સારાંશ મૂલ્યાંકન (Summative Assessment) આધારિત.

(ડ) **અધ્યયન નિષ્પત્તિઓ (Learning Outcomes) :** અધ્યયન નિષ્પત્તિઓ (LOs) એ શિક્ષણના સૂક્ષ્મ પડાવો છે. જે સામાન્ય રીતે કૌશલ્યોની પ્રાપ્તિ તરફ દોરી જાય છે અને શ્રેણીબદ્ધ પ્રગતિ કરે છે. આ અધ્યયન નિષ્પત્તિઓ (LO) એ શિક્ષણના સૂક્ષ્મ પડાવો છે, જે સામાન્ય રીતે વિદ્યાર્થીઓને કૌશલ્ય પ્રાપ્તિ તરફ દોરી જાય છે. જેથી તેઓ શ્રેણીબદ્ધ પ્રગતિ કરે છે. અધ્યયન નિષ્પત્તિઓ એ વિદ્યાર્થીઓમાં વિશિષ્ટ કૌશલ્યો પ્રાપ્ત કરવામાં જરૂરી વિષય-વસ્તુ, અધ્યાપન પદ્ધતિઓ અને મૂલ્યાંકન પ્રક્રિયાઓની આયોજનબદ્ધ તૈયારી કરવામાં શિક્ષકોને સહાય કરે છે. અભ્યાસક્રમ અને પાઠ્યવસ્તુના તૈયાર કરનારાઓ ઉચિત સંદર્ભગત અધ્યયન નિષ્પત્તિઓ તૈયાર કરે.

- **સૂક્ષ્મ માઇલસ્ટોન :** કૌશલ્યો સુધી પહોંચવા માટે ક્રમિક શીખવાનાં પગલાં.
- **શિક્ષક માર્ગદર્શન :** શિક્ષકો LOsને આધારે પાઠ્યસામગ્રી શિક્ષણ પદ્ધતિ અને મૂલ્યાંકન આયોજિત કરે.
- **સંદર્ભ-અનુકૂળતા :** અભ્યાસક્રમ વિકસાવનારાઓએ અધ્યયન નિષ્પત્તિઓ (LOs)ને સ્થાનિક સંદર્ભમાં અનુકૂળ બનાવવી.

આમ, આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખામાં, શિક્ષણના વિશાળ ધ્યેયોથી લઈને વિશિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓ સુધીનો સ્પષ્ટ અને તાર્કિક આલેખ રજૂ કરવામાં આવ્યો છે. આ સુસ્પષ્ટ અનુબંધો દ્વારા તમામ હિતધારકો (શિક્ષકો, માતા-પિતા, નીતિ-ઘડવૈયાઓ) વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિનું મૂલ્યાંકન કરી શકે છે અને શાળાકીય શિક્ષણના વ્યાપક ધ્યેયો પ્રતિ દોરી શકે છે. ભાષા શિક્ષણ ક્ષેત્રમાં આવા ક્રમિક આલેખનું દૃષ્ટાંત નીચે દર્શાવેલ છે :

**શિક્ષણનું ધ્યેય**

**તાર્કિક વિચારશીલતા અને સ્વાયત્તતા :** તાર્કિક વિશ્લેષણ, સર્જનાત્મકતા અને સુદઢ વૈશ્વિક સમજ પર આધારિત પસંદગીઓ કરવી, અને તે પસંદગીઓ પર અમલ કરવો એ સ્વાયત્તતાનાં દ્યોતક છે. એ સૂચવે છે કે વિદ્યાર્થીએ તાર્કિક વિચારશીલતા, વિવેચનાત્મક ચિંતન, વ્યાપક અને ગહન જ્ઞાન, અને તેમની આસપાસની દુનિયાને સમજવા અને સુધારવા માટે નિર્ણય કરવાની ક્ષમતા હાંસલ કરી છે. આવા સ્વતંત્ર વિચારકો વિકસાવવા, જે જિજ્ઞાસુ હોય, તેમજ નવા વિચારો માટે ખુલ્લા હોય. તેઓ ગંભીર અને સર્જનાત્મક રીતે વિચારે અને ત્યારે જ પોતાના મંતવ્યો અને માન્યતાઓ રચે, એ શાળાકીય શિક્ષણનું એક મહત્ત્વપૂર્ણ ધ્યેય છે.

**ભાષા શિક્ષણ**

**અભ્યાસક્રમ ધ્યેય**

**અસરકારક સંચાર ક્ષમતાઓ :** વિદ્યાર્થીઓએ પોતાની ભાષા ક્ષમતાઓ વિકસાવવી જોઈએ, જેથી તેઓ ગંભીર રીતે વિચારી શકે, વાસ્તવિક સમસ્યાઓ ઓળખી શકે, તેનું વિશ્લેષણ કરી શકે, તાર્કિક દલીલો કરી શકે અને ઉકેલો શોધી શકે. વિવિધ પરિસ્થિતિઓમાં સારી રીતે વિચારવા અને સંચાર કરવા માટે ભાષાનો ઉપયોગ કરવાની ક્ષમતા લોકશાહી, સામાજિક અને સાંસ્કૃતિક ભાગીદારી માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. અહીં અભ્યાસક્રમ લક્ષ્યથી અધ્યયન નિષ્પત્તિનો પ્રવાહ ઉદાહરણ સ્વરૂપે રજૂ કરેલ છે.

**અભ્યાસક્રમ લક્ષ્ય** :

**ભાષા, 1 (R1) – માધ્યમિક તબક્કો**

**CG-3 :** વિવિધ ઑડિયો અને લેખિત સામગ્રી સાથે જોડાઈને ભાષાનો ઉપયોગ તર્ક અને દલીલ ક્ષમતાઓ વિકસાવવા માટે કરાય.

**કૌશલ્ય**

**ભાષા 1 (R1) – માધ્યમિક તબક્કો**

**C-3.2 :** પૂર્વધારણાઓનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરીને યોગ્ય તર્ક સાથે દલીલ કરે છે.

**અધ્યયન નિષ્પત્તિ** :

**ભાષા 1 (R1) – માધ્યમિક તબક્કો (ધોરણ 9 અને 10)**

| ધોરણ 9 | ધોરણ 10 |
|---|---|
| વિદ્યાર્થી દલીલની પૂર્વધારણાઓનું સ્પષ્ટતા, આનુષાંગિકતા અને વિશ્વસનીયતાનું (પુરાવાનું) મૂલ્યાંકન કરે છે. | વિદ્યાર્થી દલીલ માટે ઉપયોગી પૂર્વધારણાઓ (કારણો એને પુરાવા)ની યાદી બનાવે છે. |
| વાંચતી અને સાંભળતી વખતે પોતાના ભાવનાત્મક પક્ષપાતને ઓળખે છે. | બોલતી અને લખતી વખતે પૂર્વધારણાઓ અને નિષ્કર્ષ વચ્ચે તાર્કિક જોડાણ સ્થાપિત કરે છે. |

**શિક્ષણના ધ્યેયથી અધ્યયન નિષ્પત્તિ - ભાષા શિક્ષણ ઉદાહરણ આધારિત**

| અધ્યયનના માનકોના વિવિધ સ્તર | | ભાષા સંદર્ભે અધ્યયનના માનકો |
|---|---|---|
| Aim of Education | શિક્ષણનો હેતુ | વિદ્યાર્થીને એ મુજબ તૈયાર કરવામાં આવે છે કે જે **તર્કશક્તિથી વિચારે, નવિન વિચારો માટે ખુલ્લું મન રાખે અને સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકે.**<br>**શિક્ષણનું મુખ્ય લક્ષ્ય :** વિચારશીલ, જવાબદાર નાગરિક ઘડવો |
| Curricular Aim | ભાષાક્ષેત્રનો મુખ્ય અભિગમ | ભાષા શીખવવાનું લક્ષ્ય એ છે કે વિદ્યાર્થી ખાસ કરીને **સામાજિક, લોકશાહી અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિમાં** ભાષાનો **વિચાર કરવા માટે અને સ્પષ્ટ સંવાદ કરવા માટે** સાધન તરીકે ઉપયોગ કરે. |
| Curricular Goal | લક્ષ્ય - ભાષા-1 (R1), માધ્યમિક તબક્કો | શૈક્ષણિક સ્તરે વિદ્યાર્થીઓને **તર્ક અને દલીલ કરવાનાં કૌશલ્ય** વિકસાવવા માટે વિવિધ લેખિત અને ઑડિયો સામગ્રી સાથે જોડવામાં આવે છે. |
| Competency | કૌશલ્ય – R1, માધ્યમિક તબક્કો | વિદ્યાર્થી યોગ્ય તાર્કિક આધાર સાથે દલીલ કરી શકે અને દલીલના તત્ત્વોનું વિશ્લેષણ કરીને પોતાનો મત રજૂ કરે. |
| Learning Outcomes | અધ્યયન નિષ્પત્તિઓ ધોરણ 9 અને 10 | ધો. 9 : દલીલના આધારનું મૂલ્યાંકન કરે છે. વાંચતી વખતે પોતાના ભાવનાત્મક ઝુકાવને ઓળખે છે.<br>ધો. 10 : દલીલ માટે પુરાવા આપે છે. કારણ અને નિષ્કર્ષ વચ્ચે તર્કસંગત જોડાણ કરે છે. |

## 1.4 શૈક્ષણિક તબક્કાઓની રચના (Stage Design)

આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF), રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 (NEP 2020)ની ભલામણ અનુસાર શાળાકીય અભ્યાસક્રમને ચાર તબક્કાઓમાં વિભાજિત કરે છે.

આ તબક્કાઓ બાળકોની વય, શૈક્ષણિક જરૂરિયાતો અને વિકાસાત્મક અવસ્થાઓને ધ્યાનમાં રાખીને રચવામાં આવ્યા છે, જેથી શિક્ષણ વધુ યોગ્ય, અર્થપૂર્ણ અને અસરકારક બની શકે.

### 1.4.1 પાયાનો તબક્કો (ફાઉન્ડેશનલ સ્ટેજ)

(a) આ તબક્કો ૩ થી ૮ વર્ષની વયજૂથના વિદ્યાર્થીઓ માટે છે.

(b) આ તબક્કા માટેનાં શિક્ષણનાં માનકો તથા બાળકનાં ધોરણો વિકાસના ક્ષેત્રો પર આધારિત સ્થાપિત કરવામાં આવ્યા છે - શારીરિક વિકાસ, સામાજિક, ભાવનાત્મક અને નૈતિક વિકાસ, જ્ઞાનાત્મક વિકાસ, સૌંદર્યલક્ષી અને સાંસ્કૃતિક વિકાસ તેમજ ભાષા અને સાક્ષરતા વિકાસ. આ ક્ષેત્રો ઉપરાંત પણ હકારાત્મક શિક્ષણમાં આદતોના વિકાસ માટે શિક્ષણ માનકો સ્થાપિત કરવાં મહત્ત્વપૂર્ણ છે, જે પૂર્વઉલ્લેખિત તમામ શાળાશિક્ષણ માટે પાયાનું કામ કરે છે.

(c) પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનો (FLN) વિકાસ. આ તબક્કામાં બાળકો બે ભાષાઓ (R1 અને R2) શીખે છે, અને આ તબક્કાના અંત સુધીમાં R1માં પાયાની સાક્ષરતા પ્રાપ્ત કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.

(d) આ શિક્ષણ માનકો પ્રાપ્ત કરવા માટેની વિષયવસ્તુ અને શિક્ષણ પદ્ધતિઓ મુખ્યત્વે પ્રથમ ત્રણ વર્ષ દરમિયાન ઠોસ રમત સામગ્રી, જેમ કે રમકડાં, કોયડાઓ, ચિત્ર પુસ્તકો અને હેરફેર કરી શકાય તેવી વસ્તુઓ છે. ધોરણ ૧થી ૪નાં પાઠ્યપુસ્તકો માટે જુદી જુદી રમતો, પુસ્તકો/કાર્ય-પુસ્તિકાઓની ભલામણ કરવામાં આવે છે. આ તબક્કા માટે બાળ સાહિત્ય વિષયસામગ્રીનો એ મહત્ત્વપૂર્ણ સ્રોત છે.

(e) શિક્ષણ પદ્ધતિ મોટાભાગે રમત આધારિત છે, અને શિક્ષક અને બાળકો વચ્ચે દરકારપૂર્ણ, કાળજીભર્યા સંબંધો પર ભાર મૂકે છે. વ્યક્તિગત શિક્ષણ અને જૂથ પ્રવૃત્તિઓ વચ્ચે સ્વ-ગતિએ સંતુલન જળવાવું જોઈએ. પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનના વિકાસ માટે વ્યવસ્થિત માર્ગદર્શનની જરૂર છે.

(f) મૂલ્યાંકન મોટે ભાગે શિક્ષકો દ્વારા ગુણાત્મક નિરીક્ષણોના સ્વરૂપમાં કરવામાં આવે છે. ધોરણ ૧ અને ૨માં કાર્યપત્રકો શિક્ષક માટે બાળકોના શિક્ષણ વિશેની માહિતીના સ્રોત બની શકે છે. પ્રત્યક્ષ/સીધેસીધી કસોટીઓ અને પરીક્ષાઓ આ તબક્કા માટે અયોગ્ય માનવામાં આવે છે.

| વિષય | વિશ્લેષણ |
|---|---|
| ઉંમર | 3 થી 8 વર્ષ |
| વિકાસ આધાર | શારીરિક, ભાવનાત્મક, જ્ઞાનાત્મક, ભાષા, સાંસ્કૃતિક + શીખવા માટેનું વલણ |
| મુખ્ય ફોકસ | ભાષા અને ગણિત |
| શૈક્ષણિક સામગ્રી | રમકડાં, ચિત્ર, પુસ્તકો, ધો 1 થી વર્કબુક્સ |
| શીખવાની પદ્ધતિ | રમતાં રમતાં શીખવું, વ્યક્તિગત અને જૂથ શિક્ષણ, સંવેદનશીલ બાળક સાથેનો સંબંધ |
| મૂલ્યાંકન | ગુણાત્મક અવલોકન, વર્કશીટ આધારિત, પરીક્ષા નહીં |

### 1.4.2 પ્રારંભિક તબક્કો (Preparatory Stage) :

(a) આ તબક્કો ૮ થી ૧૧ વર્ષની વયજૂથના વિદ્યાર્થીઓ માટે છે.

(b) આ તબક્કા માટેના અધ્યયનનાં ધોરણો ભાષા શિક્ષણ અંતર્ગત બે ભાષાઓ (R1 અને R2), ગણિત, કલા શિક્ષણ, શારીરિક શિક્ષણ અને આપણી આસપાસનું જગત-પર્યાવરણ (આંતરવિદ્યાકીય અભ્યાસ ક્ષેત્ર તરીકે, નક્કી કરવામાં આવ્યાં છે. ઉત્પાદકીય કાર્ય અને પૂર્વ-વ્યાવસાયિક કૌશલ્યો, આપણી આસપાસનું જગત-પર્યાવરણના અભ્યાસક્રમના ભાગ તરીકે સામેલ કરવામાં આવ્યા છે.

(c) વિષયવસ્તુ-પાઠ્યપુસ્તકો તૈયાર કરી શકાય, પરંતુ જ્યારે મૂર્ત સામગ્રી જેવી કે રમતો, હસ્તચિત્રો, પ્રયોગો, બાળ સાહિત્યના તેમજ અનુભવો પણ શૈક્ષણિક પદ્ધતિનો મુખ્ય ભાગ બની રહે છે. આપણી આસપાસના જગત-પર્યાવરણ (TWAU)ના વિષય શિક્ષણ દરમિયાન, ખાસ કરીને, પાઠ્યપુસ્તકોનાં નિષ્ક્રિય તથ્યો તરીકે રજૂ કરવાને બદલે પ્રવૃત્તિઓ અને અનુભવો પર વધુ આધાર રાખવો જોઈએ. બાળકોને પાયાની સાક્ષરતાથી ઘણાં આગળ લઈ જવાં અને સ્વતંત્ર વાંચનમાં રુચિ વિકસાવવા માટે, **પ્રારંભિક તબક્કામાં (Preparatory Stage)** બાળ સાહિત્યના વિષયવસ્તુમાં ભાષા શિક્ષણની ભૂમિકા અગત્યની રહેશે.

(d) પ્રારંભિક તબક્કામાં (Preparatory Stage) વર્ગખંડમાં પ્રવૃત્તિ અને શોધ આધારિત શૈક્ષણિક પદ્ધતિઓ મોટી ભૂમિકા ભજવી શકે, અને તે ચાલુ રહેવાં જોઈએ. પરંતુ વિદ્યાર્થીઓને ધીમે ધીમે ઔપચારિક વર્ગખંડ- વ્યવસ્થામાં સક્રિય ભાગીદારી કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. ભાષા-પ્રવાહિતા વિકસાવવા માટેની તાલીમ અને અન્ય પ્રવૃત્તિઓને શાળાના શિક્ષણ દરમિયાન તેમજ ગૃહકાર્ય તરીકે સ્થાન મળવું જોઈએ.

(e) ટૂંકાં ઔપચારિક લેખિત મૂલ્યાંકનો આ તબક્કા માટે યોગ્ય છે. વિદ્યાર્થીઓના કાર્યનું શિક્ષકોનું નિરીક્ષણ એક મહત્ત્વપૂર્ણ મૂલ્યાંકન પદ્ધતિ તરીકે ચાલુ રહે છે. સમયાંતરે સંકલિત મૂલ્યાંકનોનો ઉપયોગ, નિયમિત રચનાત્મક મૂલ્યાંકનોના પૂરક તરીકે કરી શકાય છે. આ તબક્કાના અંતે સંકલિત મૂલ્યાંકનો અધ્યયન માનકોમાં વ્યાખ્યાયિત કરેલ કૌશલ્યો અને ક્ષમતાઓ પર આધારિત હોવાં જોઈએ.

| વિષય | વિગત |
|---|---|
| વયજૂથ | 8 થી 11 વર્ષ (ધો. 3 થી 5) |
| અધ્યયનનાં ક્ષેત્રો | R1, R2, ગણિત, કલા, શારીરિક શિક્ષણ, આપણી આસપાસનું જગત-પર્યાવરણ, TWAU (ઉત્પાદકીય કાર્ય + પૂર્વ-વ્યાવસાયિક કૌશલ્ય) |
| શૈક્ષણિક વિષયવસ્તુ-સામગ્રી | અનુભવ આધારિત સામગ્રી (બાળ સાહિત્ય, ચિત્રપુસ્તકો, હસ્તકલા, એક્ટિવિટીઝ) ની સાથે સાથે પાઠ્યપુસ્તકોની પણ શરૂઆત |
| શૈક્ષણિક પદ્ધતિ | પ્રવૃત્તિ આધારિત શિક્ષણ સાથે સાથે ઔપચારિક અભ્યાસ તરફ ગતિ તેમજ ઔપચારિક શિક્ષણ |
| મૂલ્યાંકન | ટૂંકી ટેસ્ટ, વર્કશીટ, અવલોકન આધારિત રચનાત્મક શિક્ષણ અને આ તબક્કાના અંતે આધારિત સંકલિત મૂલ્યાંકન |

**1.4.3 મધ્યમ તબક્કો (Middle Stage) :**

(a) મધ્યમ શિક્ષણ તબક્કો (11-14 વર્ષ) કિશોરાવસ્થાના પ્રારંભિક વર્ષો વિદ્યાર્થીના શૈક્ષણિક અને સામાજિક વિકાસ સંદર્ભે ખૂબજ મહત્ત્વપૂર્ણ સમય છે. આ ઉંમરે વિદ્યાર્થીઓ માનસિક અને શારીરિક પરિવર્તનોમાંથી પસાર થાય છે, જે તેમનાં અધ્યયન પદ્ધતિ અને કૌશલ્યો પર અસર કરે છે.

(b) આ તબક્કે ત્રિભાષી ફોર્મ્યુલા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. વિદ્યાર્થીઓ માટે, R1 (પ્રથમ ભાષા), R2 (દ્વિતીય ભાષા) અને R3 (તૃતીય ભાષા). તૃતીય ભાષા એ અન્ય કોઈ પ્રાદેશિક અથવા આંતરરાષ્ટ્રીય ભાષા હોઈ શકે છે. ભાષાકીય કૌશલ્યો વિકસાવવાં એ માત્ર પ્રત્યાયન માટે જ નહીં, વિચારશક્તિના વિકાસ માટે પણ આવશ્યક છે.

(c) આ તબક્કામાં, વિદ્યાર્થીઓ વિજ્ઞાન અને ગણિતના મૂળભૂત સિદ્ધાંતોની વધુ ઊંડી સમજ વિકસાવે છે. ઉદાહરણ તરીકે, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન જેવા વિષયોને અલગ અભ્યાસક્રમના ક્ષેત્રો તરીકે રજૂ કરવામાં આવે છે. અમૂર્ત વિચારસરણી માત્ર સામાજિક વિજ્ઞાનની ભાષામાં, એટલે કે ઇતિહાસ, ભૂગોળ અને નાગરિકશાસ્ત્રમાં જ નહીં, પણ ગણિતનાં સૂત્રો અને વિશ્લેષણાત્મક સમીકરણોમાં પણ જોવા મળે છે.

(d) આ તબક્કામાં અપનાવવામાં આવતી શિક્ષણ પદ્ધતિમાં સીધી સૂચના તેમજ અન્વેષણ અને પૂછપરછ માટેની તકોનું યોગ્ય સંતુલન થવું જોઈએ. અગાઉની જ્ઞાન અને સૂચનાત્મક વ્યૂહરચનાઓ માટે ભૂલોમાંથી શીખવાની તકો મહત્ત્વપૂર્ણ બાબતો બની જાય છે. દરેક અભ્યાસક્રમ-ક્ષેત્રમાં સંશોધન અને તપાસ આધારિત પદ્ધતિઓ પર સતત ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

(e) રચનાત્મક અને કૌશલ્ય આધારિત મૂલ્યાંકન પદ્ધતિઓ : મૂલ્યાંકન વધુ ઔપચારિક અને સ્પષ્ટ હોઈ શકે છે. તે માત્ર માહિતી યાદ રાખવા નહીં, પણ વૈચારિક સમજ અને શોધ પદ્ધતિઓની નિપુણતા માપે એવી રીતે નિર્મિત થવી જોઈએ. મૂલ્યાંકન વિદ્યાર્થીઓને વિશ્લેષણ અને સંકલન જેવી ઊંચી સ્તરની ક્ષમતાઓ સુધી પહોંચવા પ્રેરિત કરે. તબક્કાના અંતે કરવાનું થતું સંકલિત મૂલ્યાંકન જે તે અધ્યયન માનકો હેઠળ નિર્ધારિત કરેલ ક્ષમતાઓ પર આધારિત હોવું જોઈએ.

આ સામગ્રી વિદ્યાર્થીઓને મૂર્ત વિચારધારાથી અમૂર્ત વિચારધારા તરફની યાત્રામાં મદદરૂપ થશે અને તેમના જ્ઞાનાત્મક અને ભાષાકીય કૌશલ્યોનો વિકાસ સુનિશ્ચિત કરશે.

## શિક્ષણ શાખાઓનું કોષ્ટક-સમૂહ (અધ્યયનનાં ક્ષેત્રો)

| ભાષા અધ્યયન | સર્જનાત્મક કલા | શારીરિક શિક્ષણ અને સ્વાસ્થ્ય | વ્યાવસાયિક કૌશલ્ય |
|---|---|---|---|
| માતૃભાષા અને પ્રાદેશિક ભાષાઓ (ફરજિયાત) | ભારતીય રાગ સંગીત | યોગવિદ્યા અને સ્વસ્થ જીવનશૈલી | અન્ન-સુરક્ષા અને કૃષિ વિજ્ઞાન |
| રાષ્ટ્રીય સંપર્ક ભાષાઓ (ફરજિયાત) | લોકસંગીત પરંપરાઓ | રમતગમત, વિજ્ઞાન અને પોષણ | બીજ સંવર્ધન અને ટેકનોલોજી |
| સમકાલીન ભારતીય ભાષાઓ | આધુનિક સંગીત પ્રવાહો | સમાવેશી શારીરિક શિક્ષણ | ઉદ્યાનવિદ્યા અને જૈવિક ખેતી |
| સંસ્કૃત અને પ્રાચીન ભાષાઓ | અભિનય કલા | ગતિશાસ્ત્ર અને ખેલકૂદ વિજ્ઞાન | વાહન ટેક્નોલોજી |
| વૈશ્વિક ભાષાઓ | કઠપૂતળી કલા | ઉત્પાદન તકનિકો | |
| | મૂર્તિકલા | વિદ્યુત ઉપકરણો | |
| | ચિત્રકલા | સમુદાય-સ્વાસ્થ્ય | |
| | લોકચિત્રકલા | નાણાકીય વ્યવસ્થાપન | |
| | દૃશ્ય-સંચાર ડિઝાઇન | માહિતી તકનિક | |
| | ફિલ્મ નિર્માણ | આર્થિક સેવાઓ | |
| | પ્રકાશચિત્ર | વિતરણ વ્યવસ્થા | |
| | વસ્ત્ર ડિઝાઇન | વસ્ત્રોદ્યોગ | |

| સામાજિક અભ્યાસક્રમ | આંતર્વિદ્યાકીય અભ્યાસ | ગાણિતિક અને તાર્કિક વિશ્લેષણ | વિજ્ઞાન પ્રયોગશાળા |
|---|---|---|---|
| ભારતીય ઇતિહાસ | વ્યવસાય-સંચાલન | ગાણિતિક સિદ્ધાંતો | પદાર્થ વિજ્ઞાન |
| પ્રાકૃતિક અને સાંસ્કૃતિક ભૂગોળ | આર્થિક લેખાંકન | કમ્પ્યુટર પ્રોગ્રામિંગ | રાસાયણિક પ્રક્રિયાઓ |
| શાસન પ્રણાલી | પર્યાવરણ સંરક્ષણ | વ્યાપારિક ગણિત | જીવ પ્રણાલીઓ |

| | | | |
|---|---|---|---|
| માનવીય વર્તન | સમાચાર માધ્યમ | વિશ્લેષણાત્મક ગણિત | પૃથ્વી તત્ત્વો |
| માનસિક આરોગ્ય | ભારતીય પરંપરાગત જ્ઞાન | સંભાવના સિદ્ધાંત | બ્રહ્માંડ વિજ્ઞાન |
| આર્થિક સિદ્ધાંતો | નાગરિક અધિકાર | ક્વોન્ટમ ભૌતિકશાસ્ત્ર | |
| સંતુલિત વિકાસ | | આણ્વિક જીવવિજ્ઞાન | |
| સામાજિક માળખું | ધાર્મિક અને નૈતિક ચિંતન | | માનવ સંસ્કૃતિ |

આ શિક્ષણ-શાખાઓ અને વિષયો વિદ્યાર્થીઓને માત્ર વ્યાવસાયિક કારકિર્દી માટે જ નહીં, પરંતુ જીવનભર અધ્યયન પ્રક્રિયામાં સક્ષમ બનાવવાનું લક્ષ્ય ધરાવે છે. વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમ દ્વારા વૈશ્વિક નાગરિકો બની શકે, જેઓ પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓનું જતન કરતાં આધુનિક જ્ઞાન અને કૌશલ્યોનો સમન્વય સાધી શકે.

1.4.4 **માધ્યમિક તબક્કો**

(a) આ શિક્ષણ સ્તર 14 થી 18 વર્ષની વયના વિદ્યાર્થીઓને આવરી લે છે.

**ભાગ 1 – ધોરણ 9 અને 10:**

i. **મધ્યમ તબક્કો (Middle Stage):** તમામ વિદ્યાર્થીઓ અભ્યાસક્રમના તમામ આનુષંગિક અધ્યયન ક્ષેત્રો (Curricular Areas) સાથે સંકળાયેલા રહેશે, વધુમાં વિદ્યાર્થીઓ **પર્યાવરણ શિક્ષણ (Environmental Education)**નો આંતરશાખાકીય અભ્યાસ (Interdisciplinary Area) તરીકે અભ્યાસ કરશે. તેઓ જાહેર ક્ષેત્રમાંના મુદ્દાઓ માટે **તર્ક અને દલીલ કરવાની ક્ષમતા (Reasoning Moral and Argumentation)** તથા **નૈતિક અને નીતિપરક તર્ક (Ethical and Reasoning)** વિકસાવશે તેઓ આ ક્ષમતાઓનો ઉપયોગ પર્યાવરણ શિક્ષણના સંદર્ભમાં કરશે. આ અભ્યાસ ક્ષેત્રો માટે ચોક્કસ **અધ્યયન માનકો (Learning Standards)** નક્કી કરવામાં આવ્યાં છે.

(c) **ભાગ 2 – ધોરણ 11 અને 12:**

i. વિદ્યાર્થીઓને **વિષય પસંદગીની સ્વતંત્રતા (Flexibility and Choice)** આપવા માટે **પસંદગી આધારિત અભ્યાસક્રમો (Choice-based Courses)**નો વિકલ્પ આપવામાં આવશે. આ દ્વારા વિવિધ શાખાઓ અને શૈક્ષણિક ક્ષેત્રો વચ્ચેનાં જડ વિભાજનો દૂર થશે.

ii. જૂથ 1માં **ભાષા શિક્ષણ (Language Education - Group 1.** કોષ્ટક મુજબ)માંથી ગમે તે **બે વિષયો** પસંદ કરવાના હશે, **જેમાંથી ઓછામાં ઓછી એક ભાષા મૂળ ભારતીય**

**(Language Native to India)** હોવી જોઈએ. આ સ્તરે **સાહિત્ય (Literature)**ના વિષયો પણ ભાષા શિક્ષણમાં સમાવિષ્ટ છે

iii. વિદ્યાર્થીઓએ **નીચેનાં ત્રણ જૂથોમાંથી ઓછામાં ઓછાં બે જૂથોમાંથી ચાર વિષયો** (પાંચમા વિષયને વૈકલ્પિક સાથે) પસંદ કરવાનાં રહેશે. (આકૃતિ 1.4i જુઓ.)

1. જૂથ 2 : કલા શિક્ષણ (Art Education), શારીરિક શિક્ષણ (Physical Education), વ્યાવસાયિક શિક્ષણ (Vocational Education)
2. જૂથ 3 : સામાજિક વિજ્ઞાન અને માનવવિદ્યાઓ/શાસ્ત્રો (Social Science and Humanities), આંતરશાખાકીય ક્ષેત્રો (Interdisciplinary Areas)
3. જૂથ 4 : વિજ્ઞાન (Science), ગણિત અને કમ્પ્યુટેશનલ વિચારશૈલી (Mathematics and Computational Thinking)

iv. આ આયોજન વિદ્યાર્થીઓને અભ્યાસક્રમનું વ્યાપક જ્ઞાન (breadth of study) અને પસંદગીના વિષયોમાં શૈક્ષણિક ઊંડાણ (Educational depth) મેળવવાની સુવિધા આપે છે. રસપ્રદ વિષય-સંયોજનો શક્ય બનાવવા માટે વિદ્યાર્થીઓ ચોક્કસ પ્રવાહો પસંદ કરે તે માટે કોઈ વધારાનાં બંધનો લાદવામાં આવશે નહીં.

v. દરેક જૂથમાં ઓફર કરી શકાય તેવા વિષયોની **ઉદાહરણરૂપ યાદી (Illustrative List of Subjects)** નીચે આપેલ છે.

vi. આ યોજના હેઠળ શક્ય બનતાં કેટલાંક **ઉદાહરણ-સંયોજનો (Illustrative Combinations)** નીચે દર્શાવેલ છે.

**(d)** ધોરણ 9 અને 10માં શૈક્ષણિક સામગ્રીના સંકલનમાં પાઠ્યપુસ્તકો મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ધોરણ 11 અને 12માં વિદ્યાર્થીઓને વિવિધ સ્રોતોમાંથી જ્ઞાન મેળવવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

ધોરણ 11 અને 12 માં શૈક્ષણિક સામગીની પસંદગીને વધુ ગતિશીલ અને લવચીક બનાવવા માટે અભ્યાસક્રમ-સંકલનોનો ઉપયોગ કરી શકાય છે.

**(e)** આ શિક્ષણ સ્તરે અધ્યાપન પદ્ધતિમાં વિદ્યાર્થીઓ પાસેથી વધુ સ્વાયત્ત અધ્યયનની અપેક્ષા રાખવી જોઈએ. સ્વ-અધ્યયન અને સામૂહિક કાર્ય માટે વધુ તકો પૂરી પાડવી જોઈએ. વર્ગખંડ શિક્ષણમાં વિવિધતા હોવી જોઈએ - જ્ઞાનાત્મક (આદેશાત્મક), સંવાદાત્મક (સોક્રેટિક પદ્ધતિ) અને શોધ-આધારિત પદ્ધતિઓ બધી આ શિક્ષણ સ્તર માટે ઉપયોગી અને યોગ્ય છે.

| બહુવિષયક અભ્યાસક્રમ-સંયોજનો | |
|---|---|
| **સંયોજન 1** | **સંયોજન 2** |
| પ્રાચીન તમિલ, હિન્દી | પાલી, મલયાલમ |
| બાગાયત વિદ્યા (સમૂહ 2) | લોક સંગીત (સમૂહ 2) |
| ઇતિહાસ પત્રકારત્વ (સમૂહ 3) | વાહન સેવા તકનીકી (સમૂહ 2) |
| ગણિત સમૂહ 4) | વ્યાપાર અભ્યાસ (સમૂહ 3)<br>(વૈકલ્પિક) વ્યાવસાયિક ગણિત (સમૂહ 4) |
| **સામાજિક વિજ્ઞાન અભ્યાસક્રમ-સંયોજનો** | |
| **સંયોજન 1** | **સંયોજન 2** |
| મરાઠી, ફ્રેન્ચ | આસામી, સંસ્કૃત |
| ઇતિહાસ, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન (સમૂહ 3) | ભૂગોળ, રાજ્યશાસ્ત્ર (સમૂહ 3) |
| આધુનિક સંગીત (સમૂહ 2) | ભારતીય શાસ્ત્રીય સંગીત (સમૂહ 2)<br>(વૈકલ્પિક) ગણિત (સમૂહ 4) |
| **વિજ્ઞાન અભ્યાસક્રમ-સંયોજનો** | |
| સંયોજન 1 | સંયોજન 2 |
| પ્રાચીન તેલુગુ, સંસ્કૃત | ગુજરાતી, અંગ્રેજી |
| ગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર (સમૂહ) | જીવવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર (સમૂહ 4) |
| સ્થિરતા અને જળવાયુ પરિવર્તન (સમૂહ 3) | ભારતીય શાસ્ત્રીય સંગીત (સમૂહ 2)<br>(વૈકલ્પિક) ગણિત (સમૂહ 4) |
| **વાણિજ્ય અભ્યાસક્રમ-સંયોજનો** | |
| **સંયોજન 1** | **સંયોજન 2** |
| હિન્દી, અંગ્રેજી | બંગાળી, અંગ્રેજી |
| બિઝનેસ સ્ટડીઝ, નામું, અર્થશાસ્ત્ર (સમૂહ 3) | બિઝનેસ સ્ટડીઝ, નામું (સમૂહ 3) |
| વ્યાવસાયિક ગણિત (સમૂહ 4) | વ્યાવસાયિક ગણિત (સમૂહ 4)<br>લલિત કલા (સમૂહ 2) |

**(f) મૂલ્યાંકન અને બોર્ડ પરીક્ષાઓ :**

i. વિદ્યાર્થીઓને અર્થપૂર્ણ અને પડકારજનક મૂલ્યાંકન પ્રક્રિયા દ્વારા **વિશ્લેષણાત્મક** (analytic) અને **સંશ્લેષણાત્મક** (synthetic) ઉચ્ચ સ્તરીય ક્ષમતાઓ વિકસાવવાની તકો આપવી જોઈએ.

ii. ધોરણ 10 ની બોર્ડ પરીક્ષાઓ **દરેક અભ્યાસક્રમ લક્ષ્યો** (Curricular Goals) અને નિયત કરેલ **ક્ષમતાઓ** (Competencies) પર આધારિત હોવી જોઈએ.

- કલા શિક્ષણ (Art Education), શારીરિક શિક્ષણ (Physical Education) અને વ્યાવસાયિક શિક્ષણ મૂલ્યાંકનો (Vocational Education) માટે સ્થાનિક કક્ષાએ મૂલ્યાંકનો (Local Assessment) કરવાની ભલામણ છે, જેને બોર્ડ પ્રમાણપત્ર (Board Certification) મળશે.

iii. ધોરણ 12 નું પ્રમાણપત્ર મેળવવા માટે વિદ્યાર્થીઓએ નીચેની **બોર્ડ પરીક્ષાઓ** પાસ કરવી જોઈએ.

1. ભાષા (Languages) વિષયોની 2 પરીક્ષાઓ
2. ઓછામાં ઓછા 2 સમૂહમાંથી 4 પરીક્ષાઓ (એક વધારાની વૈકલ્પિક પરીક્ષા સહિત)
3. જૂથ 2 ના વિષયો **(કલા શિક્ષણ, શારીરિક શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ)** માટે **સ્થાનિક મૂલ્યાંકનો** થશે, જેને **બોર્ડ પ્રમાણપત્ર** મળશે.

**(g) શાળાઓ અને પરીક્ષા બોર્ડ્ઝ માટેના અભિપ્રાયો :**

i. શાળાઓ અને પરીક્ષા બોર્ડ્ઝ આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (NCF)ના અમલીકરણની શરૂઆતથી જ ધોરણ 10 માટે તમામ દસ અભ્યાસક્રમ ક્ષેત્રોમાંથી વિષયોની પસંદગી કરવા અને તેમનું મૂલ્યાંકન કરવા માટે સજ્જ હોવાં જોઈએ.

ii. શાળાઓ અને પરીક્ષા બોર્ડ્ઝ આ NCFના અમલીકરણની શરૂઆતથી જ ધોરણ 11-12 માટે ઓછામાં ઓછી બે ભાષાઓ શીખવવા માટે તૈયાર હોવા જોઈએ.

iii. **વાસ્તવિક શિક્ષણના મૂલ્યાંકનમાં કોઈપણ સમાધાન વગર બધી બોર્ડ પરીક્ષાઓ** 'સરળ' બનવા તરફ વળવી જોઈએ, અને પરીક્ષાઓમાં **ગોખણપટ્ટી** (Rote Learning) ને બદલે **મૂળભૂત ખ્યાલો** (Basic Concepts) અને **ક્ષમતાઓ** (Competencies) પર ભાર મૂકાવો જોઈએ.

iv. શાળાઓ તાત્કાલિક ધોરણે સમૂહ 2, 3 અને 4 પૈકી ઓછામાં ઓછા બે સમૂહમાંથી વિષયોના વિકલ્પો ઉપલબ્ધ કરાવવા માટે તૈયાર હોવી જોઈએ. 5 વર્ષની અંદર, શાળાઓ ચારેય સમૂહમાંથી વિષયોના વિકલ્પો ઉપલબ્ધ કરાવવા તૈયાર હોવી જોઈએ. 10 વર્ષની અંદર, શાળાઓએ તમામ અભ્યાસક્રમ ક્ષેત્રોને આવરી લેતા અનેક વિષયોના વિકલ્પો ઉપલબ્ધ કરાવવા જોઈએ, અને વિદ્યાર્થીઓએ ચારેય સમૂહમાંથી વિષયોનો અભ્યાસ કરવો જોઈએ.

v. માધ્યમિક શિક્ષણ સ્તરને બે તબક્કામાં વિભાજિત કરવામાં આવ્યું છે - ધોરણ 9 અને 10, અને ધોરણ 11 અને 12. આવનાર 10 વર્ષની અંદર, તમામ શાળા પ્રણાલીઓએ એક એકીકૃત માધ્યમિક સ્તર તરફ આગળ વધવું જોઈએ, જ્યાં વિદ્યાર્થીઓને ધોરણ 9થી જ વિષયોની પસંદગી અને લવચીકતા મળે, જે હાલના ધોરણ 11 અને 12ના અભ્યાસક્રમ માળખા અનુસાર હોય. આ રીતે, માધ્યમિક સ્તરને તમામ અભ્યાસક્રમ ક્ષેત્રોમાં બહુવિષયક અધ્યયનનાં ચાર વર્ષ તરીકે રાષ્ટ્રીય શિક્ષણનીતિના દૃષ્ટિકોણને સાકાર કરવો.

vi. વાર્ષિક અને દ્વિવાર્ષિક પરીક્ષા પેટર્નમાં અભ્યાસની વર્તમાન પ્રથા સેમેસ્ટર અને/અથવા વાર્ષિક સ્વરૂપ તરફ વિકસિત થવી જોઈએ. આ અભ્યાસક્રમોની રચનામાં તેમજ વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ વિકલ્પોમાં વધુ લવચીકતા પ્રદાન કરશે.

vii. આવનાર **10 વર્ષના સમયગાળામાં,** વિવિધ રાજ્યોનાં **પરીક્ષા બોર્ડ મોડયુલર પરીક્ષાઓ** (modular examinations) દ્વારા પ્રમાણપત્ર આપવા તૈયાર હોવાં જોઈએ. પરીક્ષાઓ ચોક્કસ મર્યાદિત **વિષયવસ્તુની સામગ્રીનું પરીક્ષણ કરશે,** અને **શાળામાં અભ્યાસક્રમ પૂર્ણ થયા પછી તરત જ આ પરીક્ષા લેવામાં આવશે.** [રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020, 4.38]

## 1.5 રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાનાં કેટલાંક મહત્ત્વનાં ક્ષેત્રો :

રાષ્ટ્રીય અભઅયાસક્રમ માળખામાં વિશેષ પ્રાથમિકતા ધરાવતાં ક્ષેત્રોને મહત્ત્વ આપીને પ્રકાશિત કરવામાં આવ્યાં છે કારણ કે, ઘણી વાર આ ક્ષેત્રોને પૂરતું મહત્ત્વ મળતું નથી.

આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું કલા શિક્ષણ, શારીરિક શિક્ષણ અને સુખાકારી તેમજ વ્યાવસાયિક શિક્ષણ પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેમને મુખ્ય અભ્યાસક્રમનો હિસ્સો બનાવે છે. પર્યાવરણ શિક્ષણની આવશ્યકતાને પણ વ્યવસ્થિત રીતે ધ્યાનમાં લેવામાં આવી છે. આ ધ્યાન-કેન્દ્રિત-ક્ષેત્રો ભારતીય સંસ્કૃતિમાં અને ભારતીય જ્ઞાન પરંપરામાં (ભારતીય જ્ઞાન પ્રણાલીઓ સહિત) મૂળભૂત રીતે સ્થાપિત થવાનું પણ લક્ષ્ય ધરાવે છે.

### 1.5.1 કલા અને શારીરિક શિક્ષણ

આ NCFમાં કલા અને શારીરિક શિક્ષણને યોગ્ય મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ અભ્યાસક્રમ ક્ષેત્રોમાં પણ ચોક્કસ અભ્યાસક્રમ લક્ષ્યો અને અધ્યયનનાં ધોરણો નિર્ધારિત કરવામાં આવ્યાં છે, જેથી આ ક્ષેત્રોમાં અન્ય શાળાકીય વિષયોની જેમ જ ગંભીરતા અને અપેક્ષાઓ સાથે શિક્ષણ હાથ ધરવામાં આવે. વિદ્યાર્થીઓને સર્વાંગી શિક્ષણ આપવા માટે, તેમને માત્ર સહ-અભ્યાસક્રમ, અથવા, અતિરિક્ત-અભ્યાસક્રમ, પ્રવૃત્તિઓ તરીકે ન જોતાં, આ ક્ષેત્રોને મુખ્ય અભ્યાસક્રમના ભાગ તરીકે જોવાં મહત્ત્વપૂર્ણ છે.

a. કલા શિક્ષણનો ઉદ્દેશ કલાકૃતિઓની શોધ અને સર્જનમાં આનંદને પ્રોત્સાહિત કરવાનો છે, કલ્પના અને સર્જનાત્મકતાનો વિકાસ કરવાનો છે, તેમજ સહાનુભૂતિ અને સંવેદનશીલતા જન્માવી આપણી સંસ્કૃતિ પ્રત્યે પોતીકાપણાની ભાવના વિકસાવવાનો છે. કલાના સર્જન તેમજ કલાની કદર કરવાની પ્રક્રિયાઓને સમાન મહત્ત્વ આપવામાં આવે છે.

b. શારીરિક શિક્ષણનો હેતુ શારીરિક પ્રવૃત્તિઓ અને રમતગમત પ્રત્યે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો છે, શારીરિક પ્રવૃત્તિઓ અને રમતગમતમાં કુશળતાથી ભાગ લેવાની ક્ષમતાઓનો વિકાસ કરવાનો છે તેમજ સહનશીલતા સહાનુભૂતિ અને સહકારની ભાવનાનો વિકાસ કરવાનો છે. ભારત પાસે યોગની અમૂલ્ય પરંપરા છે, જે મન અને શરીરની સુખાકારી જાળવી રાખવા માટે એક સંપૂર્ણ, નીવડેલો અનુભવ છે. શારીરિક શિક્ષણ યોગ અને સમગ્ર માનસિક-શારીરિક સ્વાસ્થ્યને તેનું યોગ્ય સ્થાન આપે છે.

c. કલા અને શારીરિક શિક્ષણ માટેના અધ્યયન માનકોને (Learning Standards)ને સિદ્ધ કરવા (Nested Learning Standards) 'પેટા-અધ્યયન માનકો' તૈયાર કરવામાં આવ્યા છે. એમ સ્વીકારવામાં આવેલ છે કે, શાળાઓને હાલની પરિસ્થિતિ અનુસાર તૈયાર કરવામાં આવેલા માનકો પ્રાપ્ત કરવામાં સમય લાગશે. એટલે "અધ્યયન માનક-1" એ અંતિમ ધ્યેય તરીકે નક્કી કરવામાં આવેલ છે. સાથે સાથે તેના પેટા-અધ્યયનના માનાંક-2 તૈયાર કરવામાં આવ્યા છે, જે તમામ શાળાઓએ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (NCF)ના અમલીકરણની સાથે જ અને શરૂઆતથી પ્રાપ્ત કરી શકાય અને કરવા રહ્યાં.

d. કલા શિક્ષણ એ દશ્ય કલા, સંગીત, નૃત્ય અને ગતિશીલતા તેમજ રંગભૂમિનો પરિચય આપે છે. પાયાના તબક્કામાં, કલાઓ નાના બાળકોના સંવેદનશીલ, શારીરિક, સામાજિક-ભાવનાત્મક, સૌંદર્યાત્મક અને સાંસ્કૃતિક વિકાસમાં યોગદાન આપે છે. પ્રારંભિક તબક્કામાં, વિદ્યાર્થીઓ કલા બનાવવાની કુશળતાઓ વિકસાવે છે અને સ્થાનિક કલા પ્રકારો અને કલાકારો પ્રત્યે જિજ્ઞાસા વિકસાવે છે. મધ્યમ તબક્કામાં કલાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને તેમના પ્રદેશ અને ભારતના અન્ય ભાગોની કલાત્મક અને સાંસ્કૃતિક વિવિધતા પ્રત્યે કદર વિકસાવવામાં મદદ કરવાનો છે. માધ્યમિક તબક્કામાં વિદ્યાર્થીઓએ દશ્ય અને પ્રદર્શન કલાઓમાં વ્યાપક અમલીકરણની સંભાવનાઓ વિશે જાગરૂકતા વિકસાવવી જોઈએ.

e. **શારીરિક શિક્ષણ :** પાયાના તબક્કા (Foundational Stage)માં, શારીરિક શિક્ષણનું મુખ્ય ધ્યાન વિશાળ અને સૂક્ષ્મ સંચલન કુશળતાઓ (Motor Skills)ના વિકાસ પર હોય છે, **જે મુક્ત રમતો** દ્વારા વિકસાવવામાં આવે છે.

પ્રારંભિક તબક્કામાં (Preparatory Stage)માં, **સ્થાનિક રમતોનો પરિચય** આપવામાં આવે અને તેમાં પણ કડક નિયમો ન રાખતાં રમતની સ્વાભાવિક પ્રવાહિતાને જાળવવામાં આવે.

મધ્યમ સ્તરે (Middle Stage), શારીરિક શિક્ષણ વધુ **રમતના નિયત કરેલ સત્રો અને કુશળતા વિકાસ** તરફ આગળ વધે.

માધ્યમિક સ્તરે (Secondary Stage), વિદ્યાર્થીઓને **ચીવટપૂર્વક પસંદ કરેલા ખાસ ખેલકૂદ ક્ષેત્રોમાં ઊંડાણપૂર્વક તાલીમ મેળવવા માટે તકો** આપવામાં આવે.

આ તમામ સ્તરોમાં **યોગ જેવી પ્રવૃત્તિઓ અને આરોગ્યદાયક જીવનશૈલી તથા પોષણ વિષયક જ્ઞાન દ્વારા મન-શરીરની સુખાકારી** (Mind-Body Wellness)ને પ્રોત્સાહિત કરવામાં આવે.

f. **મૂલ્યાંકન :** આ ક્ષેત્રોમાં કાર્યક્ષમતા આધારિત (Performance-based) મૂલ્યાંકન કરવું, જેમાં **વિસ્તૃત નિરીક્ષણ અને વિદ્યાર્થી પોર્ટફોલિયોઝ** સહિત વિવિધ પ્રકારના મૂલ્યાંકન સાધનોનો ઉપયોગ જરૂરી બને.

g. **વિશેષ સમય :** માધ્યમિક સ્તરના સમયપત્રકમાં (સામાન્ય રીતે રમત માટે ગોઠવાતા) અંતિમ પીરિયડને, **વિદ્યાર્થીઓને પોતાનાં મનપસંદ કલા કે રમતગમત પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે વૈકલ્પિક (વધારાના) સમયમાં રૂપાંતરિત કરવાની ભલામણ** કરવામાં આવેલ છે.

આ પ્રવૃત્તિઓ માટે **સ્થાનિક કલાકારો, હસ્તકલાના કારીગરો અને ખેલાડીઓ શાળાઓમાં વિદ્યાર્થીઓ સાથે જોડાઈ શકે,** જેથી તેમના વિશાળ અનુભવોનો લાભ વિદ્યાર્થીઓને મળી શકે – જેમાં **શાળાઓ વચ્ચે આંતરિક રમતોની સ્પર્ધાઓ, ક્લબ પ્રવૃત્તિઓ અને અન્ય આંતરશાળાકીય કાર્યક્રમોમાં ભાગ લેવા માટે પ્રેરણા મળે.**

1.5.2 **વ્યાવસાયિક શિક્ષણ** :

**ભારતીય રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP 2020)** એ શાળાકીય શિક્ષણને એવું બનાવવાનું લક્ષ્ય ધરાવે છે કે જે માત્ર પુસ્તકીયા જ્ઞાન સુધી સીમિત ન રહીને, વિદ્યાર્થીઓને **આજીવિકા માટે ઉપયોગી કુશળતાઓ અને કાર્યક્ષમતા** પણ પ્રદાન કરે. શિક્ષણ દ્વારા વિકસિત થયેલ કૌશલ્યો વિદ્યાથીઓને તેમના કુટુંબના ઉત્પાદક સભ્યો બનવામાં મદદ કરશે તેમજ તેમને સમાજ અને અર્થતંત્રમાં સક્રિય યોગદાન આપવા સક્ષમ બનાવશે. આથી, રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (NCF) મુજબનું શિક્ષણ એ રાષ્ટ્રીય શિક્ષણનીતિનો અનિવાર્ય ભાગ છે.

**વ્યાવસાયિક શિક્ષણનું મહત્ત્વ અને અભિગમ** :

a. વ્યાવસાયિક શિક્ષણના અભ્યાસક્રમ દ્વારા, વિદ્યાર્થીઓ મુખ્ય ત્રણ ક્ષેત્રોમાં કૌશલ્યો વિકસાવશે.

- જીવિત સાથેનું કાર્ય (જેમ કે, કૃષિ, પશુપાલન)

- યંત્રો અને સામગ્રી સાથેનું કાર્ય (જેમ કે, ઉત્પાદન, તકનિકી કાર્ય)
- માનવ સેવા કે સેવાભાવી ક્ષેત્રમાં કાર્ય (જેમ કે, શિક્ષણ, આરોગ્ય સેવાઓ)

b. પ્રારંભિક અને મધ્યમ શૈક્ષણિક તબક્કામાં અભ્યાસક્રમ આ ત્રણેય પ્રકારના કાર્યક્ષેત્રમાં પાયાગત કૌશલ્યો વિકસાવવા પર ભાર મુકાશે આ કૌશલ્યો ન કેવળ વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના કાર્ય માટે તૈયાર કરે છે, પરંતુ તેઓ અર્થતંત્રના પ્રાથમિક તબક્કામાં (ખેતી) માધ્યમિક તબક્કામાં (ઉત્પાદન અને સેવા) ક્ષેત્રોમાં વ્યાવસાયિક ક્ષમતાઓનો પાયો પણ નાખે છે, જે વિદ્યાર્થીઓને આર્થિક વિકાસમાં યોગદાન ઉપલબ્ધ કરાવવા સક્ષમ બનાવે છે.

**વ્યાવસાયિક શિક્ષણનું આયોજન અને અમલીકરણ :**

a. માધ્યમિક શિક્ષણના ચાર વર્ષના તબક્કામાં, પ્રથમ બે વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓમાં એવા સાર્વત્રિક કૌશલ્યો વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જે કોઈપણ વ્યવસાયમાં ઉપયોગી થાય. ત્યારબાદનાં છેલ્લાં બે વર્ષોમાં, વિદ્યાર્થીઓને તેમની રુચિ અનુસાર ચોક્કસ વ્યવસાયોમાં વિશેષ સજ્જતા પ્રાપ્ત કરવાની તક આપવામાં આવશે.

b. વ્યાવસાયિક શિક્ષણની વિષયવસ્તુ શક્ય તેટલી સ્થાનિક પરિસ્થિતિ અને જરૂરિયાતો સાથે સુસંગત હોવી જોઈએ, જે વિદ્યાર્થીઓની મહત્ત્વાકાંક્ષાઓને પણ અનુરૂપ હોય. માધ્યમિક તબક્કામાં, અધ્યયન માનકો રાષ્ટ્રીય કૌશલ્ય યોગ્યતા માળખા (NSQF)ના સ્તરો સાથે સુસંગત હોવાં જોઈએ, જેથી વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત કૌશલ્યો મેળવી શકે.

c. વ્યાવસાયિક શિક્ષણમાં શ્રમના ગૌરવ પ્રત્યે આદરભાવ વિકસાવવો અત્યંત મહત્ત્વપૂર્ણ છે. અધ્યાપન પદ્ધતિઓમાં, બનાવવું અને માનસિક કાર્યો (વિચારવાનું) એમ બંને પાસાંઓ વચ્ચે યોગ્ય સંતુલન જળવાવું જોઈએ. વ્યાવસાયિક કૌશલ્યોના વિકાસ માટે કાર્યશાળાઓ અને પ્રોજેક્ટસ અત્યંત અસરકારક પદ્ધતિઓ છે. સલામતીનાં તમામ પાસાંઓને ધ્યાનમાં રાખીને, વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ અને એપ્રેન્ટિસશિપ (તાલીમાર્થી તરીકે સક્રિય કામ) માટે પ્રોત્સાહિત કરવા જોઈએ, જેથી તેઓને વાસ્તવિક કાર્યક્ષેત્રનો અનુભવ મળે.

d. શૈક્ષણિક પદ્ધતિ એવી હોવી જોઈએ કે જેમાં **હસ્તકામ** (Making) **અને વિચારશક્તિ** (Thinking) વચ્ચે સંતુલન હોય, જેથી શિક્ષણ માત્ર સિદ્ધાંતાત્મક ન રહી જાય, પણ વ્યવહારૂ બને. **વર્કશોપ્સ, પ્રોજેક્ટ આધારિત શિક્ષણ તેમજ ઇન્ટર્નશિપ અને એપ્રેન્ટિસશિપ જેવા કાર્યક્રમો** દ્વારા **સુરક્ષા માપદંડોનું સંપૂર્ણ પાલન** કરતાં કરતાં આ બાબતો સફળતાપૂર્વક શીખવી શકાય છે.

આ રીતે ભારતીય શિક્ષણનીતિના દૃષ્ટિકોણ મુજબ વ્યાવસાયિક શિક્ષણ વિદ્યાર્થીઓને **આજીવિકા, આત્મનિર્ભરતા અને સમાજ માટે મૂલ્યસભર યોગદાન આપનાર નાગરિક** બનાવવામાં મદદ કરશે.

e. વ્યાવસાયિક શિક્ષણમાં મૂલ્યાંકન પદ્ધતિઓ વ્યાપક અને સર્વગ્રાહી હોવી જોઈએ. વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન માત્ર લેખિત પરીક્ષાઓ દ્વારા નહીં, પરંતુ નિરીક્ષણ, વિદ્યાર્થીઓના કાર્યોનો સંગ્રહ (પોર્ટફોલિયો) અને પ્રાયોગિક પરિયોજનાઓ (પ્રોજેક્ટ્સ) દ્વારા કરાવું જોઈએ. આ મૂલ્યાંકન પ્રક્રિયામાં માત્ર તકનિકી ક્ષમતાઓ અને વ્યાવહારિક કૌશલ્યોનું જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓમાં વિકસિત થયેલાં મૂલ્યો, નૈતિક દૃષ્ટિકોણ અને સકારાત્મક વલણોનું પણ મૂલ્યાંકન કરાવું જોઈએ. આ સમગ્રલક્ષી અભિગમ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહિત કરશે અને તેમને વ્યવસાયમાં સફળતા અપાવશે. તદુપરાંત સમાજમાં જવાબદાર નાગરિક તરીકે પણ વિકસવામાં મદદ કરશે.

### 1.5.3 પર્યાવરણ શિક્ષણ : આધુનિક સંદર્ભમાં મહત્ત્વ

21મી સદીના સૌથી મોટા પડકારોમાંનો એક પડકાર કુદરતી પર્યાવરણનું સંરક્ષણ છે. માત્ર માનવીય દૃષ્ટિકોણથી જોઈએ તો પણ, પર્યાવરણનો થતો બગાડ ન્યાય અને સમાનતાનો ગંભીર પ્રશ્ન બની જાય છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP) 2020 આ પડકારને ઓળખે છે, અને તેના માટે અર્થપૂર્ણ શૈક્ષણિક પ્રતિસાદની આવશ્યકતા પર ભાર મૂકે છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) એવાં જ્ઞાન, ક્ષમતાઓ, મૂલ્યો અને વલણોના વિકાસને યોગ્ય મહત્ત્વ આપે છે, જે વિદ્યાર્થીઓમાં પર્યાવરણીય જાગૃતિ વિકસાવે અને તેમને પર્યાવરણની દૃષ્ટિએ ટકાઉ રીતે કાર્ય કરવાની ક્ષમતા પ્રદાન કરે.

## આંતરશાખાકીય અભિગમનું મહત્ત્વ :

વિદ્યાર્થીઓમાં આંતરશાખાકીય વિચારસરણી (Interdisciplinary Thinking) વિકસાવવી અત્યંત આવશ્યક છે, કારણ કે વાસ્તવિક જીવનની મોટાભાગની સમસ્યાઓ માટે વિવિધ વિષયોના સંકલિત અભિગમ દ્વારા ઉકેલ શોધવાની જરૂર હોય છે. પર્યાવરણીય અધોગતિ અને આબોહવા પરિવર્તન જેવી ગંભીર સમસ્યાઓને સમજવા અને તેનો યોગ્ય પ્રતિસાદ આપવા માટે પણ આવી આંતરશાખાકીય વિચારસરણીની આવશ્યકતા છે. આ કારણે, NCF ધોરણ 9 અને 10માં આંતરશાખાકીય ક્ષેત્રોમાં શિક્ષણના એક મહત્ત્વપૂર્ણ ભાગ તરીકે પર્યાવરણ શિક્ષણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે.

આ અભિગમ વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક, સામાજિક, આર્થિક અને નૈતિક પાસાંઓને સાંકળીને પર્યાવરણીય પડકારોને સમગ્રપણે સમજવા અને તેના ઉકેલ માટે નવીન વિચારસરણી વિકસાવવામાં મદદ કરશે.

1.5.3 **પર્યાવરણ શિક્ષણ : ભારતીય સંદર્ભમાં અભિગમ અને પદ્ધતિઓ**

**પ્રાચીન જ્ઞાન અને આધુનિક પડકારોનું સંકલન :**

અ. ભારતમાં પ્રકૃતિ અને માનવજીવન વચ્ચેના અતૂટ સંબંધને સમજવાની સમૃદ્ધ પરંપરા રહી છે, પરંતુ આધુનિક જીવનશૈલીના કારણે કુદરતી પર્યાવરણ અને માનવજીવન વચ્ચેનું સંતુલન ખોરવાયું છે. આદર્શ પરિસ્થિતિમાં, પ્રાચીન જ્ઞાન અને આધુનિક વિજ્ઞાન બંનેને સાંકળીને વર્તમાન પર્યાવરણીય પડકારોના ટકાઉ ઉકેલો શોધવા જોઈએ. પર્યાવરણ શિક્ષણ આ દિશામાં એક મહત્ત્વપૂર્ણ કદમ છે. વિવિધ વિષયક્ષેત્રોથી જ્ઞાન મેળવીને, વિદ્યાર્થીઓ માનવ-પ્રકૃતિ સંતુલનની સૂક્ષ્મતાઓ અને જટિલતાઓને સમજશે, તેમજ સામાજિક અને વ્યક્તિગત સ્તરે લેવાતા નિર્ણયોની પર્યાવરણ પર થતી અસરો અને તેની આડઅસરોનું મૂલ્યાંકન કરતાં શીખશે.

**પર્યાવરણ શિક્ષણના મુખ્ય ઉદ્દેશો :**

બ. પર્યાવરણ શિક્ષણના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે :

- i. **પર્યાવરણીય સાક્ષરતાનો સુદૃઢ પાયો નાખવો :** વિદ્યાર્થીઓમાં પર્યાવરણીય સાક્ષરતા વિકસાવવી, જેમાં પારિસ્થિતિક, સામાજિક, આર્થિક અને રાજકીય પરિબળો વચ્ચેના આંતરસંબંધોને સમજવાની ક્ષમતા સમાવિષ્ટ છે.
- ii. **કુદરતી પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ વલણનો વિકાસ :** પ્રાચીન ભારતીય પરંપરાઓ અને પ્રથાઓ, ભારતીય બંધારણ, તેમજ આધુનિક માનવ પ્રવૃત્તિઓની પર્યાવરણ પરની અસરો અંગેના વૈજ્ઞાનિક સંશોધનોના આધારે કુદરતી પર્યાવરણ પ્રત્યે સહાનુભૂતિપૂર્ણ અને જવાબદાર વલણ વિકસાવવું.
- iii. **ક્રિયાશીલ માનસિકતા કેળવવી :** વિદ્યાર્થીઓમાં એવી માનસિકતા અને કૌશલ્યો વિકસાવવા કે જેનાથી તેઓ પર્યાવરણ સંરક્ષણના કાર્યોમાં સક્રિય યોગદાન આપી શકે. આ માટે તેમને એ સમજ વિકસાવવી જરૂરી છે કે સામાજિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે લેવાતાં પગલાંઓ માનવ અને પ્રકૃતિ વચ્ચેના સંતુલનને પુનઃસ્થાપિત કરવામાં અને આપણા ગ્રહને બચાવવામાં કેવી રીતે મદદરૂપ થઈ શકે.

**વિવિધ શિક્ષણ તબક્કાઓમાં પર્યાવરણ શિક્ષણનો અભિગમ :**

ક. **પાયાનો તબક્કો (ધોરણ ૧-૨) :** આ તબક્કામાં, પ્રકૃતિમાં સમય વિતાવવો એ શિક્ષણ પદ્ધતિનો અભિન્ન ભાગ છે. બાળકોને વનસ્પતિઓ, પ્રાણીઓ, કીટકો અને પક્ષીઓનું નિરીક્ષણ કરવા અને તેમની સાથે સંવેદનશીલતાપૂર્વક આંતરક્રિયા કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. વાર્તાઓ, કવિતાઓ અને ગીતોમાં પર્યાવરણના તત્ત્વો અને પ્રકૃતિ પ્રત્યેની પ્રશંસાનો સમાવેશ કરવામાં આવે છે.

ડ. **પ્રારંભિક તબકક્કો (ધોરણ ૩-૫) :** 'આપણી આસપાસની દુનિયા' વિષયના અભ્યાસ દ્વારા, વિદ્યાર્થીઓ માનવ સમાજ અને કુદરતી પર્યાવરણ વચ્ચેની પારસ્પરિક નિર્ભરતાને સમજવાનું શરૂ કરે છે.

ઈ. **મધ્યમ તબક્કો (ધોરણ ૬-૮) :** આ તબક્કામાં, પર્યાવરણ સંબંધિત સંકલ્પનાઓને વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમમાં સંકલિત કરવામાં આવે છે. પ્રાકૃતિક જગત અને માનવીય વિશ્વ વચ્ચેની આંતરક્રિયાઓને વૈજ્ઞાનિક અને સામાજિક વૈજ્ઞાનિક અન્વેષણના મોડેલ્સ દ્વારા સમજવામાં આવે છે.

ફ. **માધ્યમિક સ્તરની (ધોરણ ૯ અને ૧૦) :** આ તબક્કામાં, પર્યાવરણ શિક્ષણનું સ્થાન આંતરવિષયક ક્ષેત્રોમાં (Interdisciplinary Areas) રાખવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓ પર્યાવરણ શિક્ષણને માત્ર વિજ્ઞાન કે સામાજિક વિજ્ઞાનના દૃષ્ટિકોણથી નહીં, પણ સામાજિક-પર્યાવરણીય દૃષ્ટિકોણથી (Social-Ecological Perspective) જોવાનું શીખશે.

તેઓમાં તર્કશક્તિ અને ચર્ચા કરવાની ક્ષમતા વિકસાવવામાં આવશે, જેમાં નૈતિક અને નીતિગત પરિબળોની સમજ પણ સામેલ હશે.

વિદ્યાર્થીઓ આ ક્ષમતાઓનો ઉપયોગ પર્યાવરણના સંરક્ષણ અને રક્ષણ અંગેના ચર્ચા-વિવાદના પરિપ્રેક્ષ્યમાં કરશે - જ્યાં તેઓ પર્યાવરણીય અને હવામાન પ્રક્રિયાઓ અંગે વિજ્ઞાનમાંથી મળેલી સમજ સાથે સાથે, ન્યાય, સમાનતા અને માનવીય કલ્યાણ અંગે સામાજિક વિજ્ઞાનમાંથી મળેલી દૃષ્ટિઓને પણ એકીકૃત રીતે ઉપયોગમાં લેશે.

આ રીતે, તેઓ પર્યાવરણ સંબંધિત મુદ્દાઓને વધુ ઊંડાણપૂર્વક અને સહાનુભૂતિપૂર્વક સમજવા અને વિશ્લેષણ કરવા માટે સજ્જ બનશે.

**ભારતીય મૂલ્યો અને ગૌરવ :**

આપણો દેશ વિવિધ સ્થાનિક સમુદાયોમાં અને તેમની વચ્ચે વૈવિધ્યસભર પરંપરાઓ સાથે સમૃદ્ધ સાંસ્કૃતિક અને સંસ્કારજન્ય વારસો ધરાવે છે. આજનું સમકાલીન ભારત પણ એટલું જ જીવંત છે, અને આધુનિક વિશ્વમાં પોતાનું આગવું સ્થાન લઈ રહ્યું છે. આપણો દેશ સાહિત્યથી ગણિત, તત્વજ્ઞાનથી કલા, વ્યાકરણથી ખગોળશાસ્ત્ર, પર્યાવરણશાસ્ત્રથી આયુર્વેદ, વાસ્તુશાસ્ત્રથી કૃષિવિજ્ઞાન, નીતિશાસ્ત્રથી રાજ્યવ્યવસ્થા, હસ્તકલાથી પ્રૌદ્યોગિકી, મનોવિજ્ઞાનથી રાજનીતિ, સાહિત્યથી સંગીત અને અર્થશાસ્ત્રથી શિક્ષણશાસ્ત્ર સુધીના વિવિધ શિક્ષણક્ષેત્રો અને વિદ્યાશાખાઓમાં ઊંડા જ્ઞાન અને વિસ્તૃત અભ્યાસનું કેન્દ્ર રહ્યો છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની ભલામણ અનુસાર આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) ભારતીય સંદર્ભ, ભારતીય ચિંતન અને ભારતીય જ્ઞાન તથા જ્ઞાન પ્રણાલીઓમાં ઊંડાં અને દૃઢ મૂળિયાં ધરાવે છે, જે નીચેની રીતે જોવા મળે છે. NCFમાં નીચે મુજબના વિષયો સામેલ કરેલ છે.

## ભારતની મૂળગામિતા

### 1.5.4 ભારતનાં મૂળતત્ત્વ અને ગૌરવ (Rootedness and Pride in India)

a. **શિક્ષણની સર્વાંગી દૃષ્ટિ :**

આ NCF (રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું) **ભારતની પ્રાચીન વિરાસતથી લઈને આધુનિક વિચારો** સુધીની શિક્ષણની સર્વાંગી દૃષ્ટિ અને ધ્યેયો દ્વારા પ્રેરિત છે. આ અભિગમ શિક્ષણને માત્ર જ્ઞાનનો સંગ્રહ નહીં પરંતુ ચારિત્ર્ય નિર્માણ અને સર્જનાત્મકતાનો વિકાસ માને છે.

b. **ભારતીય જ્ઞાનમીમાંસા (Epistemology) :**

ભારતીય ચિંતન પરંપરાઓ **જ્ઞાનના સ્રોતો** અને **જ્ઞાન-નિર્માણની પ્રક્રિયા**ની ઊંડી દૃષ્ટિ આપે છે. NCF આ વૈવિધ્યપૂર્ણ દૃષ્ટિકોણને આધુનિક શિક્ષણ સાથે જોડે છે.

c. **ગુરુ-શિષ્ય પરંપરા અને સંવાદ :**

- **ગુરુ-શિષ્ય પરંપરા** શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના **આત્મીય સંબંધ**ને શિક્ષણનો આધાર માને છે.
- **સંવાદ અને શાસ્ત્રાર્થ** (વિવાદ)ની પરંપરા સત્યની શોધ માટેનું સાધન છે, જે આજે પણ **વિવેચનાત્મક વિચારસરણી**ને પ્રોત્સાહન આપે છે.

d. **સ્થાનિક સંસાધનોનો ઉપયોગ :**

- **સ્થાનિક ભાષાઓ, લોકપ્રથાઓ, ઇતિહાસ, પર્યાવરણ** અને સ્થાનિક નિષ્ણાતોને શિક્ષણનો ભાગ બનાવવા. જે NCFમાં સ્પષ્ટ રીતે નિર્દેશિત છે.
- **ઉદાહરણ :** ગ્રામીણ કલાકારો દ્વારા શિલ્પકલા-શિક્ષણ, સ્થાનિક ઇતિહાસની કથાઓ દ્વારા સામાજિક સુગ્રથિતતાનું શિક્ષણ.

e. **ભારતીય યોગદાનથી ગૌરવ અને શિક્ષણની સમૃદ્ધિ :**

- **પર્યાવરણ શિક્ષણ** ભારતની **પ્રકૃતિ-સંરક્ષણ પરંપરાઓ** જેવી કે, **વૃક્ષપૂજા,જળ-સંચય** વિગેરેથી સમૃદ્ધ બને.
- **નીતિશાસ્ત્ર** ભારતીય સિદ્ધાંતો જેમ કે **'અહિંસા', 'સર્વધર્મ સમભાવ'** પર આધારિત છે.

f. **માતા પિતા અને સમુદાયની ભાગીદારી :**

- **શિક્ષણમાં પરિવાર અને સમુદાયની સક્રિય ભૂમિકા** ભારતીય પરંપરાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.
- ઉદાહરણ : **સ્થાનિક ઉત્સવો, લોકકળાઓ** અને **સામુદાયિક શિક્ષણ કાર્યક્રમો** દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ.

## 1.6 અન્ય અભ્યાસક્રમ ક્ષેત્રો :

અભ્યાસક્રમ આઠ વિષય-ક્ષેત્રોમાં વહેંચાયેલો હોવા છતાં, આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (NCF)નો અભિગમ સુનિશ્ચિત કરે છે કે 'વિજ્ઞાન' અને 'કલા' વચ્ચે, વિવિધ 'પ્રવાહો' જેમ કે, 'વ્યાવસાયિક' અને 'શૈક્ષણિક' વચ્ચે, તેમજ 'અભ્યાસક્રમ' અને 'સહ-અભ્યાસક્રમ' પ્રવૃત્તિઓ વચ્ચે કોઈ જડ વિભાજન રહે નહિ. અગાઉના વિભાગમાં કલા શિક્ષણ, શારીરિક શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ અને આંતરવિદ્યાકીય ક્ષેત્રોમાં શિક્ષણ (પર્યાવરણ શિક્ષણ સહિત)નો સંક્ષિપ્ત સારાંશ રજૂ કરવામાં આવ્યો હતો. આ તમામ ક્ષેત્રોને અભ્યાસક્રમના ભાગ રૂપે આવશ્યક મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ વિભાગમાં, અન્ય અભ્યાસક્રમ ક્ષેત્રોની મુખ્ય વિશેષતાઓ સંક્ષેપમાં રજૂ કરવામાં આવી છે.

### 1.6.1 **ભાષા શિક્ષણ** :

a. ભારતના સમૃદ્ધ બહુભાષી વારસાને ભાષા-શિક્ષણ અભ્યાસક્રમમાં યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે. અભ્યાસક્રમનો ઉદ્દેશ વિદ્યાર્થીઓ 15 વર્ષની વય (ધોરણ 10) સુધીમાં ત્રણ ભાષાઓમાં શૈક્ષણિક સ્તરે પ્રાવીણ્ય કેળવે તેમ છે. આ ત્રણ ભાષાઓમાંથી ઓછામાં ઓછી બે ભાષાઓ ભારતીય મૂળની હોવી જોઈએ. ભારતની ઓછામાં ઓછી એક મૂળ ભાષાનો અભ્યાસ સાહિત્ય સ્તરે કરવામાં આવશે.

b. ધોરણ 12 સુધીના તમામ વિદ્યાર્થીઓને શિક્ષણના માધ્યમ તરીકે ઓછામાં ઓછી એક ભારતીય ભાષાનો વિકલ્પ આપવામાં આવશે.

c. જે ભાષામાં શાળામાં સૌ પ્રથમ સાક્ષરતા હાંસલ કરવામાં આવે (R1) તે વિદ્યાર્થીને સૌથી વધુ પરિચિત ભાષા હોવી જોઈએ. સામાન્ય રીતે, આ વિદ્યાર્થીની માતૃભાષા અથવા આસપાસના વિસ્તારમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતી ભાષા હોય તે આવશ્યક છે.

d. જ્યાં સુધી વિદ્યાર્થી બીજી ભાષામાં પૂરતી સાક્ષરતા પ્રાપ્ત ન કરે, ત્યાં સુધી **બીજા વિષયોના શિક્ષણ માટે પણ R1 ભાષાનો અભ્યાસ-માધ્યમ તરીકે ઉપયોગ કરવો જોઈએ.**

e. ધોરણ 11 અને 12માં **ઓછામાં ઓછી બે ભાષાઓનું અધ્યયન ફરજિયાત હશે,** જેમાંથી **ઓછામાં ઓછી એક ભારતીય ભાષા હોવી આવશ્યક છે.**

f. આ તમામ ભાષાઓમાં ભાષા-શિક્ષણનો ઉદ્દેશ માત્ર મૌખિક અને લેખિત કૌશલ્ય જ નહીં હોય. વિદ્યાર્થીઓએ આ ભાષાઓમાં અસરકારક સંદેશાવ્યવહાર, ચર્ચા અને લેખન કૌશલ્યો વિકસાવવાં જોઈએ. સાથે-સાથે સાહિત્યિક રસાસ્વાદ અને ભાષાના સર્જનાત્મક ઉપયોગની ક્ષમતા પણ કેળવવી જોઈએ.

g. ભાષા શીખવી એ સંસ્કૃતિ શીખવા સમાન છે. ભાષા શિક્ષણનો ઉદ્દેશ વિદ્યાર્થીને ભારતના ભાષાકીય વારસા અને સંસ્કૃતિમાં સંપૂર્ણપણે સામેલ થવા અને ભાગ લેવા સક્ષમ બનાવવાનો છે, જેમાં ભારતનું સમૃદ્ધ લેખિત અને મૌખિક સાહિત્ય, જેમ કે, વાર્તાઓ, કવિતાઓ, ગીતો, મહાકાવ્યો, નાટકો, ચિત્રપટો અને અન્ય સાહિત્યિક સ્વરૂપોનો સક્રિય સંલગ્નતા દ્વારા સમાવેશ થાય છે.

h. વાંચન પ્રત્યે આજીવન રુચિ વિકસાવવી એ ભાષા શિક્ષણમાં એક મહત્ત્વપૂર્ણ અભ્યાસક્રમ-લક્ષ્ય છે. આ લક્ષ્યને સિદ્ધ કરવામાં ગ્રંથાલય સંસાધનોનો ઉપયોગ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

i. શિક્ષણ પદ્ધતિઓમાં ડિજિટલ સાક્ષરતા (Digital Literacy) અને ગહન વાંચન (Deep Reading) પર ભાર મૂકવામાં આવ્યો છે, જે 'ધ્યાનના ત્રેવડપૂર્વકના ઉપયોગ' (Attention Economy)ના સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ છે.

**1.6.2 ગણિત શિક્ષણ** :

a. ગણિત-શિક્ષણ વિદ્યાર્થીઓ અને સમાજ માટે વૈશ્વિક સ્તરે પહેલાં કરતાં વધુ મહત્ત્વપૂર્ણ બન્યું છે. ગણિત અને કૃત્રિમ બુદ્ધિમત્તા(AI), મશીન લર્નિંગ, ડેટા સાયન્સ, આબોહવા મોડેલિંગ, માળખાકીય વિકાસ અને અન્ય અનેક સંબંધિત વૈજ્ઞાનિક પડકારો જેનો ભારત અને વિશ્વના તમામ દેશો આજે સામનો કરી રહ્યા છે, તે બધાં સાથેનો ગાઢ સંબંધ ગણિતને શાળાશિક્ષણનું વિશેષ મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર બનાવે છે.

b. ગણિત-શિક્ષણનો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓમાં માત્ર પાયાની સંખ્યાત્મક ક્ષમતા, ગાણિતિક વિચારસરણી અને સમસ્યા ઉકેલની ક્ષમતાઓનો વિકાસ કરવાનું જ લક્ષ્ય રાખતો નથી, પરંતુ તે આનંદ, આશ્ચર્ય અને જિજ્ઞાસાને પોષવાનો તેમજ પેટર્ન ઓળખવાની અને ગાણિતિક સિદ્ધાંતો સમજવાની તેમજ ગાણિતિક વિચારોની સુંદરતા અને ખૂબીઓ પ્રશંસવાની ક્ષમતાનો વિકાસ પણ કરવા માંગે છે, અને સાથે જ આજે વ્યાપકપણે પ્રચલિત ગણિતના ભયને દૂર કરવાનો પ્રયાસ કરે છે.

c. પાયાના તબક્કામાં, પાયાની સંખ્યાત્મક ક્ષમતા (એટલે કે, ભારતીય અંકોની સમજ, તેમના સરવાળા અને બાદબાકી, બિન-પ્રમાણિત સાધનોનો ઉપયોગ કરીને પાયાના આકારો અને માપની સમજ અને રમત દ્વારા પ્રારંભિક ગાણિતિક વિચારસરણી) પ્રાપ્ત કરવી એ ગણિત-શિક્ષણનું મુખ્ય ધ્યેય છે.

d. પ્રારંભિક તબક્કામાં, જ્યારે ધ્યાન-સંખ્યાઓની વૈચારિક સમજ, ચાર મૂળભૂત ગાણિતિક ક્રિયાઓ-આકારો અને અવકાશી સમજ, માપ (પ્રમાણિત સાધનો અને એકમો) અને માહિતી નિયંત્રણ પર કેન્દ્રિત હોય છે, ત્યારે તેનો ઉદ્દેશ રોજિંદા જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પદ્ધતિસરની કુશળતા અને ગાણિતિક તેમજ સંગણકીય વિચારસરણીની ક્ષમતાઓ વિકસાવવાનો છે.

e. મધ્ય તબક્કામાં, પ્રારંભિક તબક્કામાં શીખેલા કેટલાક ખ્યાલોને વ્યાપકપણે લાગુ કરવા માટે તેમને અમૂર્ત રૂપે સમજવા પર ભાર મૂકવામાં આવે છે. ખાસ કરીને, આ તબક્કે બીજગણિતનો પરિચય આપવામાં આવે છે, જેના માધ્યમથી વિદ્યાર્થીઓ (ઉદાહરણ તરીકે, પેટર્ન સમજવા, વિસ્તૃતીકરણ કરવા અને સામાન્યીકરણ કરવા) માટે નિયમો બનાવવામાં સક્ષમ બને છે. વધુ અમૂર્ત ભૌમિતિક ખ્યાલોનો પણ આ તબક્કે પરિચય કરાવવામાં આવે છે, અને સમસ્યાઓ તથા કોયડાઓના ઉકેલ માટે બીજગણિત સાથેના સંબંધોની તપાસ કરવામાં આવે છે.

f. માધ્યમિક તબક્કો : તાર્કિક વિચારસરણી દ્વારા દાવાઓ અને દલીલોને ન્યાયી ઠેરવવાની ક્ષમતાને વધુ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વિદ્યાર્થીઓ અમૂર્તતા અને ગણિત તેમજ સંગણકીય વિચારસરણીની અન્ય મુખ્ય પદ્ધતિઓ સાથે કામ કરવામાં પારંગત બને છે, જેમ કે, ઘટનાઓનું ગાણિતિક મોડેલિંગ અને સમસ્યાઓના ઉકેલ માટે એલ્ગોરિધમનો ઉપયોગ.

g. ભારતમાં ગણિતનો અત્યંત સમૃદ્ધ ઇતિહાસ છે, જે વૈદિક કાળથી લઈને આધુનિક યુગ સુધી હજારો વર્ષો સુધી વિસ્તરેલો છે. ભારતમાં તેમજ વિશ્વભરમાં ગણિતના વિકાસ વિશે અભ્યાસ કરવાથી ભારતીય મૂળિયાની સભાનતા વધારી શકાય છે; સાથે સાથે ગણિતના ઇતિહાસની વધુ સામાન્ય સમજ અને સમય સાથે ગાણિતિક સિદ્ધાંતોના અદ્ભુત ઉત્ક્રાંતિ અને વિકાસ તેમજ વિકાસમાં ભારતની મહત્ત્વપૂર્ણ ભૂમિકાની પ્રશંસા પણ વધારી શકાય છે.

### 1.6.3 વિજ્ઞાન શિક્ષણ (Science Education)

a. વિજ્ઞાન-શિક્ષણમાં વૈજ્ઞાનિક અન્વેષણ માટેની ક્ષમતાઓ અને વિજ્ઞાનના સિદ્ધાંતો નિયમો તથા નિયમિતતાઓની સૈદ્ધાંતિક સમજ - બંનેને સમાન મહત્ત્વ આપવામાં આવે છે. આ ક્ષમતાઓ અને સંકલ્પનાઓ થકી વિદ્યાર્થીઓ ભૌતિક અને પ્રાકૃતિક જગતની કાર્યપ્રણાલી વિશે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

b. વૈજ્ઞાનિક જ્ઞાનમાં અભૂતપૂર્વ વૃદ્ધિ થઈ છે પરંતુ આ સમગ્ર જ્ઞાનને શાળાના અભ્યાસક્રમમાં સમાવવાનો પ્રયાસ, જ્યાં સમય અને અવકાશ મર્યાદિત છે, તે વિદ્યાર્થીઓ પર અનાવશ્યક બોજરૂપ બને છે. આથી, વિજ્ઞાનશિક્ષણ માટે પાયાની અને અતિ આવશ્યક વિષયવસ્તુની પસંદગી કરવામાં આવે છે, જેથી વૈજ્ઞાનિક અન્વેષણ માટેની મહત્ત્વપૂર્ણ ક્ષમતાઓ જેવી કે પ્રશ્નો રચવા, અવલોકન કરવું, પરિકલ્પના રચવી, પ્રયોગો કરવા, તર્ક કરવો, આગાહીઓ કરવી અને માહિતીનું વિશ્લેષણ કરવા જેવી ક્ષમતાઓ વિકસાવવા માટે પૂરતો સમય અને અવકાશ મળી રહે.

c. પાયાના તબક્કે (ફાઉન્ડેશનલ સ્ટેજ) વિજ્ઞાન શિક્ષણ બાળકના જ્ઞાનાત્મક વિકાસના ભાગરૂપે શરૂ થાય છે. અવલોકન અને તાર્કિક ચિંતન દ્વારા જગતને સમજવું એ આ તબક્કાનું મહત્ત્વપૂર્ણ અભ્યાસક્રમીય લક્ષ્ય છે.

d. પ્રારંભિક તબક્કો : આસપાસનું વિશ્વ, વિષયના અભ્યાસ દ્વારા આંતરવિદ્યાશાખાકીય પદ્ધતિથી પ્રાપ્ત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને તેમના તાત્કાલિક પરિવેશમાં (સામાજિક અને ભૌતિક બંને) પ્રશ્નો પૂછવા, નિરીક્ષણ કરવા, પ્રયોગશીલતા કરવા, જોડાણો શોધવા, વિશ્લેષણ કરવા અને ઘટનાઓનું સ્પષ્ટીકરણ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે - જેના થકી તેઓ વૈજ્ઞાનિક પદ્ધતિના પાયાના સિદ્ધાંતો સ્વયં શોધી શકશે.

e. મધ્ય તબક્કે (મિડલ સ્ટેજ) વિજ્ઞાન-શિક્ષણ વિદ્યાર્થીઓના મૂર્ત અનુભવોના વૈજ્ઞાનિક અન્વેષણ પર કેન્દ્રિત થાય છે. તેઓ ઘટનાઓને મોડેલિંગ અને વિશ્લેષણ કરવા માટે ગણિતિક અને આકૃતિયુક્ત રજૂઆતોનો ઉપયોગ કરવાનું શરૂ કરે છે. વૈજ્ઞાનિક સિદ્ધાંતોના ઉદ્‌ભવ અને વિકાસ સાથે જોડાવા વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક જ્ઞાનની પ્રકૃતિ અને વૈજ્ઞાનિક અન્વેષણની પદ્ધતિઓનું મહત્ત્વ સમજવાનું શરૂ કરે છે. વિદ્યાર્થીઓ તેમની સમજને અસરકારક રીતે સંકલિત કરવાની ક્ષમતા પણ વિકસાવે છે.

f. માધ્યમિક તબક્કાના (સેકન્ડરી સ્ટેજ) ધોરણ 9 અને 10માં જીવવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને ભૂવિજ્ઞાનના વિષયોમાં વધુ અમૂર્ત વૈજ્ઞાનિક સિદ્ધાંતો અને વૈચારિક માળખાઓનો વધતી પદ્ધતિ શાસ્ત્રીય સૂક્ષ્મતા સાથે પરિચય કરાવવામાં આવે છે, તેમજ આ વિષયોના એકબીજા સાથેના અને અન્ય વિષયો સાથેના આંતરસંબંધો પણ સમજાવવામાં આવે છે.

g. ધોરણ 11 અને 12માં વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષય અંતર્ગત જીવવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને ભૂવિજ્ઞાન, ખગોળ વિજ્ઞાન જેવા વિશિષ્ટ વિષયો પસંદ કરી શકે છે. આ રીતે તેઓ આ વિષયોમાં વધુ ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકે છે અને તે વિષયોને લગતા સિદ્ધાંતો, નિયમો, નિયમિતતાઓ, સંકલ્પનાઓ અને અન્વેષણની પદ્ધતિઓ સાથે સંલગ્ન થઈ શકે છે.

h. મધ્ય અને માધ્યમિક તબક્કે, વિદ્યાર્થીઓ વિજ્ઞાન, ટેક્નોલોજી અને સમાજ વચ્ચેના સંબંધોનું પણ અન્વેષણ કરે છે. તેઓ પ્રાચીનકાળથી આધુનિક સમય સુધીના વિજ્ઞાનના ઇતિહાસને અને વિજ્ઞાનના સમગ્ર ક્ષેત્રમાં ભારતના યોગદાનને સમજે છે અને તેનું મૂલ્યાંકન કરે છે.

### 1.6.4 **સામાજિક વિજ્ઞાન શિક્ષણ** :

a. શિક્ષણ ક્ષેત્રમાં સામાજિક વિજ્ઞાન એ માનવસમાજોનો વ્યવસ્થિત અને પદ્ધતિસરનો અભ્યાસ છે જે વ્યક્તિ અને સમાજ વચ્ચેના વિવિધ સામાજિક સંસ્થાઓ અને સંગઠનો વચ્ચેના સંબંધોની ઊંડી તપાસ કરે છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (NCF)માં, સામાજિક વિજ્ઞાન, શબ્દનો વ્યાપ વધારીને તેમાં માનવીય શાખાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં ભૂતકાળ અને વર્તમાનમાં માનવ, સમાજ, સંસ્કૃતિ, વિચારધારાઓ, સર્જનાત્મક અભિવ્યક્તિઓ, સામાજિક વિકાસ અને માનવીય ક્રિયાઓનો ગુણાત્મક અભ્યાસ સામેલ છે.

b. શૈક્ષણિક ધ્યેય તરીકે, સામાજિક વિજ્ઞાન-શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને તેમના પોતાના સમાજની જીવંત વાસ્તવિકતાઓથી પરિચિત કરાવવાનો છે. આમાં તેમના સમાજના સભ્યોની જીવનશૈલી, આંતરક્રિયાઓ, વર્તણૂંક, ખાનપાન, ભાષા અને અભિવ્યક્તિનાં માધ્યમો, સાંસ્કૃતિક પરંપરાઓ, પહેરવેશ અને સામાજિક આકાંક્ષાઓનો અભ્યાસ સામેલ છે. આ પ્રકારનું શિક્ષણ વિદ્યાર્થીઓને સમાજના સક્રિય અને સમજદાર સભ્યો બનવા માટે સક્ષમ બનાવે છે.

c. સામાજિક વિજ્ઞાન-શિક્ષણનું એક મહત્ત્વપૂર્ણ પરિમાણ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક ગૌરવની ભાવના વિકસાવવાનું છે. આ અભિગમ વિદ્યાર્થીઓને વારસાગત મૂલ્યો પ્રત્યે આદરભાવ વિકસાવવાની સાથે સાથે ભવિષ્યલક્ષી દૃષ્ટિકોણ પણ આપે છે, જેથી તેઓ વ્યક્તિગત, સામાજિક અને રાષ્ટ્રીય સ્તરે સતત સુધારા માટે પ્રતિબદ્ધ બને.

d. શૈક્ષણિક અભિગમની દૃષ્ટિએ, સામાજિક વિજ્ઞાનનો અભ્યાસ આંતરવિદ્યાકીય પરિપ્રેક્ષ્ય વિકસાવવા પર ભાર મૂકે છે, જે વિષય-આધારિત જ્ઞાનમાં મજબૂત પાયો ધરાવે છે. આ સમગ્રલક્ષી અભિગમ વિદ્યાર્થીઓને તેમની સામાજિક પ્રક્રિયાઓને સંપૂર્ણતામાં સમજવાની ક્ષમતા વિકસાવવામાં મદદ કરે છે. તે તેમને જટિલ સામાજિક પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવા અને સમજપૂર્વકના નિર્ણયો લેવા સક્ષમ બનાવે છે.

e. શિક્ષણના પ્રારંભિક તબક્કામાં, વિદ્યાર્થીઓ, 'આપણી આસપાસનું વિશ્વ' નામના આંતરવિદ્યાકીય વિષય દ્વારા તેમના સ્થાનિક પર્યાવરણના સંદર્ભમાં સમાજનો અભ્યાસ કરે છે. આ વયગાળામાં અમૂર્ત સામાજિક સંકલ્પનાઓને સરળ અને અનુભવજન્ય રીતે રજૂ કરવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓ તેમના દૈનિક જીવનમાંથી તેમની સાથે સંબંધો જોડી શકે.

f. શિક્ષણના મધ્ય તબક્કામાં, સામાજિક વિજ્ઞાન એક સ્વતંત્ર શાળાકીય વિષય તરીકે ઉભરે છે, જેમાં અભ્યાસક્રમ સામગ્રી વિષયવસ્તુ આધારિત થીમ મુજબ ગોઠવવામાં આવે છે. દરેક થીમનો અભ્યાસ એકીકૃત દૃષ્ટિકોણથી કરવામાં આવે છે, જે ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવા વિષયોની સીમાઓ ઓળંગીને વિદ્યાર્થીઓની સમગ્રલક્ષી સમજ વિકસાવવામાં મદદ કરે છે. ઇતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર તેમજ મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, માનવશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર જેવા સંબંધિત વિષયોનો સમન્વિત દૃષ્ટિકોણથી અભ્યાસ કરવામાં આવે છે. આ ઉપરાંત, દરેક વિષયવસ્તુનો અભ્યાસ સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે કરવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓને સામાજિક ઘટનાઓની બહુસ્તરીય સમજ પ્રાપ્ત થાય.

g. શૈક્ષણિક પદ્ધતિના દૃષ્ટિકોણથી, માધ્યમિક તબક્કાના ધોરણ ૯ અને ૧૦માં વિદ્યાર્થીઓ ઇતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનો અલગ અલગ વિષયો તરીકે અભ્યાસ કરે છે, પરંતુ તેની

સાથે સાથે અભ્યાસક્રમમાં એક સંકલિત દૃષ્ટિકોણ પણ અપનાવવામાં આવે છે. આ પદ્ધતિ હેઠળ, એક જ સંકલ્પનાને વિભિન્ન વિષયોના પરિપ્રેક્ષ્યથી સમજવાનો પ્રયાસ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, પર્યાવરણીય સમસ્યાઓને ભૂગોળની દૃષ્ટિએ, અર્થશાસ્ત્રના સંદર્ભમાં, રાજકીય નીતિઓના આધારે અને ઐતિહાસિક વિકાસના સંદર્ભમાં સમજાવવામાં આવે છે. આ સંકલિત અભિગમ વિદ્યાર્થીઓમાં વિષયના વિશિષ્ટ ઊંડાણની સાથે આંતરવિદ્યાકીય સમજ વિકસાવે છે.

h. ઉચ્ચ માધ્યમિક શિક્ષણના ધોરણ ૧૧ અને ૧૨માં સામાજિક વિજ્ઞાન વિદ્યાર્થીઓ માટે પસંદગી-આધારિત વિકલ્પ બની જાય છે. આ તબક્કે, વિદ્યાર્થીઓ પોતાની અને ભવિષ્યની કારકિર્દીની આકાંક્ષાઓને અનુરૂપ, ઇતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને માનવવિજ્ઞાન જેવા સામાજિક વિજ્ઞાનોમાંથી કોઈપણ એક વિષય ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે પસંદ કરી શકે છે. આ શિક્ષણપદ્ધતિ વિદ્યાર્થીઓને તેમના પસંદગીના ક્ષેત્રમાં વિશેષ સજ્જતા હાંસલ કરવાની તક આપે છે.

i. શૈક્ષણિક ઉદ્દેશોની દૃષ્ટિએ, સામાજિક વિજ્ઞાન શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં નીચેનાં કૌશલ્યો અને સમજ વિકસાવવા સક્ષમ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવે છે.

(1) સમાજનાં કાર્યો અને વિકાસની સમજણ - જેમાં માનવ સભ્યતાઓમાં સાતત્ય અને પરિવર્તનની પ્રક્રિયા, પ્રકૃતિ અને માનવ વચ્ચેનું પરસ્પર અવલંબન, વિવિધતામાં એકતાની ભાવના અને સમય સાથે સામાજિક, રાજકીય તેમજ આર્થિક સંસ્થાઓમાં થતાં પરિવર્તનોની સમજ વિકસાવવી. આ જ્ઞાન વિદ્યાર્થીઓને સામાજિક ગતિશીલતાને સમજવા અને સામાજિક પ્રક્રિયાઓમાં સક્રિય ભાગીદારી માટે તૈયાર કરે છે.

(2) સામાજિક વિજ્ઞાનમાં સંશોધન કૌશલ્યો વિકસાવવાં - જેમાં વિવિધ સ્રોતોમાંથી માહિતી એકત્રિત કરવી, તેની ચકાસણી કરવી, ક્રોસ-વેલિડેશન કરવું, સર્જનાત્મક અને આલોચનાત્મક વિચારસરણી કેળવવી, ઉપલબ્ધ પુરાવા પર આધારિત તાર્કિક નિષ્કર્ષો કાઢવા અને સમકાલીન સામાજિક સમસ્યાઓના ઉકેલ માટે પ્રસ્તાવો રજૂ કરવાની ક્ષમતા વિકસાવવી. આ કૌશલ્યો વિદ્યાર્થીઓને જવાબદાર નાગરિક તરીકે વિકસવામાં મદદરૂપ થાય છે.

j. શૈક્ષણિક દૃષ્ટિકોણથી, સામાજિક વિજ્ઞાનનો સમગ્ર અભ્યાસક્રમ ભારતીય વારસાની મજબૂત આધારશિલા પર રચાયેલો છે. સ્થાનિકથી લઈને રાષ્ટ્રીય સ્તર સુધીની સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક ગતિશીલતાને સમજવા ઉપરાંત વિદ્યાર્થીઓ પ્રાચીનકાળથી આધુનિક સમય સુધી સામાજિક વિજ્ઞાનનાં વિવિધ પાસાંઓમાં ભારતના અમૂલ્ય યોગદાનને પણ સમજતા થયા છે. આ અભિગમ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ગૌરવની ભાવના જગાડવા સાથે વૈશ્વિક સામાજિક વિકાસમાં ભારતના યોગદાનનું મહત્ત્વ સમજાવે છે.

## ... શાળા સંસ્કૃતિ અને પ્રક્રિયાઓ ...

## 1.7 શાળા સંસ્કૃતિ અને પ્રક્રિયાઓ

શાળા સંસ્કૃતિ અને પ્રક્રિયાઓનો વિદ્યાર્થીઓના અધ્યયન પર પ્રત્યક્ષ અને નોંધપાત્ર પ્રભાવ પડે છે. આથી, શિક્ષણના ઉદ્દેશો હાંસલ કરવા માટે તેમનું વ્યવસ્થિત અને કાળજીપૂર્વક દરકાર કરવી અને ઘડતર કરવું આવશ્યક છે.

### 1.7.1 **શાળા સંસ્કૃતિ** :

શાળા સંસ્કૃતિ બે મહત્ત્વપૂર્ણ રીતે અધ્યયનને પ્રભાવિત કરે છે. પ્રથમ, તે તમામ વિદ્યાર્થીઓ માટે અસરકારક અધ્યયનલક્ષી વાતાવરણ પ્રદાન કરે છે. બીજું, તેનો મૂલ્યો અને વલણોના વિકાસ પર નોંધપાત્ર પ્રભાવ પડે છે.

### 1.7.1 **શાળા સંસ્કૃતિ (School Culture)** :

(a) શાળા સંસ્કૃતિમાં બે મુખ્ય પાસાંઓનો સમાવેશ થાય છે :

1. **મૂલ્યો, માન્યતાઓ અને નીતિઓ :** જે શાળાની સંસ્કૃતિના મજબૂત પાયા તરીકે કાર્ય કરે છે.
2. **વર્તન, સંબંધો અને અમલમાં આવતી પ્રક્રિયાઓ :** જે સંસ્કૃતિને જાગૃત અને અનુભૂતિયોગ્ય બનાવે છે.

આ બંને પાસાંઓ - સંસ્કૃતિના તત્ત્વો અને તેનાં પ્રગટ સ્વરૂપો - **એકબીજા સાથે ઊંડે સુધી જોડાયેલાં હોય છે.**

વિદ્યાર્થીઓ શાળામાં જે વર્તન અને વ્યવહારનો અનુભવ કરે છે, તેમાંથી તેઓ શીખે છે અને તેનો તેમના પર સીધો અસરકારક પ્રભાવ પડે છે.

(b) શાળા સંસ્કૃતિનાં આ પ્રગટ સ્વરૂપો મુખ્યત્વે ત્રણ શ્રેણીમાં જોવા મળે છે :

1. **શાળાના સભ્યો વચ્ચેના સંબંધો**
2. **શાળામાં પ્રદર્શિત પ્રતીકો,** જેમને વિશેષ આદર આપવામાં આવે છે અને તેમના દ્વારા મૂલ્યો પ્રતિબિંબિત થાય છે.
3. **શાળાની વ્યવસ્થાઓ અને દૈનિક પ્રવૃત્તિઓ**

વિદ્યાર્થીઓ માટે એક **સક્રિય શીખવાના વાતાવરણ અને ઈચ્છનીય મૂલ્યો તેમજ મનોદશાઓના વિકાસ** માટે આ ત્રણેય પાસાંઓમાં **સુસંગત અને વિચારપૂર્વકના પ્રયાસો દ્વારા પરિવર્તન લાવવું જરૂરી છે.**

(c) શિક્ષણના નિર્ધારિત લક્ષ્યો હાંસલ કરવા માટે શાળા સંસ્કૃતિના તત્ત્વોમાં નીચે જણાવેલ લક્ષણો હોવાં આવશ્યક છે.

1. **સંબંધો :** શાળામાં તમામ સંબંધો પરસ્પર **વિશ્વાસ, સન્માન, ખુલ્લાપણું, સંવાદ, સહયોગ** તેમજ **સંભાળવા અને જવાબદારીની ભાવના** પર આધારિત હોવા જોઈએ

2. **પ્રતીકો અને ચિહ્નો :** શાળામાં ઉપયોગમાં લેવાતા ચિહ્નો અને પ્રતીકોમાં વિચારપૂર્વક **ઈચ્છનીય મૂલ્યો અને મનોદશાઓ**ની ઉજવણી અને પ્રશંસા થવી જોઈએ.

3. **શાળાની વ્યવસ્થા અને પ્રક્રિયાઓ :** શાળાની તમામ વ્યવસ્થાઓ અને પ્રવૃત્તિઓ જેમ કે **વર્ગખંડની પ્રથા, પ્રાર્થનાસભા, ભોજન વ્યવસ્થા, કાર્યોની વહેંચણી, રમતગમત પ્રવૃત્તિઓ અને માતાપિતા તથા સમુદાય સાથેનો સંવાદ** - બધામાં **શાળાનાં કેન્દ્રીય મૂલ્યો પ્રતિબિંબિત થવાં જોઈએ.**

આ રીતે શાળા-સંસ્કૃતિ માત્ર નીતિઓમાં નહીં, પણ રોજિંદા જીવંત અનુભવમાં પણ વિદ્યાર્થીઓને શીખવા માટેનું બળ પૂરું પાડે છે.

## 1.8 સહાયક પર્યાવરણનું સર્જન :

આ NCF (રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા) તેના અમલીકરણ માટે જરૂરી પર્યાવરણ પર સંક્ષિપ્તમાં સ્પર્શ કરે છે. આ બાબતો અન્ય સંબંધિત દસ્તાવેજો અને વિવિધ મંચોમાં વિગતવાર આવરી લેવામાં આવશે.

### 1.8.1 અમલીકરણ માટે ક્ષમતા-નિર્માણ

આ NCF ના અસરકારક અમલીકરણ માટે તમામ હિતધારકોનો ઝડપી અને વ્યવસ્થિત ક્ષમતા વિકાસ જરૂરી છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે :

- **શિક્ષકો, સુપરવાઇઝર, આચાર્યો**
- **અભ્યાસક્રમ અને શિક્ષણ સામગ્રી (TLM) બનાવનારાઓ**
- **તાલીમી શિક્ષકો (Trainee Teachers)**
- **શિક્ષણ વ્યવસ્થાના અન્ય કર્મચારીઓ**

**માતા-પિતા અને સમુદાય સભ્યો**ને પણ આ NCF સાથે પરિચિત કરવા જરૂરી પગલાં લેવાશે.

**ક્ષમતા-નિર્માણનાં મુખ્ય આયામો** :

1. **શિક્ષકો અને શિક્ષણાધિકારીઓ માટે :**
   - NCF ના દિશાસૂચક સિદ્ધાંતો પર વિશેષ પ્રશિક્ષણ કાર્યક્રમો યોજવા.
   - નવી શિક્ષણ પદ્ધતિઓ અને મૂલ્યાંકન પ્રણાલીઓમાં પ્રશિક્ષણ આપવું.

2. **અભ્યાસક્રમ અને શિક્ષણ સાધનો માટે :**
   - NCF અનુસાર અભ્યાસક્રમ અને શિક્ષણ સામગ્રીનું સંશોધન-કાર્ય ગતિવંત રાખવું.
3. **માતા-પિતા અને સમુદાય જાગરૂકતા :**
   - શાળા સ્તરે સભાઓ અને કાર્યશાળાઓ દ્વારા NCFના લાભો અને ફેરફારોની માહિતી આપવી.
4. **સતત આધાર પ્રણાલી :**
   - ઓનલાઇન સંસાધનો માર્ગદર્શિકાઓ અને હેલ્પડેસ્ક સેવાઓની સુવિધા પૂરી પાડવી.

**મહત્ત્વ :** આ પ્રક્રિયા સહયોગી, સતત અને સમગ્ર હોવી જોઈએ, જેથી શિક્ષણ પ્રણાલીમાં સ્થાયી સુધારો થઈ શકે. એસસીઇઆરટી જેવી સંસ્થાઓ દ્વારા આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (NCF)ને અમલમાં મૂકવા માટે યોગ્ય કાર્યક્રમો ઘડવા અને અમલમાં લાવવા જોઈએ. ખાસ કરીને શિક્ષકો માટે આ એનસીએફને વર્ગખંડમાં વાસ્તવિક સ્વરૂપ આપવા માટે સઘન તાલીમ કાર્યક્રમોની જરૂર પડશે.

**અધ્યયન માટે યોગ્ય પર્યાવરણ સુનિશ્ચિત કરવું (Ensuring an Appropriate Environment for Learning)**

શાળાઓ એવા સ્થળે હોવી જોઈએ **જે વિદ્યાર્થીઓને શાળામાં આવવા પ્રોત્સાહિત કરે, અને જ્યાં તેઓ ખુશીથી શાળાએ આવે.** આ માટે શાળાઓ **સુરક્ષિત અને સલામત વાતાવરણ** ધરાવતી હોવી જોઈએ.

શાળાઓમાં **શિક્ષકો માટે પણ સહાયક વાતાવરણ** હોવું જોઈએ, જ્યાં તેમની શૈક્ષણિક અને વ્યવહારુ જરૂરિયાતોને સમજવામાં આવે અને તેમની મદદ કરવામાં આવે.

**આધારભૂત માળખાકીય સુવિધાઓની ગુણવત્તા, પૂર્તતા અને તેની નિયમિત જાળવણી** એ ઘણીવાર **શાળાની છાપ ઊભી કરવામાં** - ખાસ કરીને **માતાપિતાઓ અને સમુદાયના દૃષ્ટિકોણથી** ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

(a) **બાહ્ય માળખાકીય સુવિધાઓ**માં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ :
   - બાઉન્ડરી કંપાઉન્ડ વોલ,
   - શાળાનું મુખ્ય મકાન,
   - મુક્ત જગ્યા, જ્યાં બાળકો રમે અને સભાઓ યોજાય,
   - વૃક્ષો અને વનસ્પતિ,
   - સમાવેશી શાળા **જે દરેક બાળક માટે શાળામાં પ્રવેશ અને શિક્ષણકાર્યમાં સહભાગી થવામાં સુવિધા** પૂરી પાડે.

(b) **આંતરિક માળખાકીય સુવિધાઓ**માં નીચેનાં પાસાંઓ આવશ્યક છે :
   - સ્વચ્છ વિશાળ અને હવા-ઉજાસવાળા વર્ગખંડો,

- પુસ્તકાલયો અને વિજ્ઞાન પ્રયોગશાળાઓ,
- ભોજન માટે યોગ્ય ખંડ અને ફિલ્ટરવાળા શુદ્ધ પાણીની સુવિધાઓ,
- સ્વચ્છ શૌચાલયો,
- અર્ધ ખુલ્લા અને છાયાવાળાં સ્થાનો,
- સતત પાણી અને વીજળીની ઉપલબ્ધતા.

(c) શાળાની તમામ માળખાકીય સુવિધાઓ એવી હોવી જોઈએ કે જે **સુરક્ષા અને સમાવેશીપણું (Safety and inclusion)** બંનેની ખાતરી આપે – એટલે કે, દરેક વિદ્યાર્થી માટે શાળા **સુરક્ષિત અને સમાન અવસર આપતી જગ્યા** બની રહે.

### 1.8.3 શિક્ષકોને પ્રોત્સાહિત અને સક્ષમ બનાવવા

શિક્ષકો તમામ શૈક્ષણિક સુધારાના મશાલચી બનવા જોઈએ, આથી શિક્ષકોને દરેક શક્ય માધ્યમથી સક્ષમ અને પ્રેરિત કરવા જોઈએ. શિક્ષકોની સહભાગીતા અને પ્રેરણા માટેના કેટલાક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ આ મુજબ છે.

**a. શિક્ષક સ્વાયત્તતા અને જવાબદારી :**

શિક્ષકો પાસે વર્ગખંડની વાસ્તવિક પરિસ્થિતિને અનુરૂપ શ્રેષ્ઠ શૈક્ષણિક નિર્ણયો લેવાની સ્વતંત્રતા હોવી જોઈએ. જેથી શિક્ષણના ઉદ્દેશ સફળતાપૂર્વક પ્રાપ્ત કરી શકાય. આ માટે તેમને ઉત્તમ અધ્યયન-અધ્યાપન સામગ્રી, સાનુકૂળ ભૌતિક વાતાવરણ અને નિયમિત વ્યાવસાયિક વિકાસની તકો પૂરી પાડવી જોઈએ. આ સ્વાયત્તતાની સાથે શિક્ષકોએ જવાબદારી પણ નિભાવવી જોઈએ, એ સમજીને કે શિક્ષણ ક્ષેત્રમાં જવાબદારી એક બહુઆયામી વિષય છે.

**b. શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ (PTR) :**

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સહભાગીતા અને સિદ્ધિને પ્રોત્સાહિત કરવા માટે શાળાઓમાં યોગ્ય શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ (PTR) જાળવવો અનિવાર્ય છે.

**c. શિક્ષક વ્યાવસાયિક વિકાસનું મહત્ત્વ (TPD) :**

શિક્ષણ પ્રણાલીનું એક અત્યંત મહત્ત્વપૂર્ણ અંગ છે, જે સતત શિક્ષક વ્યાવસાયિક વિકાસ (TPD) ગુણવત્તા-સુધારણા સુનિશ્ચિત કરે છે, અને આ નવા અભ્યાસક્રમ માળખાના અસરકારક અમલીકરણમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

**d. શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાઓનું આમૂલ પરિવર્તન :**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં દર્શાવ્યા અનુસાર, આ NCFના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સેવા-શિક્ષક પ્રશિક્ષણ પ્રણાલીમાં આમૂલ પરિવર્તન લાવવામાં આવશે. આ NCF સાથે સંકળાયેલ શિક્ષક શિક્ષણ માટેનું રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF-TE) ટૂંક સમયમાં પ્રકાશિત કરવામાં આવશે.

**e. મુખ્ય શિક્ષકો અને આચાર્યોની અગ્રણી ભૂમિકા :**

મુખ્ય શિક્ષકો અને શાળા આચાર્યોની તેમની શાળાના શૈક્ષણિક વાતાવરણ અને શૈક્ષણિક પદ્ધતિઓને નિર્ધારિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે, જે આ અભ્યાસક્રમ માળખાના ઉચ્ચ ગુણવત્તાયુક્ત અમલીકરણ માટે અનિવાર્ય છે.

**f. શિક્ષણ વ્યવસ્થાના અધિકારીઓની પ્રતિબદ્ધતા :**

શિક્ષણ-વ્યવસ્થાના શૈક્ષણિક અને વહીવટી પદાધિકારીઓએ આ અભ્યાસક્રમ માળખાના સફળ અમલીકરણ માટે તેની મૂળભૂત ભાવના અને દૃષ્ટિને સંપૂર્ણપણે આત્મસાત કરવી આવશ્યક છે.

## 1.9 સમુદાય અને પરિવારની સક્રિય સહભાગીતા

બાળકોના સર્વાંગી શિક્ષણ અને સંતુલિત ઉછેર માટે, વાલીઓ અને સમાજની સક્રિય ભાગીદારી અત્યંત આવશ્યક છે. વાલીઓ અને સમુદાયને વિવિધ આયામોમાં, જેવા કે અભિમુખતા કાર્યક્રમો, નિયમિત વાલી-શિક્ષક સભાઓ અને સુદૃઢ શૈક્ષણિક દૃષ્ટિકોણ નિર્માણ માટે સતત સંવાદો દ્વારા સભાનતાપૂર્વક અને પદ્ધતિસર રીતે જોડવા જોઈએ.

વાલીઓ અને સમુદાયના સભ્યો વિશેષ જ્ઞાન ધરાવતા સંસાધન વ્યક્તિઓ તરીકે પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. શાળા વ્યવસ્થાપન સમિતિઓ (SMCs) શિક્ષણ વ્યવસ્થાનું ઔપચારિક અંગ છે, અને શાળાના સર્વાંગી વિકાસમાં સક્રિય ભૂમિકા ભજવવા માટે આ સમિતિઓને સુદૃઢ અને પ્રોત્સાહિત કરવી જોઈએ.

: ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર :

## School Automation System

- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- વિદ્યાર્થીની ફી ના તમામ રિપોર્ટ
- ફોટો કેપ્ચરિંગ/ આઈ કાર્ડ
- પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- **નવીન સેમેસ્ટર સિસ્ટમ પદ્ધતિ**
- કર્મચારીઓની પગારની તમામ વિગત

**અમારા અન્ય સોફ્ટવેર**

- **OMR Solution (OMR Sheet Scanner)**
- સ્કૂલ એકાઉન્ટીંગ સિસ્ટમ
- ઇન્કમટેક્સ કેલ્ક્યુલેશન સિસ્ટમ
- લાઇબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ
- સ્કૂલ એડમિનિસ્ટ્રેટીવ ફોર્મ્સ(હાઉસઓફ ફોર્મ્સ માત્ર ૯૯૯/-)
- **Online Examination (MCQ) System**

**SMS Facility :** આ સુવિધાની મદદથી વિદ્યાર્થીના વાલીને સોફ્ટવેર દ્વારા ફી,હાજરી,જન્મદિવસ,તેમજ પરિણામ, ટેસ્ટને લગતા ઓટો જનરેટેડ તેમજ **Customized SMS** થઇ શકશે.

**OMR Solutions :**



- એક જ મીનીટ માં ૪૦ થી ૫૦ ઉત્તરવહીનું પરિણામ તૈયાર થઇ શકે છે. (Self assessment)
- શાળા પોતાની જરૂરિયાત મુજબ OMR Sheets જાતે તૈયાર કરી શકે છે અને જાતે પ્રિન્ટ કરી શકે છે.
- જો ઓછા પ્રશ્નોની પરીક્ષા લેવાની હોય તો OMR Sheet Half Pageની પ્રિન્ટ કરી શકાય છે.
- તૈયાર થયેલા પરિણામને Excel માં લઇ શકાય છે.(Export Facility)
- દરેક વિદ્યાર્થીના ઉત્તરપત્ર આપોઆપ તપાસાઈ જશે તેથી મૂલ્યાંકન કાર્યવાહી ઝડપી બનશે.

❖ ફિંગર પ્રિન્ટ એન્ડ ટાઈમ એટેન્ડન્સ સિસ્ટમ



* તમામ સરકારી/બિનસરકારી ઓફિસો કે શાળાઓ,બેંક છાત્રાલય વગેરે માટે આ સિસ્ટમની મદદથી કર્મચારીઓના ઓફિસમાં આવવા/જવાનો સમય આંગળી/અંગુઠાની મદદથી નોંધી શકાશે.ઓફીસ/શાળાનો સમય દિવસ તેમજ શીફ્ટ મુજબ સેટ કરી શકાશે.આ સિસ્ટમની મદદથી કર્મચારીઓની નિયમિતતાનો ખ્યાલ આવશે. છાત્રાલય:આ સિસ્ટમથી છાત્રાલયમાં બહારની કોઈપણ વ્યક્તિને પ્રવેશતી અટકાવી શકાશે.આ સિસ્ટમની મદદથી મસ્ટર, ડેઈલી ઇન-આઉટ, લેટ ઇન વગેરે જેવા ૪૫ રિપોર્ટ્સ પ્રિન્ટ કરી શકાશે.

❖ **Website Designing**

૨૭૦૦ થી પણ વધુ વેબસાઇટ અમારી દ્વારા તૈયાર કરાયેલ છે.

Unlimited Web Space
Right to Information Act ના પત્રકો, Annual Calender
All Details & History about schools with Photographs
All Details of Each Employee with Photographs
All Details of Each Trustee with Photographs
Toper List in board exam of 10th & 12th
Message from Principal ( Appeal )
Message from President or Managing Trustee ( Appeal )
Photographs of Activities & Function arranged in school.
Student Result , Presence, Fee Details
School Login For Upload Photos and Other Detail.

**WEBSITE**

## કોઈ પણ સોફ્ટવેર ખરીદતા પહેલા અમારા સોફ્ટવેરનો ડેમો અવશ્ય નિહારો

**Aum Imagineering Pvt. Ltd.**
602/603-A, Shapath-1, Opp.Rajpath Club
S.G.Highway, Ahmedabad – 380015, Gujarat(Ind)
(M) : 9825847773/7600001219
(Ph): 079 – 26870704, 079 – 40054004



**દિપકકુમાર પી પટેલ**
સારસ્વત સહ સંપાદકશ્રી



**અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી

સારસ્વત મિત્રો,
નમસ્કાર..

અમદાવાદમાં બનેલ ઘટનાથી આપ સૌ વાકેફ છો જ... સૌ પ્રથમ જે વિદ્યાર્થીનું દુ:ખદ અવસાન થયેલ છે તેના આત્માને પ્રભુ શાંતિ આપે .. અને ભવિષ્યમાં પણ આવી કોઈ ઘટના કોઈપણ જગ્યાએ ના બને તેવી પ્રભુને પ્રાર્થના કરીએ અને આપણે સૌ પણ આ બાબતે જરૂરી સાવચેતીના પગલાં બાબતે આયોજન કરી પેપર વર્ક ઉપર લઈ તેનો અમલ થાય તેનું મોનીટરીંગ પણ કરીએ તે ખૂબ જરૂરી છે...

આ વખતે નવું સત્ર શરૂ થયું ત્યાર પછી ગુજરાતમાં ઘણી જગ્યાએ નાના – મોટા બનાવ શાળામાં કે શાળા બહાર બન્યા છે તેવા સમાચાર મળેલ છે... આપણા સંઘે પણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓ અને વાલીઓ માટેની આચાર સંહિતા માટે પણ લખેલ છે જેના ઉપર હાલ કાર્ય ચાલુ જ છે.

આપણો આ અંક NEP ઉપર એક સ્પેશિયલ અંક બનેલ છે . અને તેના પાછળ ડો. નિરવભાઈ એ ખૂબ સમય કાઢી આપણ ને સરળ શબ્દોમાં સમજ પડે તે રીતે લખેલ છે તો આપણે સૌ સાચવી ને રાખી તેનો ઉપયોગ જરૂર કરીશું...

- આપણી વેબસાઈટ ઉપર દરેક જિલ્લામાં સારસ્વત મુખપત્રના તમામ સભ્યોની યાદી મુકેલ છે... તથા તમામ સારસ્વત મુખપત્રના અંક પણ મુકવામાં આવેલ છે...
- સારસ્વત મુખપત્રની મુકેલ સભ્યોની યાદીમાં સુધારો જે તે જિલ્લાના સારસ્વત મંત્રીને આપેલ પાસવર્ડથી સુધારો કરી શકે છે ..
- જે જિલ્લાએ કુરીયર માટેના સરનામા ગૃપ મુજબ આપ્યા છે તે પણ ઓનલાઈન જિલ્લા પ્રમાણે ગૃપ મુજબ મુકી દીધેલ છે... તેમાં પણ જે તે જિલ્લાના સારસ્વત મંત્રી સુધારો કરી શકે છે...
- જે ગૃપના સરનામે સારસ્વત મુખપત્ર આવે છે ત્યાંથી તમને મેસેજ મળે એટલે આપે તે મેળવી લેવું તે આપની ફરજ બને છે... અમને જાણવા મળેલ છે જે જગ્યાએ કુરીયર જાય છે ત્યાંથી મેસેજ કરવામાં આવ્યા પછી પણ ઘણા આચાર્ય મિત્રો સારસ્વત અંક મેળવી લેતા નથી અને લાંબા સમયે એવું થાય કે અમને તો અંક નિયમિત મળતા નથી... તો આપને વિનંતી કે નિયમિત અંક આપ મેળવી લેશો ..
- હજી પણ જો કોઈ જિલ્લામાં સારસ્વત મુખપત્રના સભ્ય બનવાના બાકી રહી ગયા હોય તો આપ આપના જિલ્લાના સારસ્વત મંત્રીનો સંપર્ક કરી નામ એડ કરાવી શકો છો...
- કલ્યાણનિધી યોજનામાં પણ જિલ્લાના દરેક ગ્રાન્ટેડ શાળાના આચાર્ય મિત્ર જોડાય તે માટે આપ સૌ આપના જિલ્લામાં આપની આસપાસની શાળામાં ફોન કરી જો આચાર્ય આ સુયોજનામાં ના જોડાયા હોય તો આપ સમજ આપી શાળાના આચાર્ય કલ્યાણનિધી યોજનામાં જોડાય તે માટે જરૂર પ્રયત્નો કરશો... આ એક સેવાનું કામ છે...
- દર બે મહિને શ્રી સારસ્વત મુખપત્ર જે બહાર પાડવામાં આવે છે તેમાં આપ સૌના પાસેથી લેખ મળે તેવી આશા રાખીએ છીએ... E-mail : ras.sarasvatdipakbhai@gmail.com મેલ ઉપર લેખ મોકલવા નમ્ર અરજ છે...

**આપના,**

**દિપકકુમાર પી પટેલ**
સારસ્વત સહ સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૪૨૭૩૧૧૯૩૯

**અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૯૭૪૫૨૫૩૩૨

# શિક્ષક દિને કોટી કોટી વંદન...



શિક્ષક સમાજનો ઘડવૈયો છે, રાષ્ટ્રની જનસંખ્યાનું સાચું, સર્વાંગી અને સમાજોપયોગી ઘડતર કરનારો હુન્નરી છે.
ચારિત્ર્ય સંસ્કારિતા અને રાષ્ટ્રપ્રેમ નાગરિકમાં રેડવાનું કાર્ય શિક્ષક કરે છે માટે જ તેને રાષ્ટ્રનો આધારસ્તંભ કહ્યો છે.
તે સાક્ષરતાની જ્યોત છે, પ્રકાશ છે, જ્ઞાન વિજ્ઞાનનો ભંડાર છે; શિક્ષક કર્મચારી નથી, આચાર્ય છે,
ગુરૂ છે, ભાવી નાગરિકોનું ઘડતર કરનાર શિલ્પી છે, સમાજનો સેવક છે.

રવાના :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧
મો. ૯૯૭૪૫૨૫૨૩૨

બુક-પોસ્ટ

પ્રતિ, શ્રી, ______________________

______________________

______________________

માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
તંત્રી, મુદ્રક, પ્રકાશક : જયપ્રકાશ પી. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.